RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 8, Year: 69, November, 2022, Pages: 52, Price Rs. 7.00



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ


# સશક્ત, સમૃધ્ધ ઝાલાવાડી સ્થા. જૈન સભાની વિકાસગાથા

## શ્રીમતી હંસાબેન આશકરણભાઈ શાહ સેનેટોરિયમ - માથેરાન




વિશાળ જગ્યા પર આકાશ અને ધરતીને, વૃક્ષોને તથા પર્ણોને,
વહેતી હવા અને પંખીઓના કલરવને...
પ્રકૃતિના તમામ રમ્ય રૂપોને માણવાનું મજાનું સ્થળ એટલે **માથેરાન...**
લાલ, ગોરાડુ પાંચ એકરની જમીન પર ફેલાયેલું આપણું
**માથેરાન સેનેટોરિયમ** અનેક વૃક્ષોથી આચ્છાદિત છે.
પ્રદૂષણ મુક્ત સ્વચ્છ હવા ને નિતાંત શાંતિની સુખદ્ અનુભૂતિ અહીં થાય છે.
ત્રણ વર્ષ બાદ ફરી નેરલથી થી માથેરાન વચ્ચે
**ટોય ટ્રેન** ચાલુ કરવામાં આવી છે.
એમાં વિસ્ટાડોમ કોચ (ટ્રાન્સપરન્ટ ગ્લાસ સહિત ફુલ્લી એ.સી. કોચની મુવિંગ ચેરકાર)
પણ જોડવામાં આવ્યો છે. ઈલેક્ટ્રીક વાહનોની મંજૂરી પણ હવે મળી ગઈ છે.
બાળક્રિડાંગણ, અદ્યતન સુવિધાથી સજ્જ દસ રૂમો તથા ભોજનાલયમાં
ચા-નાસ્તો તથા બન્ને સમયનું સ્વાદિષ્ટ ભોજન ઉપલબ્ધ છે.

કન્વીનર
અતુલભાઈ વોરા | મિતેશભાઈ શાહ






For Matheran Food Coupon Compulsory for 3 Days Rs. 600/- Per Day, Per Person

# BIO DATA

## Aayush Shah

**Seattle USA**



| | |
|---|---|
| **Date of Birth** | : 22nd April 1993 |
| **Time** | : 8.51 a.m., Mumbai |
| **Height** | : 5.5" |
| **Email Id** | : aayushshah2293@gmail.com |
| **Contact No.** | : +1 (812) 606-9214 |
| **Education** | : Masters in Computer Science<br>Northeastern University Boston<br>Bachelor of Engg. In EXTC<br>D. J. Sanghvi College of Engg. |
| **Profession** | : Software Development Engineer,<br>Amazon Inc. Seattle USA |
| **Visa Status** | : H1-B |
| **Interests** | : Music, Travelling, Hiking |
| **Native Place** | : Wadhwan City |
| **Caste** | : Zalawadi Vishashrimani Sthanakvasi Jain |

## Family Details

| | |
|---|---|
| **Father** | : Mukesh Vrajlal Shah (B.com) |
| **Business** | : Mecwell Industries and Kanchi Lights (Loharchawl) |
| **Mother** | : Lina Mukesh Shah (B.Com), Home Maker |
| **Elder Sister** | : Kanchi Aalok Sheth |
| **Brother in Law** | : Aalok Parimal Sheth - Mangrol |
| **Residence** | : 601/205 Udyan Darshan, R. N. Narkar Marg,<br>Opp. Odeon Swimming Pool, Ghatkopar (E). |
| **Grand Parents (Paternal)** | : Late. Shri Vrajlal Fulchand Shah<br>Late. Smt Gunvantiben Vrajlal Shah |
| **Grand Parents (Maternal)** | : Shri. Vinubhai Bhurabhai Vora (Limbdi)<br>Smt. Pramilaben Vinubhai Vora |

## Paternal Family

| | |
|---|---|
| **Parental** | : Raju Shah & Rita Shah<br>Kalaben Vijaybhai Shah<br>Chandraben Bipinbhai Shah<br>Vinaben Rajeshbhai Vakil |
| **Maternal** | : Manish V. Vora & Shital M. Vora<br>Harsha Dhiren Mehta (USA) |

## Contact Information

| | |
|---|---|
| **Mukesh Shah** | **+91 93222 61613** |
| **Lina Shah** | **+91 93225 98886** |
| **Kanchi Shah** | **+91 76660 24244** |

**COMING INDIA STARTING OF 2023**

Advt.

USA PROFILE

# JINAL VORA

: jinalvora94@gmail.com

: Jersey City, New Jersey, USA

: 201-920-9028 | +91 9821414755



**Birth Date:** 12th October 1994

**Birth Time & Place:** 3:10 PM, Mumbai (India)

**Height:** 5'2 (158 cm)

**Native Place:** Botad (Gujarat)

**Caste:** Sthanakwashi, Zalawadi Vishashrimali, Jain

**Education:** Master's in Information Technology & Analytics – Rutgers Business School, NJ, USA

BE in Computer Science – K.J. Somaiya College of Engineering, Mumbai

**Work:** Senior Business Analyst at TransUnion, Florida, currently residing in New Jersey ***(on H1B Work Visa)***

**Address:** 880 Bergen Avenue, Jersey City, NJ 07306

**Family Details :**

**Father:** Vipul Ratilal Vora, Electronics Business (Perfect Components), Mumbai

**Mother:** Rupa Vipul Vora, Homemaker

**Sister:** Priyal Vipul Vora (Sr. Business Analyst at Citibank), New York

**Grandfather:** Late Ratilal Dharsibhai Vora (Paternal)

**Grandmother:** Late Jaswantiben Ratilal Vora (Paternal)

**Grandfather:** Late Rasiklal Parekh (Maternal)

**Grandmother:** Late Manjulaben Parekh (Maternal)

**Faiba:** Divyaben Bipin Sheth

**Fua:** Bipinbhai Shantilal Sheth, Ghatkopar

**Residential Address:** 1905, Promenade 3, The Address by Wadhwa Group, LBS Marg, Opp. R City Mall, Ghatkopar (West), Mumbai – 86

**Address 2:** 103, Sulsha House, Plot no. 26, Dr. Nath Pai Nagar, Ghatkopar (East), Mumbai – 77

**Visiting India mid-December 2022**

Advt.

## Bio-Data




# AAYUSH SHAH

## Personal Details

**Birth Date**
30th December, 1995

**Time and Place**
11:53 AM, Mumbai

**Height**
5'8"

**Religion**
Gujarati Zalawadi Sthanakvasi Jain

## Education

**Under Graduation** (2013-17)
B.Tech in Computer Engineering,
VJTI, Mumbai

**Post Graduation** (2020-21)
Masters in Business Analytics,
University of Maryland, USA

## Profession

**Ernst and Young (EY)** (present)
Senior Data Analytics Consultant,
New York

**J P Morgan Chase** (2017-20)
Technical Analyst,
Mumbai

## Family Details

**Father**
Apoorva Suresh Shah
**Occupation**
General Manager,
Reliance Industries, Mumbai
**M**: 9004096190

**Mother**
Toral Apoorva Shah
**Occupation**
Insurance Advisor,
LIC, Mumbai
**M**: 9920130158

**Younger Sister**
Dhwani Apoorva Shah
Pursuing:
MA Industrial Psychology
Mithibai College, Mumbai

**Residential Address**
B/403, Prabhu Apartment,
Rajawadi, Ghatkopar (E),
Mumbai-400077

Will be shifting to Adani,
Ghatkopar (E)
(under construction)

## Paternal Family

**Dada-Dadi**
Suresh Shah, Ghatkopar
Kiran Shah, Ghatkopar

**Faiba-Fua**
Neerali Chetan Kamdar,
Vile Parle
**M:** 9820666567

## Maternal Family

**Nana-Nani**
Praful Sanghvi, Ghatkopar
(Dhrangadhra Kutumb)

Rekha Sanghvi, Ghatkopar
(Nathabhavan Kutumb)

**M**: 9320549809

**Masi-Masa**
Dr. Bijal Dhaval Ghelani,
Sydney,
**M**: (+61) 416 302 101

**Visa Status**
H1B

**USA Contact and Residence**
(+1) 240 423 9485
55 River Dr S, Apt 2103, Jersey City, New Jersey, 07310

**Hobbies**
Travelling, Adventurous Sports, Badminton, Table Tennis,
Foodie, Music, Dance, Photography

**( Visiting India during November, December 2022 )**

Advt.


Mastering The Art Of Layering
Your Wedding Jewellery
Explore Our
Bridal Jewellery
COLLECTION
JEWELURE
SILVER • GOLD • DIAMOND & ART JEWELLRY
Introducing Light Weight Jewellery
Diamond Jewellery (VVS EF)
Gold (999) & Silver (999) Coins
Zest Business Space (ZBS), M.G. Road, Next to RBL Bank, Ghatkopar (E),
Mumbai- 77 | T: 022 25010154/55 | E: niraj@jewelure.co.in | W: www.jewelure.co.in
Advt.



શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

નવેમ્બર ૨૦૨૨
વર્ષ : ૬૯ : : અંક : ૮
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ-૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ-૪૦૦૦૧૧. ફોન :૦૨૨-૩૫૭૪૦૮૧૧
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/-+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/-
છૂટક નકલ રૂા. ૭/-

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧-૦૦ થી સાંજના ૭-૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*



**તમે મારાં દેવનાં દીધેલ છો, તમે મારાં માગી લીધેલ છો,**
**આવ્યાં ત્યારે અમર થઇને રો' !**

**મા'દેવ જાઉં ઉતાવળી ને જઇ ચડાવું ફૂલ ;**
**મા'દેવજી પરસન થિયા ત્યારે આવ્યાં તમે અણમૂલ !**

**તમે મારું નગદ નાણું છો, તમે મારું ફૂલ વસાણું છો,**
**આવ્યાં ત્યારે અમર થઇને રો' !**

**મા'દેવ જાઉં ઉતાવળી ને જઇ ચડાવું ફૂલ,**
**પારવતી પરસન થિયાં ત્યારે આપ્યો હૈયાનો હાર.**

**તમે મારાં દેવનાં દીધેલ છો, તમે મારાં માગી લીધેલ છો,**
**આવ્યાં ત્યારે અમર થઇને રો' !**

**વિશ્વમાં આવતું પ્રત્યેક બાળક એવો સંકેત આપે કે ઈશ્વર માનવજાતથી હતાશ થયો નથી**



# મહાવીરનો કર્મવાદ

આપણી સાવ નજીદીકની વ્યક્તિઓ જ આપણને વધું દુઃખ આપતી હોય છે. તેનું કારણ શું ? અને તેવે વખતે શું કરવું ?

જેની સાથે સૌથી વધુ પ્રેમ સંબંધ ને સૌથી વધુ દ્વેષ સંબંધ ભોગવવાના બાકી હોય તે જ વ્યક્તિઓ આપણી સૌથી નજદીક આવે છે. બાકી તો દુનિયામાં કરોડો લોકો છે. લેણદેણનાં સંબંધ વગર કોઈ આપણી સાથે જોડાતુ નથી.

કોણ આપણાં મા-બાપ બનશે ? કોણ જીવનસાથી ? કોણ ભાઈ બહેન ?

કોણ પુત્ર-પુત્રવધુ ? કોણ દીકરી-જમાઈ ? કોણ પાડોશી ? કોણ સગાં-વ્હાલાં ?

આ બધું જ આપણે આ સૃષ્ટિમાં જન્મ લેતાં પહેલાં પૂર્વ જીવનનાં કર્મ પ્રમાણે નક્કી થઈ જાય છે. જ્યારે કોઈ આપણા જ નજદીકના વ્યક્તિઓ આપણને દુઃખ આપતા હોય ત્યારે વિચારવું કે આ મારાં સગાં બન્યાં છે તે પણ મારાં જ કોઈ પૂર્વજન્મનાં લેણદેણને કારણે તે આજે મારી સાથે વેર રાખી રહ્યાં છે. તેનું કારણ મારા જીવે પૂર્વજન્મમાં ક્યારેક એ જીવ સાથે વેર બાંધ્યું હશે.

ભલે આજે હું મારી જાતને નિર્દોષ માનતો હોઉં પણ હું ક્યાં જાણું છું કે પૂર્વજન્મમાં મેં આનાથી અનેક ઘણું દુઃખ એ જીવને આપ્યું હશે.

આજે જ્યારે એ જીવ મારી સાથે હિસાબ પૂરો કરવા આવ્યો છે કે મારાં જ કૃત્યની મને ભેટ પરત કરવા આવ્યો છે. ત્યારે હું સમતાભાવે સહર્ષ સ્વીકાર કરું તો જ આ વેરની ગાંઠ ભેદાશે. નહિ તો જન્મોજન્મ ચાલી આવશે.

ના... ના... મહાવીરનો કર્મવાદ સમજ્યા પછી મારે એનો ગુણાકાર નથી કરવો. મને આ દુઃખ સમતાભાવે વેઠવાની, હે... પ્રભુ, શક્તિ આપ... શક્તિ આપ... ક્યારેક કોઈ વ્યક્તિ સાથે થોડો વખત સારા સંબંધ રહે છે. પછી એ જ વ્યક્તિ દુશ્મન જેવી બની જાય છે ત્યારે સમજવું કે એની સાથે રાગના સંબંધ હતા તે પૂરા થયા. હવે વેરના સંબંધ ચાલુ થયા લાગે છે.

આવે વખતે બે વસ્તુ ધ્યાનમાં રાખવી. રાગ અને પ્રેમના સંબંધોનો ઉદય થાય ત્યારે ખૂબ ખુશ ન થવું, અહંકાર ન કરવો, રાગને ટકાવી રાખવા કાવાદાવા ન કરવા, નહીં તો રાગનાં કર્મોનો ગુણાકાર થઈ જશે.

જ્યારે દ્વેષના કર્મનો ઉદય થાય અને દુશ્મનાવટ થાય ત્યારે અત્યંત દુઃખી દુઃખી ન થઈ જવું, રોકકળ ના કરવી.

બંને સંબંધો સમતાભાવે વેઠવા. વિચારવું કે રાગ પણ કાયમ રહેવાનો નથી, દ્વેષ પણ કાયમ રહેવાનો નથી. કાચના વાસણ જેવા માનવીના મનનો શું ભરોસો ? દ્વેષના સંબંધ ઉદયમાં હોય ત્યારે વચ્ચે કોઈ ત્રીજી વ્યક્તિએ જ આમ કરાવ્યું એમ વિચારી કોઈના પણ પ્રત્યે દ્વેષના સંસ્કાર નાખશો નહિ. ત્રીજી વ્યક્તિને તો હંમેશા નિમિત તરીકે જ જોજો. નિમિત્તને દોષ દેવાનો કોઈ મતલબ નથી. મારાં નસીબમાં આમ બનવાનું જ હતું. માટે જ આ વ્યક્તિ આમાં નિમિત્ત બની છે એમ વિચારીને જે બન્યું છે તે બધું જ હસતે મોઢે સ્વીકાર કરવું. આવી વખતે મહાપુરુષોના જીવનને યાદ કરવું.

ખુદ મહાવીર ભગવાનને એમનાં દીકરી-જમાઈ જ તેમની વિરુદ્ધમાં હતાં. તો શું મહાવીરે તેમના પર રોષ કર્યો ? જો રોષ કર્યો હોત તો તે મહાવીર બની શકત ? તમારાં નજીકનાં સગાંને જ તમને ખરાબ ચીતરવામાં બહુ રસ હોય છે. દૂરના ને તો શું પડી હોય ?

પાર્શ્વનાથ ભગવાનને એમના સગા ભાઈનો જીવ, આઠ-આઠ ભવ સુધી તેમને મારવા વાળો બન્યો.

ગાંધીજીને આખી દુનિયા માન આપે છે, તેમનો ખુદનો દીકરો જ તેમના વિરુદ્ધમાં હતો.

ઈસુ ખ્રિસ્ત ને ખીલા ઠોકવાવાળા એમના જ માણસો હતા.

આ બધાનો વિચાર કરી મનને સમજાવવું કે કસોટી તો સોનાની જ હોય, પિત્તળની ના હોય.

અગર હું પિત્તળની કક્ષામાં છું, તો મારે મારી ભૂલો સુધારી સોનાની કક્ષામાં આવવું. જો હું સોનાની કક્ષામાં છું તો જાતને ભગવાનને ભરોસે છોડી દેવી.

આ જીવ કરોડો વર્ષોના સંસ્કાર સાથે લઈને આવ્યો છે તે કારણે કદાચ તે વ્યક્તિ ઉપર કે નિમિત્ત ઉપર ખૂબ દુઃખ કે દ્વેષ પણ થઈ જાય, છતાં બને તેટલાં જલ્દી ભાનમાં આવી જઈ હૃદયથી દુશ્મનની પણ ક્ષમા માંગી લેવી.

બને તેટલું આત્મભાવમાં લીન થવું તેથી કર્મ વેઠાશે. ❖❖❖

# પરિપૂર્ણ

## રેણુકા પટેલ

**સાં**જ ઢળી ગઈ તો ય નંદિતા બાલ્કનીમાં ખુરશી ઢાળીને બેસી રહી. નીચે રસ્તા પરની અવરજવર પણ હવે વધવા લાગી છે. આમ તો નંદિતાના ફ્લૅટનું બિલ્ડિંગ મુખ્ય રસ્તાની અંદર ફંટાતી ગલીમાં છે એટલે મોટાં વાહનોની તો ખાસ અવર જવર નહીં પણ નાનાં વાહનોના કર્કશ ધ્વનિના લીધે ય વાતાવરણમાં ઘોંઘાટ લાગી રહ્યો છે. રોજ તો નંદિતા આ સમયે ઑફિસમાં જ હોય પણ આજે તો પપ્પા જવાના હતા એટલે એ કામ પર ગઈ જ નથી. ઍરપોર્ટથી પપ્પાને મૂકીને એ આવી. અને આવી ત્યારની બાલ્કનીમાં બેઠી છે. અંદર જવાનું મન થતું નથી. ઘરમાં ધીમે ધીમે છવાઈ રહેલો અંધકાર જાણે નંદિતાના હૃદયને ય ભરડો લઈ રહ્યો છે. આટલા અવાજની વચ્ચે ય શૂન્યતા છવાઈ ગઈ છે. પપ્પાના જવાથી જો આટલી એકલતા લાગશે એમ ખબર હોત તો એમને જવા જ ના દીધા હોત. જોકે એણે પ્રયત્ન તો કર્યો જ હતો.

'ના જશો... રહી જાઓ...' કાલે રાત્રે જ એણે પપ્પાને કહ્યું હતું.

'અને મારી ફ્લાઈટની ટિકિટ?'

'એ તો કૅન્સલ પણ કરાવી શકાય...'

'પછી?'

'પછી શું? પછી તમારે અહીં રહેવાનું.. મારી સાથે..'

કામવાળી કાલે સાંજે આવી ન હતી. પપ્પા એ વખતે રસોડાની સિંકમાં વાસણ સાફ કરી રહ્યા હતા. નંદિતા બાજુમાં ઊભી ઊભી વાસણો વીંછળી રહી હતી. પપ્પાના હાથ એકદમ રોકાઈ ગયા. તે બાજુમાં ફરી ગયા નંદિતાની બરાબર સામે...

'કેમ? બીક લાગે છે?'

નંદિતા કાંઈ બોલી નહીં. નીચું જોઈને વાસણ વીંછળતી રહી.

પપ્પાએ પોતાના બન્ને હાથ ધોઈ નાંખ્યા અને સિંકનો નળ બંધ કર્યો અને નંદિતાના ભીના હાથ પોતાના હાથમાં લીધા...

'જો બેટા, દરેક માણસ ગમે તેટલી ભીડમાં રહેતો હોય, મેળામાં જીવતો હોય, કે લોકો વચ્ચે ઘેરાઈને રહેતો હોય મનના ક્યાંક કોઈ ખૂણે તો એકલો જ જીવે છે.'



'પણ તમારે ત્યાં દિલ્હીમાં કામ શું છે? અહીં જ રહો ને... મારી સાથે...'

'ત્યાં મારું કામ છે નંદિ... હું એ છોડીને કેટલા દિવસ અહીં રહું?'

'પછી ભલે હું અહીં એકલી એકલી ડુંગર નીચે દબાઈ મરું...'

'નહીં મરે તું... ચિંતા ના કર... હા, તું થોડી ઢીલી ચોક્કસ થઈ ગઈ હતી અને એટલે જ હું તરત અહીં આવી ગયો. પણ હવે મને ખબર છે કે તું બહાર નીકળી ગઈ છે. બી બ્રેવ બેટા. બધું ઓ.કે. છે.' અને તે ફરીથી વાસણ સાફ કરવા લાગ્યા.

કદાચ પપ્પા સાચા છે અથવા તો નથી, પણ નંદિતાને એ બરાબર ઓળખે છે. ખરાબ સમયને પાછળ દોડીને આગળ નીકળી જવાની નંદિતાની ક્ષમતાની એને જાણ છે. પણ નંદિતા તો ય આશ્વસ્ત નથી. રાહુલ સાથેના સમયને ખરાબ સમજીને સાવ જ ભૂલી જવો એ કદાચ એના માટે શક્ય નથી. પપ્પા સાથે હોય તો કદાચ એ શક્ય બને. પણ પપ્પાની વાત થોડી ન્યારી છે. દિલ્હીમાં કોઈ પગમાથા વિનાના ફાલતુ એન.જી.ઓ.માં એ ડિરેક્ટર છે. આમ તો આવા સ્થાને કોઈ સ્ત્રી હોય પણ લોકોએ હોંશે હોંશે આ પદ તેમને સોંપ્યું છે અને પપ્પા ય આખા ય એન.જી.ઓ. નો ભાર પોતાના માથે લઈને ફરે છે. પોતાના એવા કામને એ અનહદ પ્રેમ પણ કરે છે.

નંદિતાની સાથે એટલે તો એ રહેતા નથી. હા, જ્યારે જ્યારે નંદિતાને જરૂર હોય ત્યારે ત્યારે નંદિતાની પાસે આવી જાય પણ પછી તરત જ દિલ્હી પાછા જવા તૈયાર. નિર્ણય લેવાની અને તેને વળગી રહેવાની દૃઢતા પપ્પા પાસેથી નંદિતાને વારસામાં મળી છે. પપ્પાએ પણ હમેશાં નંદિતાના દરેક નિર્ણયને માન આપ્યું છે. પછી એ નંદિતાનો પોલિટીકલ સાયન્સ છોડીને સૉફ્ટવેર શીખવાનો નિર્ણય હોય, કે પછી દિલ્હી છોડીને મુંબઈ જોબ લેવાનો નિર્ણય હોય કે પછી રોહિતની સાથે રહેવાનો નિર્ણય હોય... કોઈ પણ હોય, પપ્પાએ ક્યારેય નંદિતાનો સાથ છોડ્યો નથી.

નંદિતા બાલ્કનીમાંથી ઊભી થઈ અંદર બેડરૂમમાં આવી અને હાથ લાંબો કરીને સ્વિચ ઑન કરી. સામે લાકડાની પાટ પર જ પપ્પાનો હાઉસકોટ પડ્યો હતો. હમણાં જતી વખતે એમણે કપડાં બદલ્યાં ત્યારે ઉતારીને ત્યાં મૂક્યો હશે. કદાચ એ ભૂલી ગયા હતા. પાટ ઉપર બેસીને નંદિતાએ કોટ હાથમાં લીધો. પપ્પાના પ્રિય પર્ફ્યુમની આછી સુગંધ તેની આસપાસ ફરી વળી. થોડી મિનિટો સુધી તે હાઉસકોટના રેશમી પોત પર હાથ ફેરવી રહી.

આ વખતે પપ્પા સાથે બહુ વાતો થઈ

હતી. એ આ વખતે તો આરામથી રોકાયા પણ ઘણું... જાણે કે પાછા જવાની ઉતાવળ જ ના હોય. નંદિતા ઑફિસથી આવે એટલે બન્ને જમીને મોડે સુધી સાથે બેસી રહેતા. ક્યારેક કેટલીય વાતો કરતા રહેતાં તો ક્યારેક ચૂપચાપ... પપ્પાથી તો આમેય કશું છૂપું ન હતું પણ તો ય નંદિતા તો જાણે હૈયું ખાલી કરવા જ બેઠી હોય એમ કલાકો સુધી બોલ્યા કરતી... ક્યારેક ક્યારેક તો આખી રાત... પપ્પા ધીરજપૂર્વક સાંભળતા, સાંભળ્યા કરતા... નંદિતાનો હાથ હાથમાં લઈને... અથવા તો પ્રેમથી તેના માથે હાથ ફેરવતાં રોહિતના ચાલ્યા જવાથી નંદિતાના જીવનમાં જે ખાલી ખૂણો સર્જાયો હતો તેને પૂરવા એ ભરચક પ્રયત્ન કરી રહ્યા હતા.

'ભૂલી જા એને... ક્યાં સુધી એની પાછળ ગાંડાં કાઢીશ ?'

એ દિવસે રવિવાર હતો. નંદિતાને ઑફિસમાં રજા એટલે સવારથી જ રોહિતપુરાણ લઈને પપ્પાની પાછળ પાછળ ફરી રહેલી. એમાં ય બપોરે જમીને પપ્પા સહેજ આડે પડખે થયા ત્યાં નંદિતાએ તેમને ડિજિટલ કૅમેરામાં રોહિતની તસ્વીરો બતાવવાનું ચાલુ કર્યું. પપ્પા થોડા અકળાઈ ગયા.

'ભુલી જા એને...ક્યાં સુધી એની પાછળ ગાંડો કાઢીશ ?'

'ના...હું એને કદી માફ નહી કરું...'

'તેથી શું ? તું એને માફ કરે કે ના કરે એને કોઈ ફેર પડતો નથી. તને પડે છે. પછી અને હૃદય પર વેંઢારીને કેમ ફરે છે ? એ તારા દિલ પરનો ભાર છે ફેં એને...'

'ના પપ્પા, હું એને પ્રેમ કરતી હતી... દિલથી...અને...'

'અને હજી ય કરે છે... જો નંદિતા. જૂની કહેવત છે માટીના દેવને કોડીની જ આંખ હોય. એ તારે લાયક હતો જ નહીં...'

'એ તમે હવે મને કહો છો ? તમે છેલ્લી વાર આવ્યા ત્યારે મળ્યા હતા ને એને. ત્યારે તો તમે કાંઈ બોલ્યા નહીં...'

'જો હું કહેત તો તું માનત ? બેટા, ભૂલો કરવાની દરેકને સ્વતંત્રતા હોય છે. પણ ભૂલ કરીને તેમાંથી કંઈક શીખીને આગળ વધ દીકરી... રોહિત તારા જીવનનું પૂર્ણવિરામ તો નથી...'

નંદિતા પપ્પા સામે જોઈ રહેલી. ઘણી વખત એ એકદમ પ્રૅક્ટિકલ વાતો કરે છે. દુનિયામાં બધું ય પ્રૅક્ટિકલ છે. જીવનની અસંખ્ય થપાટો સહન કરીને અડગ ઊભેલા પપ્પા જેટલી પ્રૅક્ટિકલ વાતો કરે છે એટલી જ પ્રૅક્ટિકલ વાતો રોહિત કરે છે. બસ માત્ર નંદિતાને સમજાતું નથી. જીવનના પૂર્ણવિરામ - અલ્પવિરામ વગેરે વિશે નંદિતા ખાસ નથી જાણતી પણ સાથે જીવેલી ક્ષણો, એકમેકને આપેલા સાચા ખોટા વચનો, હાથમાં હાથ લઈને કરેલી પ્રેમની ખાટીમીઠી વાતો વગેરેનું કોઈ તો મૂલ્ય હશે ? કે સઘળું ય સાવ જ કોડીનું ? નંદિતાનાં માના અવસાન પછી પપ્પાને ય એકલતા સાલી હશે. આખી ય દુનિયામાં એ એકલા અને ઉપરથી નંદિતાની જવાબદારી... માત્ર આ પ્રૅક્ટિકલ હોવાના કારણે જ એ ટકી ગયા હશે. માની વિદાયને જીવનનું અલ્પવિરામ બનાવી એ આગળ નીકળી ગયા હશે અને બધું ય પ્રયત્નપૂર્વક ધીમે ધીમે ભૂલી ગયા હશે. પણ નંદિતા ભૂલતી નથી. ભૂલી શકતી નથી. જેમ પપ્પા આજે હાઉસકોટ ભૂલી ગયા છે તેમ રોહિત પણ ભૂલી ગયો હતો. ઘણું બધું... એનું MP3 પ્લેયર, એનું બ્રાઉન બ્લેઝર, એનું શેવિંગ ફોમ, એની બાથરૂમ સ્લીપર અને બીજું કેટલુંય... બધું કેટલાય દિવસ સુધી અટવાતું રહેલું... ઘરમાં અને નંદિતાની નજરોમાં પણ...અને પછી પપ્પા આવ્યા... તેમણે એ બધું ય એક કાળી બેગમાં ભરીને ખૂણામાં મૂકી દીધું. પણ રોહિત ? એ તો તોય અટવાતો જ રહ્યો... આખા ઘરમાં ગમે ત્યારે...ગમે ત્યાં... પપ્પા તો જો કે પહેલેથી જ આખી વાતની વિરુદ્ધ હતા.

'તમે લોકો લગ્ન કર્યા વિના સાથે રહેશો ?'

'હા પપ્પા... એવું જ...'

'તને નથી લાગતું કે આ ખોટું છે ?'

'ખોટું ? કેમ..?'

'બેટા, દરેક સંબંધ. દરેક લાગણી પોતાની સાથે જવાબદારી લઈને આવે છે... આવા છેડા છૂટા જેવા સાવ જ રિસ્પોન્સીબિલિટી વિનાના સંબંધોમાં હું તો નથી માનતો.'

'પણ પપ્પા. હું પ્રેમ કરું છું એને...'

'તો પરણી જા..'

'પણ એ ના પાડે છે.. એને થોડો સમય જોઈએ છે.'

'સમય ? શેના માટે ?'

'અમે બન્ને એકબીજાંને થોડું સમજી લઈએ..'

'સમજવા માટે શરતો ન । હોય નંદિતા. જે સંબંધમાં સમર્પણ પાયાની બાબત છે તે સંબંધની શરૂઆત જ ખોટી રીતે થઈ રહી છે. માટે હું માનું છું કે આ બરાબર નથી. પછી તો તારી મરજી...'

આજે લાગી રહ્યું હતું કે પપ્પા સાચા હતા. એક જ છત નીચે પોતપોતાના કિલ્લામાં સુરક્ષિત બનીને ક્યાં સુધી રહી શકાય ?

નંદિતાએ હાઉસકોટ વાળીને બાજુમાં મૂક્યો અને ઘડિયાળ સામે જોયું. સાડા આઠ થવા આવ્યા હતા. તે ઊભી થઈ અને ફ્લૅટનું બારણું બંધ કરીને દાદરા ઊતરી ગઈ. જ્યારે રોહિત હતો ત્યારે તો બન્ને સાંજે ઑફિસેથી આવીને સાથે મળીને કંઈક રસોઈ કરતા. સાથે જ જમતાં અને પછી લટાર મારવા

નીકળતાં. સાંજે ફરવા જવું રોહિતને બહુ ગમતું. રસ્તાને અડીને બનેલી ઈંટોની ફૂટપાથ પર હાથમાં હાથ નાંખીને ચાલવું. થોડા થોડા અંતરે ફૂટપાથ પર લારીવાળાઓ ઊભા રહેતા. એમની પાસેથી ક્યારેક હજમાહજમનું પાણી પીવું. ક્યારેક ફળોનો તારો રસ પીવો. ક્યારેક પાણીપુરી ખાવી તો ક્યારેક નજીકના પાર્લરમાંથી આઈસ્ક્રીમ ખાવો. પણ આજે રોહિત નથી. પપ્પા પણ નથી. નંદિતા એકલી એકલી ફૂટપાથ પર ચાલતી રહી. બધાં લારીવાળાને એક પછી એક પાર કરતી એ ફૂટપાથના છેવાડે આવેલી નાનકડી રેસ્ટોરાંના અંદર ઘૂસી. રોહિતનું આ ફેવરીટ રેસ્ટોરાં હતું. આમ તો એ હતું નાનું પણ મૅક્સિકન ફૂડમાં એની માસ્ટરી હતી. નંદિતા અંદર જઈને ખૂણાના ટેબલ પર બેસી ગઈ. લાગવી તો ના જ જોઈએ પણ ખબર નહીં કેમ ભૂખ લાગી રહી હતી. પપ્પા ફરી યાદ આવી ગયા.

'મન કેમ ભટકે છે તારું ?' એ દિવસે પપ્પા અહીં સામે જ બેઠા હતા. નંદિતા પરાણે એમણે અહીં ઢસડી લાવેલી.

'મારું મન ? કેમ ?'

'કેમ શું ?' હું જાણતો નથી ? જે રસ્તે તમે બન્ને રોજ સાથે ફરવા જતાં જે રેસ્ટોરાંમાં જમવા જતાં, જે થીએટરમાં પિક્ચર જોવા જતાં. જે સુપરમાર્કેટમાં ખરીદી કરવા જતાં...છેલ્લા અઠવાડિયાથી તારી સાથે સાથે તું બધે મને ફેરવી રહી છે... થાકી હયો હવે હું... અહીં બધે ફરવાથી તને શું મળે ? તારા મનને સ્થિર કર, બેટા...'

નંદિતાએ ડોકી હલાવી હતી. બોલવું સહેલું છે. પણ મન એમ કંઈ સ્થિર થતું નથી. હાલ્યાં જ કરે છે.. જળમાંના પ્રતિબિંબની જેમ..

વેઈટરે આવીને પાણીનો પ્યાલો મૂક્યો, સાથે સાથે મેનુકાર્ડ પણ મૂક્યું.

'નાચોઝ વિથ રેડ સાલ્સા..' નંદિતાએ મેનુમાં જોયા વિના જ ઑર્ડર આપી દીધો.

'મારે તને કંઈક કહેવું છે...' રોહિતે કહ્યું હતું જ્યારે બન્ને છેલ્લી વાર અહીં આવ્યાં ત્યારે. પેલી બાજુ એકદમ વચ્ચેના ટેબલ પર બન્ને બેઠેલાં. રોહિતે નંદિતાએ એને છેલ્લી વર્ષગાંઠ પર આપેલું આછા વાદળી રંગનું શર્ટ પહેરેલું. રોહિતે આ જ મંગાવેલું. નાચોઝ વિથ રેડ સાલ્સા...

નંદિતા રેસ્ટોરાંની બહાર કાચમાંથી એક નાનકડી બાળકી તેની મમ્મીનો હાથ ખેંચીને કંઈક બતાવી રહી હતી તે જોઈ રહી હતી. તેનું ધ્યાન રોહિત તરફ ન હતું.

'તને કહું છું, નંદિતા.. ધ્યાન ક્યાં છે તારું ?'

'નંદિતો આંગળી કરીને રોહિતને એ દૃશ્ય બતાવ્યું.

રોહિતે એ તરફ જોયું પણ એને એમાં કાંઈ ખાસ લાગ્યું નહીં. એણે તરત જ મોં ફેરવી લીધું.

'એમાં શું જેવાનું છે ?' તું પણ નંદિતા..પ્લીઝ મારી વાત સાંભળ..'

'હા, બોલ.. બાય ધ વે તું આજે હૅન્ડસમ લાગે છે.. આ બ્લુ કલર..'

'નંદિતા, પ્લીઝ..'

'ઓ. કે. ઓ. કે. બોલ..' નંદિતાએ રોહિતની સામે સીધી નજર માંડી. રોહિતે સામે પડેલા ગ્લાસમાંથી સહેજ પાણી પીધું. ગળું ખંખાર્યું અને કહી નાંખ્યું:

'આપણે છૂટાં પડીએ છીએ નંદિતા... હું કાલે ફ્લૅટ છોડીને જઈ રહ્યો છું.'

એક ક્ષણ તો નંદિતાને સમજાયું નહીં, પણ પછી ધીમે ધીમે તેને કળ વળી.

'જઈ રહ્યો છું એટલે ? ક્યાં જઈ રહ્યો છું ? મને છોડીને ? કેમ પણ ?' નંદિતાના ગળામાંથી જાણે કે ચીસ જ નીકળી હતી. એ દિવસે પ્રશ્નો ઘણા હતા.. રેસ્ટોરાંથી પાછા આવતાં રસ્તામાં. ઘેર આવીને અને રાત્રે મોડા સુધી જ્યાં સુધી રોહિતને ઊંઘ ના આવી ત્યાં સુધી નંદિતા એણે પૂછતી રહી અને એ બોલતો રહ્યો. એની પાસે દરેક પ્રશ્નનો જવાબ હતો. એના નિર્ણય બાબતે એ તદ્દન સ્પષ્ટ હતો. હવે એ અને નંદિતા એક છત નીચે રહી શકે એમ ન હતાં. એ નંદિતાને

---

દુઃખ એ નથી કે કોઈ ખોટું બહુ બોલે છે,
દુઃખ એ છે કે સાચું જાણનારા ચુપ રહે છે.

❋

ઘણીવાર હસવાથી દર્દ ભુલાઈ જાય છે
પણ અમુક દર્દ એવા હોય છે કે
હસવાનું જ ભુલાઈ જાય

❋

જિંદગીમાં પાછું વળવું ફાવ્યું જ નહીં,
કારણકે રસ્તામાં કોઈ આપણું આવ્યું જ નહીં.

❋

જિંદગીને બહુ નજીકથી જોઈ છે મેં,
ખાલી વાતો સિવાય કોઈ કોઈનું નથી.

❋

તમે માત્ર ખામીઓ શોધો છો,
ખાસિયત ક્યાંથી દેખાય ?

❋

જે લોકો સાથે આપણા સંબંધો ઊંડા હોય છે ને,
એ લોકો ઘાવ પણ ઊંડા આપે છે

❋

જ્યારે માતા પિતા તમારા સ્વભાવ ને લીધે..
તમને સલાહ આપતા ડરે...
ત્યારે..સમજી લેવું કે..
તમારી પડતી ની શરૂઆત થઈ ગઈ છે..!!!

❋

કેટલાક સબંધો રોજમેળ જેવા હોય છે,
રોજ મળે
પણ મેળ ના પડે...

❋

લાગણી ઓ ને પગ તો નથી સાહેબ,
છતાં મેં તેને ઠેસ વાગતા જોઈ છે..!!

છોડીને જઈ રહ્યો હતો. નંદિતાનાં આંસું, એની ધમકીઓ કે એની આજીજી કંઈ પણ રોહિતને રોકી શકે એમ ન હતાં. એ દિવસે નંદિતા આખી રાત જાગતી રહેલી.. માંડ દસ ઈંચ દૂર સૂતા રોહિતને જોઈ રહેલી. બીજે દિવસે સવારે રવિવાર હતો.. રોહિત એ દિવસે વહેલો ઊઠી ગયેલો. જલદીથી તૈયાર થઈને પોતાની બૅગ લઈને જતો રહેલો. એકદમ સરળતાથી. જાણે નંદિતા સાથે કોઈ બંધન હતું જ નહીં અને વાત તો સાચી જ ને ? કોઈ બંધન હતું જ ક્યાં ? પપ્પા સાચું કહેતાં હતાં. છેડાછૂટા જેવા સંબંધો...

જમીને નંદિતા એકલી ચાલતી ચાલતી ઘેર પાછી આવી. ઈંટવાળી એ જ ફૂટપાથ પર થઈને.. રસ્તામાં એક પછી એક બધા જ લારીઓ પસાર કરીને.. ફ્લૅટનું બારણું ખોલતાં જ અંદર ઘુમરાઈ રહેલો સૂનકાર જાણે કે તેને આવીને વળ્યો. ગભરાઈને તેણે લાઈટ ચાલુ કરી. સામે પપ્પા સાથેનો તેનો મોટા કદનો ફોટો હસી રહેલો.

'આજે તારી મૉમ હોત તો ?' પપ્પાએ પૂછ્યું હતું. નંદિતા અને પપ્પા સાથે બેસીને કાલે મોડી રાત્રે ટી.વી. જોઈ રહ્યાં હતાં. પપ્પા સોફા પર અને નંદિતા તેમના ખોળામાં માથું નાંખીને ભોંય પર બેઠેલી. પપ્પાનો સવાલ સાંભળીને તે એકદમ ઊભી થઈ ગઈ. પપ્પા ભાગ્યે જ મૉમને યાદ કરે છે. જાણે કે પોતાના હૃદયના એ ખૂણામાં બીજા કોઈનો પ્રવેશ-નિષેધ હોય. પણ આજે અચાનક જ મૉમનો ઉલ્લેખ સાંભળીને નંદિતા એકદમ બેઠી થઈ ગઈ.

'મૉમ હોત તો, બેટા ? પપ્પાએ ફરી પૂછ્યું.

'તો ?'

'તો કદાચ તારા જીવનમાં આ સમય આવ્યો ના હોત.'

'કેમ ?'

'કારણ કે પોતાના અને પોતાની સાથે સંકળાયેલાં બધાંના જીવન વિશે એ સભાન હતી. આટલી સહજ રીતે તને એ તારી લાગણીઓ, તારી સંવેદનાઆએ સાથે રમત રમવા ના દેત. તારું જીવન કેટલું અમૂલ્ય છે એ તને સમજાવત. એ અમારા માટે કેટલું અમૂલ્ય છે એ પણ તને સમજાવત. તું કદાચ મારી સાથે છે એના કરતાં એની સાથે વધુ સહજ બની શકત.'

'એવું નથી, પપ્પા..'

'એવું જ છે, બેટા.. ગમે તેમ તોય હું પુરુષ.. સ્ત્રીની સંવેદનાઓની મને શી સમજ ? અત્યારે મને એમ લાગે છે કે તારા ઉછેરમાં મેં ક્યાંક કોઈક ભૂલ-ક્ષતિ તો નથી રહી ગઈ ને ? કદાચ રહી જ ગઈ હશે નહીં તો તું એક મૂર્ખની જેમ કોઈ વ્યક્તિના પ્રેમમાં પડીને આમ ડિપ્રેશનની કક્ષાએ કેમની પહોંચી જાય ? શું સંજોગો સામે લડવાની તારી શક્તિ ક્ષીણ હશે ? તારી મૉમ ગઈ ત્યારે તો તું સાવ નાની.. બાળઉછેર વિશેનું મારું જ્ઞાન પણ સાવ શૂન્ય. પણ તે છતાં ય મેં તો જાણે તને એકલા હાથે મોટી કરવાનું બીડું જ ઝડપેલું. મારી યુવાનીનું ઝનૂન જ હશે અથવા તો હશે કોઈ અકળ ક્ષણે તારી મૉમને મારા મનમાં જ આપેલું વચન.. જે હોય તે... તને એકલે હાથે હું મોટી તો કરી શક્યો પણ તને સમજી ના શક્યો. તારા પર મેં મારી ઈચ્છાઓ લાદી નથી, પણ તારી ઈચ્છાઓને મૂલવી પણ તને સમજી ના શક્યો. તારા પર મેં મારી ઈચ્છાઓ લાદી નથી, પણ તારી ઈચ્છાઓને મૂલવી પણ ના શક્યો. કદાચ ક્યાંક કોઈ ઠેકાણે મારું પિતૃત્વ નિષ્ફળ ગયું છે. હવે અત્યારે આ ક્ષણે તેની છણાવટ કરવી નક્કામી છે. પણ એક વાત કહું ? જીવન વિશેની એક સાદી સમજ મેં કેળવી છે અને હું માનું છું કે આપણું જીવન ઈશ્વરે આપણને આપેલું વરદાન છે. તારું જીવન એ માત્ર તારું નથી. એની ઉપર તારા જન્મદાતા તરીકે થોડો ય પણ મારો હક ખરો. તું તારી ઈચ્છા પ્રમાણે તારું જીવન જીવી શકે પણ તારી ઈચ્છા પ્રમાણે એને વેડફી ના શકે. રોહિત જો તને તારા પ્રેમને છોડીને એક નવા જીવનમાં ગોઠવાઈ શકે તો તું કેમ નહીં ? સમય સાથે સંકળાયેલી એક ઘટના જે આપણને દુઃખી કરે, આપણી પ્રગતિમાં અંતરાયરૂપ બને તે ઘટનાને સમયના એ જ કાળની પાસે છોડીને આગળ નીકળી જવું એ જ જીવન... મારી વાત સમજે છે તું ?

પપ્પાના અવાજના પડઘા ચારે તરફ જાણે નંદિતાને સંભળાઈ રહ્યા : મારી વાત સમજે છે તું ? સામે જ તસ્વીરમાં હસી રહેલા પપ્પાની સામે જોઈને નંદિતા ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

સવારે ઍલાર્મ વાગ્યું એના પહેલાં જ નંદિતા ઊઠી ગઈ. બે દિવસ પછી ઑફિસમાં પ્રેઝન્ટેશન હતું. તેના માટે જરૂરી તૈયારી કરવાની હતી. બ્રશ કરીને માઈક્રોવેવમાં દૂધ ગરમ કરવા મૂક્યું ત્યાં જ બેલ વાગી. તેણે દોડીને બારણું ખોલ્યું.

'ગાર્બેજ..' ફ્લૅટનો જમાદાર હતો. રોજ સવારે દરેક ઘરમાંથી કચરો એકઠો કરીને રોડની સામેની બાજુ ઊભી રહેતી સુધરાઈની ગાડીમાં ઠાલવી દેતો.

'એક મિનિટ...' નંદિતાએ કહ્યું. તેણે ખૂણામાં પડેલી પેલી કાળી બૅગ ઉપાડી કે જેમાં રોહિતની ચીજો ભરેલી હતી. બૅગની ચૅઈન ખોલીને પોતાના જમણા હાથમાં પહેરેલું બ્રેસલેટ કાઢીને એમાં નાખી દીધું. બારણા પાસે આવીને તેણે જમાદારની સામે મીઠું સ્મિત કર્યું. જમાદારના હાથમાં કાળી બૅગ આપી દીધી અને પછી હળવેથી ફ્લૅટનું બારણું બંધ કર્યું.

❖❖❖



# પરાયા પોતીકા

**જયશ્રી જે. ચૌધરી**

પવન છુપાઈને નદીકાંઠે લીમડાના ઘેઘૂર વૃક્ષ તળે વિસામો લેતો હતો. વૃક્ષનિકંદનનું ઘોર પાપ આચરનારા દુરાચારી માનવો પર સબોસબ લૂના કોરડા વીંઝતો સૂર્ય પવનને ક્યાંય ફરકવા દેતો ન હતો. માને જોઈને શિશુ ઉમળકાથી દોડે તેમ ઘર દેખાતાં નારણની પગની ગતિ બેવડાઈ ગઈ. માથેથી ઊતરતા પરસેવાથી પરેશાન નારણે ઘરની ધૂળિયેલ પગખાર પર પગ મૂક્યો અને ઊંડો શ્વાસ લીધો.

પંદર દિવસના અવકાશ પછી ઘર ખૂલ્યું બંધિયાર અતૃપ્ત હવાએ તેને બાહુપાશમાં જકડી લીધો. એણે એ પાશમાંથી છટકવા ઝટપટ પાછલું બારણું અને બારીઓ ખોલી નાખ્યાં. વાડાને અડીને વહેતો નદીનો એક વહેળો ભરઉનાળે ઊંડા ધરામાં જળરાશિ સાચવી માંડ જીવી રહ્યો હતો. વહેળાને પેલે પાર ધરતીના ધાવણને મશીનથી શોષી પોષાયેલી શેરડીનાં ખેતરો સ્થિર ઊભાં હતાં.

મેંદીવાડ પર આચ્છાદિત પરોપજીવી અમરવેલની જેમ ઉદાસી નારણ પર આવૃત થઈ શ્વસ્યા કરતી હતી. આજે સુરત બસસ્ટેશને એ સજ્જડ બંધ બારી ખોલવાનો નિષ્ફળ પ્રયાસ કરતો હતો. અચાનક એની નજર ઘણે દૂર ઉભેલા પુત્ર મયૂર, પુત્રવધૂ અંકિતા અને પૌત્ર સુયજ પર સ્થિર થઈ ગઈ હતી.

ત્રણેક વર્ષ પૂર્વે અનોખીએ એને સમાચાર આપ્યા હતા. ''મામા મયૂરને ઘેર દીકરો આવ્યો છે. સુયજ નામ રાખ્યું છે.'' નારણ એકદમ રોમાંચિત થઈ ગયો હતો. મયૂરની મા હયાત હોત તો ત્યારે ઘરમાં ચોક્કસ મીઠું ધાન રંધાયું હોત...

''મામા, તમે જશો ને ?'' અનોખીએ સહજ રીતે પૂછી લીધું હતું. પણ...એ પ્રશ્નથી બર્ફીલું શાનદાર નાજુક શિલ્પ લોખંડી હથોડાના એક જ ઘાથી વેરવિખેર થઈ જાય તેમ નારણના ઉલ્લાસ શીર્ણવિશીર્ણ થઈ ગયો હતો.

પિતા પુત્રનો સ્નેહસભર સંબંધ વણસ્યો, અંકિતાના આગમન પછી જ, પોતીકો મયૂર ધીરે ધીરે પરાયો થવા માંડ્યો હતો. નારણને યાદ આવ્યું, પરી શી સુંદર, સારા ખાનદાનની દીકરી સાથે પુત્રને રંગેચંગે પરણાવવાના સ્વપ્ના પર પર નાતી, શામળી, માંજરી, સૂકી, બટકબોલી, અંકિતાએ કાળી શાહી ઢોળી દીધી હતી. કોર્ટમૅરેજ પછી પોતાના આશિષ લેવા આવેલા ગૌરવર્ણા, ઊંચા, હૃષ્ટપુષ્ટ, દેખાવડા, પુત્રની પસંદગી જોઈને નારણને ઓછું આવી ગયું હતું. ઊંચી જાતનું ગુલાબનું ફૂલ ક્યાં કદરૂપા કાંટાળા થોરમાં ભેરવાઈ ગયુંનો વસવસો કરતાં નારણે અણગમા સાથે એમને આશિષ આપ્યા હતા.

આજ સુધી પોતાને પૂછ્યા વગર એક ડગલું નહીં ભરનારો મયૂર હવે વારંવાર- 'બાપુજી, આ બાબતે મારે અંકિતાને પૂછવું પડશે. જો હું નહીં પૂછું તો એને ખોટું લાગે.' કહી ડગલે ને પગલે અંકિતાની પસંદગી - નાપસંદગીનો વિચાર કરતો હતો. ગામનું ઘર છોડીને ધંધાર્થે શહેરમાં સ્થાપી થવાનો નિર્ણય મયૂરે જાહેર કર્યો ત્યારે ભર્યા મેળામાં પોતે સાવ એકલો પડી ગયાનો અહેસાસ નારણને ઘેરી વળ્યો હતો. છતાં હસતા મોઢે નારણે મયૂરને શહેરમાં દુકાન લેવા પાંચ લાખ રૂપિયા આપ્યા હતા. ધંધામાં સ્થાયી થવાની મથામણ કરતો મયૂર સહપરિવાર છ મહિના પછી ગામ આવ્યો હતો. વાતવાતમાં ગંજાવર રકમની ડિપોઝિટ તોડવાની માંગણી મયૂરે કરી હતી. નારણે નરમાશથી પૂછ્યું હતું, 'બેટા, કારણ ? જો પછી એ રકમ તારી જ છે ને !'

મયૂર અકારણ છેડાઈ ગયો હતો, ''બાપુજી, દરેક વખતે કારણ જાણવાની જરૂર નથી. જો મારા જ પૈસા હોય તો પહેલાં કે પછી મને આપી દો ને...''

જીવનભરની પૂંજીને કારણ જાણ્યા વિના સગા પુત્રનેય શી રીતે આપી શકાય ? નારણ અસમંજસમાં પડી ગયો. નારણના મૌનથી અકળાયેલો મયૂર મર્યાદા ઓળંગીને એલફેલ બોલીને નારણને ઉશ્કેરતો હતો. પરાકાષ્ઠાએ નારણ ખુદ પર કાબૂ ન રાખી શક્યો. અને... મયૂરે આખરી નામું જાહેર કરી દીધું હતું, ''તો બાપુજી, હું આ ઘરમાં પગ નહીં મૂકું અને તમારેય મારા ઘરે આવવાની જરૂર નથી હવે...''

અંકિતાની આંખોમાં જતી વખતે ઉઠેલી ચમક નારણને દઝાડતી ગઈ હતી. મયૂરની પાબંદીને નારણ આજ સુધી વળગી રહ્યો હતો. મોડે મોડે નારણને બાતમી મળી હતી કે અંકિતાની ઘરેણાં ખરીદવાની હોશ માટે મયૂરને મોટી રકમની જરૂર હતી. દાઝી ગયા પછી ઉઠેલા ફરફોલા ઝાઝું પીડે તેમ એ ઘટનાની સ્મૃતિ નારણને વધારે પીડતી હતી.

'હું અ અ... જોઈશ પછી, જવાય તો...' કહી નારણે વાતને બીજે પાટે ચઢાવી દીધી હતી. અનોખી ઝાઝું પૂછવાનું ટાળતી રહી હતી. પછી નારણ ન જઈ શક્યો. 'મયૂર પણ ગમે તેમ તોય પોતાનો જ દીકરો ને ?' નારણ મ્લાનવદને વિચારે ચઢી જતો. મયૂર ફરી કદી ઘરે આવ્યો નહીં.

ઉડતી ખબર ક્યારેક નારણના ઘરે વિસામો લેતી. નારણ ત્યારે મયૂર વિશે રજેરજ જાણવા ઉત્કંઠિત થઈ જતો હતો. વાત લાવનારને 'હેં ?', 'એમ ?', 'પછી કેવી રીતે ?', 'અચ્છા ?', 'હવે કેવું ચાલે છે ?' - એમ

એકાધિક પ્રશ્નો પૂછી મયૂર વિશે ઝીણી ઝીણી વિગત મેળવી લેતો સમાપને 'ભગવાનની દયાથી એ સદા સુખી રહે' એવા શુભાશિષ ઉચ્ચારી મૌન થઈ જતો. એ મૌનનું ભારણ ઘણા દિવસો સુધી રહ્યા કરતું હતું. ક્યારેક ઉકળતી ચાને જોતાં એ વિચાર્યા કરતો. 'મારે સમાધાન કરી લેવું જોઈએ. પણ સમાધાન એટલે શું ? પુત્રવધૂના મનઘડંત ઉન્માદને પોષવા પરસેવો રેડી એકઠી કરેલી કમાણીને પળવારમાં જતી કરી દેવી ? ના. ના. એ નહીં બને.' ઊભા થતા પ્રશ્નો અને પીડાદાયી ઉત્તરો નારણને સમાધાનકારી વલણ અપનાવતા રોકતા હતા.

સવારથી ઘરને બિછાને પડેલા નારણને તે દિવસે આસિત અને અનોખીએ પડખેના શહેરી દવાખાને સવારથી દાખલ કરી દીધો હતો. સ્વસ્થ થઈને સાંજે ફરેલા નારણને મળવા નાના ગામના નાના ફળિયાનું એકેએક ઘર આવી ગયું હતું. અનોખીએ કહ્યું હતું, 'મયૂરને અમે ફોન કર્યો છે...' એટલે જ નારણ આતુરતાથી દરેક આવનારને જોયા કરતો હતો.

આસિતના બાપુ - બાલુભાઈ - નારણના બાલમિત્ર, સહાધ્યાયી અને સહકર્મી હતા. નાની ઉંમરે હૃદયરોગનો હુમલો આવ્યો ને બાલુભાઈનું અચાનક મૃત્યુ થઈ ગયું. ખરે ટાંકણે બાલુભાઈની વિધવા સુમિત્રાને બહેન માની નારણે છાસવારે મદદ કરી હતી. આસિતને ભણાવવા, ધંધો જમાવવા નારણે સહકાર આપ્યો હતો. એક જ વર્ષે મયૂરની માનો સ્વર્ગવાસ થયો, બે મહિના પછી આસિત નમાયો થઈ ગયો હતો. ભાંગી પડેલા આસિતને નારણે સાચવી લીધો હતો. એટલું જ નહીં પોતાના મોસાળમાં દૂરની બહેનની દીકરી અનોખી સાથે આસિતનાં ધૂમધામથી લગ્ન કરાવ્યાં હતાં. પિયરસગાઈને નાતે જ અનોખી નારણને મામા કહી સંબોધતી હતી.

મયૂરને ઝંખ્યા કરતો નારણ રાહ જોતાં જોતાં 'મયૂર આખરે ન આવ્યો ને !' વિચારે બેહદ દુઃખી થઈ ગયો હતો. પ્રિયતમ વ્યક્તિને કોઈકે ઝૂંટવી લીધાનો ઝૂરાપો એને વળગી પડ્યો હતો. સમજદાર અનોખીએ એના મનને વાંચી લીધું હતું, 'મામા, તમે કોઈ વાતે ઓછું ન આણશો. અમે છીએ ને...' નારણની ના છતાં અનોખી સવાર-સાંજ થાળી ઢાંકી જતી હતી. વ્યવહારુ નારણ આસિત-અનોખીની મનાઈ છતાં મહિને-પંદર દિવસે શાકભાજી અને કરિયાણાની થેલી એમને રસોડે મૂકી આવતો હતો.

પંદર દિવસ પછી ઉઘડેલા ઘરને સાફ કરતા નારણને આસિતના દીકરા આરવે વિચારતંદ્રામાંથી ઢંઢોળ્યો. 'દાદા, મારા માટે શું લાવ્યા ?' નારણ બિસ્કિટ પૅકેટ એને ઘરે તે પહેલાં રમકડાંની થેલીને આરવે ફરશ પર ઠાલવી દીધી. પત્તાં, લખોટી, ભમરડા, ચીચકા, બસ... જાતભાતનાં રમકડાં. આરવ રમવામાં મશગૂલ થઈ ગયો.

એ રાત્રે ચિત્રવિચિત્ર ભ્રમણાઓથી નારણને બેચેની ઘેરી વળી. એને અંદેશો થઈ ગયો કે હવે એની પાસે ઝાઝો સમય નથી. બીજે દિવસે બૅંકમાંથી પચાસ હજારનો ઉપાડ કરી આસિત-અનોખીને એણે તેડ્યાં.

નારણનો અવાજ થોડો ક્ષીણ થઈ ગયો હતો, 'સુખેદુઃખે તમે બંનેએ મારા સગા દીકરાથીયે અધિક મારી સેવા કરી છે. હું સાજોમાંદો હોઉં તો જરૂર પડેય ખરી. મારા તરફથી તમારા બંને માટે નાનકડી રકમ...' નારણ આટલું બોલતાં હાંફી ગયો. એણે નોટનું બંડલ આસિતને ધર્યું.

નારણનો હાથ પ્રેમથી પાછો ઠેલતાં આસિત બોલ્યો. 'કાકા, તમે તો મારા બાપુજીને ઠેકાણે છો. અમે તમને સાચવી લઈશું પૈસાની જરૂર નથી.'

નારણના અતિશય આગ્રહથી આસિતે અનિચ્છાએ દસ હજાર લીધા. બીજી રકમ જાળવીને નારણે બંનેની હાજરીમાં કબાટમાં મૂકી અને ચાવી ઓશીકા નીચે મૂકી દીધી.

બીજી સવારે ઝીણો તાવ-શરદી જેવી સામાન્ય બીમારી હોવાથી આસિત ડૉક્ટરને ઘરે જ તેડી લાવ્યો. ચેકઅપ, ઈંજેક્શન, દવા... નારણને હવે સારું લાગતું હતું.

ફળિયામાં બેસુમાર રડતાં કૂતરાઓના અવાજથી અનોખી વહેલી સવારે જાગી ગઈ. ફફડતા જીવે એ દોડીને નારણના ઘરે પહોંચી ગઈ. ખુરશી અડકાડેલું બારણું ખૂલી ગયું. અનોખીની મરણપોકથી ધીરે ધીરે ફળિયું નારણના ઓટલે એકઠું થવા માંડ્યું.

મયૂર અને અંકિતા વેળાસર આંખે આંસુનાં તોરણ બાંધી હાજર થઈ ગયાં. ફળિયાની ફિટકાર વરસાવતી આંખોથી છેદાઈ ગયો હોય તેમ મયૂર નારણના પગ પકડીને હીબકાં ભરવા માંડ્યો. શોકમગ્ન માણસોની અવરજવર વધી પડી.


આસિતે અનોખીને તેડી મયૂર-અંકિતાને રસોઈઘરમાં બોલાવ્યાં. ચૂપચાપ થોડી પળો વીતી ગઈ. આસિત રુંધાયેલા કંઠે બોલ્યો, ''અમે ઘણી ના પાડી તોય કાકાએ દસ હજાર રૂપિયા અમને આપ્યા હતા. બે હજાર ડૉક્ટરની ફી અને દવાદારૂમાં વપરાયા છે. આ આઠ હજાર તમારા જ છે.' એણે મયૂરને હાથમાં પૈસા પકડાવ્યા.

'અને - બીજા ચાળીસ હજાર કબાટમાં છે. ચાવી ઓશીકા નીચે છે. તમને જરૂર પડે તો...' અનોખી આંસુ લૂછતાં બોલી.

અંકિતાની આંખો આક્રોશથી છલકાઈ ગઈ. મયૂરને ખભે હાથ મૂકતાં એ બોલી, 'મયૂર જોયું ? પોતાના દીકરા માટે પૈસા નહોતો ને પારકા માટે તિજોરી ખુલ્લી રાખીને બેઠા'તા...'

અવાચક ઊભેલા આસિતની પડખે અનોખીની આંખોમાંથી આંસુના બે બુંદ સરી પડ્યાં.

❖❖❖



# જીવનમાંથી આનંદ લૂંટો

કમળા નેહરુપાર્ક પર ફરતાં એક સુખી મિત્ર મળ્યા. દર વર્ષે તેઓ કાશ્મીર જવાની વાત કરતા. તેઓ એટલા સુખી હતા કે કાશ્મીર જવાનું ઍરોપ્લેનનું ભાડું તેમને ફ્લોરા ફાઉન્ટનના બસના ભાડા જેવું લાગે. છતાં તેઓ જઈ શકતા નહોતા. કાશ્મીર તો ઠીક, પણ મુંબઈનું પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ પણ તેમણે જોયું નહોતું - જોકે જોવા જવાની વાત તો તેઓ વર્ષોથી કરે છે.

આખરે હસતાં હસતાં તેઓએ કહ્યું: 'મારી પત્ની અને પુત્રોને કાશ્મીર મોકલી દીધાં છે. મારાથી તો હમણાં જવાય એમ નથી. સરકારની વેપારી નીતિ તમે જાણો છો.

આ મિત્રને કેમ સમજાવાય કે 'કમાણી કોને કહેવી ? જીવનની સુંદર પળને વ્યર્થ વહી જવા દેવી અને કમાણી'ની વાતો કરવી તે કેવી બુદ્ધિમત્તા ? જીવનમાં કમાવા જેવું શું માત્ર એક ધન જ છે ? શું માનવી માત્ર રોટી પર જ જીવે છે ? ગુલાબ પર નહીં ? કવિતા પર નહીં ? સૌંદર્ય પર નહીં ? માનસિક સ્વાસ્થ્ય પર નહીં ? ચિત્તની શાંતિ અને હૃદયના વૈભવ પર નહીં ? જ્ઞાન, પ્રેમ ને આનંદ પર નહીં ?

આ મિત્રને મળતાં જ એક પ્રસંગ મને યાદ આવ્યો. આ રહ્યો તે પ્રસંગ :

ચીનની એક હૉસ્પિટલમાં એક અમેરિકન યુવતી માંદી હતી. એક અમેરિકન ડૉક્ટર રોજ દર્દીને એક વાર તપાસવા ઊડતી મુલાકાત આપી જતા.

ડૉક્ટર આજે પણ હૉસ્પિટલની મુલાકાતે આવ્યા હતા. તેમની પાસે સમય બહુ થોડો હતો તેથી ઊડતી મુલાકાતથી જ આજ તેમણે સંતોષ લેવાનો હતો. ત્યાં તેણે પેલી અમેરિકન બાઈનું નામ જોયું. તે બાઈની અને પોતાની અટક - Surname સરખી હતી તેથી તેને કુતૂહલ થયું અને તેની પાસે ગયા. થોડીઘણી વાતચીત થઈ અને છૂટા પડ્યાં.

બેત્રણ મહિને ડૉક્ટરને ચીન છોડી અમેરિકા જવું પડ્યું. બીજો એકાદ મહિનો થયો. તેમના દવાખાનામાં દર્દીઓની કતાર લાગી હતી. તેમને શ્વાસ ખાવાની પણ ફુરસદ મળતી નહોતી. ત્યાં કમ્પાઉન્ડર ટપાલ મૂકી ગયો. એક ટપાલ ચીનની હૉસ્પિટલમાંથી પેલી અમેરિકન બાઈની આવી હતી. ડૉક્ટરને કુતૂહલ થયું અને ટપાલ ખોલી વાંચવી શરૂ કરી. એક વાર તો ઊભા ઊભા વાંચી ગયા. પછી તરત ઝૂલતી ખુરશીમાં બેસી જઈ ફરી તે વાંચી. વળી ત્રીજી વાર 'પાઈપ' સળગાવતાં વાંચી અને એમ આઠદસ વાર વાંચી ગયા. કમ્પાઉન્ડર અને દર્દીઓ આશ્ચર્ય પામ્યા કે જેને મરવાની ફુરસદ નથી તેવા ડૉક્ટર એક નાનકડા પત્રમાં અડધો કલાક કાઢી રહ્યા છે !

ડૉક્ટરે છેલ્લી વાર કાગળ ધીમેથી વાંચવો શરૂ કર્યો. તેમાં લખ્યું હતું : 'તમે હૉસ્પિટલમાં મારી મુલાકાતે આવ્યા તે માટે તમારી પ્રેમાળ સહૃદયતા માટે હું અત્યંત આભાર માનું છું. તમે બતાવેલ સહાનુભૂતિથી મારું હૃદય ગદ્‌ગદિત થઈ ગયું હતું. અને મને થયું, હું પણ તમારા માટે કંઈક કરું. તમારા અત્યંત થાકેલ અને ગ્લાનિમય ચહેરા તરફ તે સમયે જ મારી નજર ગઈ હતી. અને મને લાગ્યું હતું કે જીવન પાસેથી જે મેળવવાનું છે તે તમે મેળવવું ભૂલી ગયા છો, તમારા અત્યંત ધમાલભર્યા જીવનમાં તે તમે ભૂલી ગયા છો. હું હમણાં જ એક ચિનાઈ બગીચામાં ફરવા ગઈ હતી. ત્યાં તાંબાની તખતી પર એક સુવાક્ય લખ્યું હતું. 'Enjoy yourself for it is later than you think' - જીવનમાંથી આનંદ લૂંટો, કારણ તમે ધારો છો તેના કરતાં ઘણું મોડું થઈ ગયું છે.'

ડૉક્ટરે આ વાક્ય ફરી ફરી વાંચ્યું, ધીમેથી વાંચ્યું અને મોટેથી વાંચ્યું, મનમાં ઘૂંટી ઘૂંટીનેય વાંચ્યું, પરિણામે હૃદમાં ઊંડે ઊંડે તેના પડઘા પડ્યા. આ એક વાક્યે તેમની આંખ ઉઘાડી નાખી. બાજુમાં પડેલ ટેલિફોન લઈને તેમના બીજા એક મિત્રને તેમણે ફોન કર્યો. કહ્યું : 'વહાલા મિત્ર ! તું દક્ષિણ અમેરિકાની સફરે આવી પહોંચીશ ? ત્રણ મહિના માટે વૅકેશન લેવાનું મેં નક્કી કર્યું છે.' તે મિત્ર મોટો વેપારી હતો. મોટો વેપારી લાભની જે તક વર્ષોથી શોધતો હતો તે તક તેને થોડાક થોડાક મહિનામાં મળે તેમ હતું. તે વૅકેશન ક્યાંથી લઈ શકે ? તેણે ના પાડી. ડૉક્ટર ગાડી લઈને તેની પાસે ગયા. અને કંઈ પણ દલીલ કર્યા વિના પેલો પત્ર તેણે તે વેપારી મિત્રના હાથમાં મૂક્યો. વેપારી મિત્રે આખો પત્ર વાંચ્યો. તેમાંનું પેલું પ્રેરણાત્મક વાક્ય આવતાં જ તે ચમક્યો. તેણે તે વાક્ય ફરી ફરીને વાંચ્યું : 'આનંદને લૂંટો. કારણ તમે ધાર્યું છે તેનાથી ઘણું મોડું

થઈ ચૂક્યું છે.' તેણે વેપારને પડતો મૂક્યો. હૅટ ને કોટ ઉતારી, ટાઈ કાઢી નાખી, આરામખુરશીમાં પડતું મૂકી તે બોલ્યો, 'વેપારનું થવાનું હોય તે થાય, આપણી પાસે કેટલાં વર્ષ છે સિલકમાં ! ચાલ મિત્ર ! દક્ષિણ અમેરિકાની સફરની તૈયારી કરીએ.'

અને બેઉ દક્ષિણ અમેરિકાની સફરે ઊપડ્યા. ત્યાં રીઓ ડી જેનેરોમાં એક અબજપતિ મિત્રને ત્યાં ઊતર્યા. તે મિત્રનું ઉદ્યોગનું મોટું સામ્રાજ્ય હતું. ઘરમાં તેને એકલા જોઈને તે ડૉક્ટર અને વેપારીએ પૂછ્યું : 'તમારી પત્ની અને બાળકો ક્યાં છે ?' તે ઉદ્યોગપતિએ કહ્યું : 'તેઓ તો મેક્સિકો વૅકેશન ગાળવા ગયાં છે ?'

'તમે ન ગયા ?'

'તો પછી અહીંનું આ ઔદ્યોગિક સામ્રાજ્ય સંભાળે કોણ ? તેવી ફુરસદ મને ક્યાં છે ?'

ડૉક્ટરે આ સાંભળીને ચીનની હૉસ્પિટલમાંથી આવેલ પત્ર ખિસ્સામાંથી કાઢ્યો અને દક્ષિણ અમેરિકાના તે અબજપતિને વિનંતી કરતાં કહ્યું, 'એક પાંચ મિનિટ મને આપો. આ એક પત્ર તમને મારે વંચાવવો છે.'

'ખુશીથી, તમને ના પડાય ? પણ જરા જલદી કરજો. બોર્ડની મિટિંગ દસેક મિનિટમાં થશે.'

'ફક્ત પાંચ જ મિનિટ.' કહી ડૉક્ટરે તે પત્ર વાંચવો શરૂ કર્યો. વાંચતાં વાંચતાં પત્રને છેડે લખેલું પેલું તખતીવાળું લખાણ - 'જીવનમાંથી આનંદ લૂંટો; તમે ધારો છો તેનાથી હવે ઘણું મોડું થઈ ગયું છે.' આવતાં જ અબજપતિના કાનમાં સળવળાટ પેદા થયો. તે બોલ્યો : 'જરા એ છેલ્લું લખાણ ફરીને વાંચો ને !' ડૉક્ટરે એ ફરીને વાંચી સંભળાવ્યું. અબજપતિએ ધીમેથી ડૉક્ટરના હાથમાંથી પત્ર લઈ લીધો ને એ પ્રેરણાત્મક વાક્યનું ફરી ફરીને પ્રેરણાપાન કરવા લાગ્યોઃ

'જીવનમાંથી આનંદ લૂંટો; તમે ધારો છો તેનાથી ઘણું મોડું થઈ ગયું છે.'


ક્ષણેક પછી આ અબજપતિ ઉદ્યોગ સમ્રાટે સેક્રેટરીને બોલાવવા ઘંટડી મારી. સેક્રેટરી આવતાં જ તેમણે કહ્યું : અમારા ત્રણ જણની મેક્સિકોની ટિકિટ રિઝર્વ કરાવ. મારી પત્ની અને બાળકોને મળવા અને ત્યાં વૅકેશનના સુંદર ત્રણ મહિના ગાળવા આજે જ અમે ઊપડી જઈએ છીએ. ઘટતી વ્યવસ્થા કરી લો.

સેક્રેટરીએ 'ઍપૉઈન્ટમેન્ટ બુક' કાઢતાં કહ્યું : 'પણ સાહેબ ! બોર્ડની મિટિંગ છે, નાણામંત્રીની ગાર્ડન પાર્ટી છે; પરદેશનું વેપારીમંડળ કારખાનાની મુલાકાતે આવવાનું છે; અને -'

અબજપતિએ તેને અટકાવતાં કહ્યું : ''બધું રાહ જોઈ શકે છે, પણ આ ઝપાટાબંધ વહી જતું જીવન કોઈની રાહ જોતું નથી. હું ધારું છું તેના કરતાં ઘણું મોડું થઈ ગયું છે. હવે મને જીવનમાંથી જે મેળવવા જેવું છે તે શાંતિ અને આનંદ મેળવવા દે.''

**વસંતલાલ કાંતિલાલ ઈશ્વરલાલ**

## બે- શબ્દો...



**માઈનસ અને પ્લસ**
આપણા પોતાના માઈનસ પોઈન્ટની ખબર હોય એ આપણો પ્લસ પોઈન્ટ છે.

**અવાજ અને મૌન**
પુરુષનો ઊંચો અવાજ સ્ત્રીને ચૂપ કરાવી દે છે, પણ સ્ત્રીનું મૌન પુરૂષના પાયા જ હલાવી નાખે છે.

**ડોક્ટર અને માણસ**
કેવો ગજબનો શબ્દ છે ''સોરી'' જ્યારે માણસ બોલે તો ઝઘડો પૂરો અને જો ડોકટર બોલે તો માણસ પૂરો

**યાદ અને ભૂલી**
મદદ એક એવી ઘટના છે, કરો તો લોકો ભૂલી જાય છે, ના કરો તો લોકો યાદ રાખે છે.


**આપણા અને તાપણા**
આપણા અને તાપણા ની એક ખાસિયત છે,
બહુ નજીકના રહેવું અને બહુ દૂર પણ ના રહેવું.

**શરૂઆત અને અંત ??**
જીવનની શરૂઆત પોતાના રડવાથી થાય છે, અને જીવનનો અંત બીજાના રડવાથી થાય છે.

**ક્રોધ અને લોભ**
ઈચ્છાઓ પૂરી ના થાય તો ક્રોધ વધે છે, અને ઈચ્છાઓ પૂરી થાય તો લોભ વધે છે.

**મગજ અને હૃદય**
મગજ ભલે હૃદયથી બે વેંત ઉંચે હોય, પણ હૃદય થી બનતા સંબંધો, બધાથી ઊંચા હોય છે..

# પ્રતીક્ષા



સૂર્યાસ્ત થવાને હજી અડધાએક કલાકની વાર છે. ઠંડીના દિવસો અત્યારથી ઉગ્રરૂપ ધારણ કરી ચૂક્યા છે. આ કાતીલ ઠંડીમાં બહાર પગ મૂકવો પણ મુશ્કેલ થઈ ગયો છે. વાડામાં બાંધેલી ગાયો તરફડે છે. ઘરની આસપાસ કુરકુરિયાં ઠંડી સહન કરી શકતાં નથી, આથી કૂતરી એમને સ્નાનાગારની પાસે મૂકેલી સગડીની ગરમી પાસે ઊંચકીને લઈ જાય છે. પક્ષીઓ પોતાના માળામાં ભરાઈ ગયાં છે, મંદ હવા પણ શરીરને કંપાવી દે છે. કેટલાંય વરસો પછી આવી ઠંડી પડી છે. છેલ્લાં અઢારવીસ વરસથી આવી ઠંડી પડી નથી, લોકો કહે છે. આ સાંજના વાતાવરણ પરથી લોકો ઠંડીથી બચવાના ઉપાયમાં લાગી ગયા હોય એમ લાગે છે.

પરંતુ રામીને ઠંડી જ લાગતી નથી. આજે એનો દીકરો આવવાનો છે. આથી ઘરમાં ધમાલ છે. માથી આઘો રહીને, તે ભણતો હતો. નોકરીએ લાગ્યા પછી એ પહેલી વાર આવે છે. રામીની આંખો સામે હૃષ્ટપુષ્ટ શરીર, આછીપાતળી કાળી મૂછવાળા પોતાના દીકરા સિવાય બીજું કાંઈ દેખાતું નથી. હર વખત હર સ્થળે એ જ સામે ઊભો રહે છે. એને માટે તો ઠંડી પણ કેવી અને તોફાન પણ કેવું ? કેટલાંય વરસો પછી આજે દીકરાને જોવાની માની આકાંક્ષા છે. દીકરાના સ્વાગત માટે શું બે આંખો પૂરતી થઈ રહેશે ? અંધકાર ધીરે ધીરે પોતાની ચાદર પસારી રહ્યો છે. શરીરને કંપાવી દેનારી હવા તેનું અનુસરણ કરતી પોતાની ભયંકરતા વધારી રહી છે. આ સમયે રામીને દીકરાની પ્રતીક્ષા સિવાય બીજી કોઈ ચિંતા નથી.

તિમ્મજ્જી - રામીની સાસુ હવે બૂઢી થઈ ગઈ છે. શરીર પર કરચલીઓ પડી ગઈ છે. તેના હાથપગ ચાલી શકતા નથી, કોઈ કામ કરી શકતી નથી. પરંતુ આજે ગરમ સઘડીની સામે બેસીને પૌત્રને અત્યંત પ્રિય વાનગી બનાવી રહી છે. કેળા ને પૂરી કડાઈમાં તળીને એક એક કરીને કોથળા પર મૂકે છે. અંધકાર ચારે તરફ છવાયેલો છે. ઘરની પાસે સળગતી આગની જ્વાળા ગરમ પાણીના પાત્રની બાજુમાંથી નીકળીને મંદ પ્રકાશ પ્રસારી રહી છે. રામીને તો એક દીકરાની રાહ જોવાની છે. તે યલ્લાપુર સુધી મોટરમાં આવશે અને ત્યાંથી ઘેર બળદગાડીમાં આવશે. તિમ્મજ્જીએ તેને લઈ આવવા માટે પોતાના એક સગાને પણ મોકલ્યો છે. બળદગાડીમાં સૂકું ઘાસ પાથરીને ચાદર ઘડી વાળીને મૂકી હતી. પાછા ફરતાં અંધારું થઈ પણ જાય, એ વિચારથી ફાનસ પણ મોકલ્યું. ગાડીને ત્યાં સારો સમય થાય છે, એ જાણે છે. તો પણ ગાડી ગયા પછી તેની રાહ જોતી એ બહાર ઊભી છે. પ્રતીક્ષાની પળ ખૂબ લાંબી હોય છે. હવે તો સૂર્યાસ્ત થઈ ગયો છે. કહેવાનું જ શું ? રામી અને તિમ્મજ્જી બંને ઓટલા પર બેસી બળદગાડીની પ્રતીક્ષા કરી રહ્યાં છે.

શું આ પહેલાં એણે કેટલીય વાર દીકરાની પ્રતીક્ષા કરી ન હતી ? કરી હતી. આજથી કેટલાંય વરસ પહેલાંની વાત છે. ત્યારે એ ચારપાંચ વરસનો હશે. પારણામાં પોઢતું બાળક, ઘૂંટણોથી ઘસડાઈને ચાલતું થયું ત્યારે રામી જ્યાં કાંઈ કામ પર જતી ત્યાં માની આજુબાજુ એ ફર્યા કરતો. ત્યાર પછી, જરા મોટો થતાં ગામનાં મુખીના કહેવાથી ગામની બહાર ગ્રામ્ય શાળામાં એને દાખલ કર્યો હતો. દરરોજ દીકરો નિશાળેથી પાછો ફરે ત્યાં સુધી રામી બેસી જ રહેતી હતી. નાનો બાળક હતો, પહાડી રસ્તામાંથી એકલા આવવું પડતું હતું. તદુપરાંત કાંટા અને પથ્થરોવાળો રસ્તો હતો અને જંગલી જનાવરનો ભય. દીકરો ઘેર આવે ત્યાં સુધી તેનો જીવ અધ્ધર રહેતો હતો. ત્યાર પછી ગામના મુખીએ જ સરકારી મદદ અપાવીને એને અંગ્રેજી શાળામાં મોકલ્યો હતો. ત્યાર પછી એક વરસ તાલીમ લેતા પોતાના દીકરાને મુખીએ પણ ઘેર જ ભણાવ્યો હતો. તાલીમ પૂરી થતાં ગઈ વર્ષાઋતુમાં એને નોકરી મળી છે. એનો દીકરો 'માસ્તર' શિયાળાનો સૂટ પહેરી આજે ઘેર આવી રહ્યો છે. આટલાં વરસોથી એ દૂર રહ્યો છે, હવે મોટો થઈ ગયો છે. નોકરી મળ્યા પછી પહેલી વાર આવી રહ્યો છે અને તે પણ માસ્તર બનીને.

દીકરો માસ્તર બને આ ઈચ્છા રામીની નહિ, એના પતિની હતી.

ઠંડી હવા વહેતી હતી. દીકરાને જોવાની એની દૂરની દષ્ટિએ એને દૂરની દુનિયામાં પહોંચાડી દીધી છે.

હા, દીકરાની વરસગાંઠના દિવસે રામીના પતિ સુબ્બે બધાંની સામે ગામલોકની વચ્ચે ''પોતે દીકરાને માસ્તર બનાવશે, મોટી સ્કૂલમાં મોકલશે, સુબ્બનો

દીકરો સુબ્બ નહિ બને''. કહેતાં કહ્યું હતું, ''તું ક્યારે માસ્તર બનીશ દીકરા! હું પણ તારી પાસે ભણીશ.''

એ ઈચ્છા દીકરાએ આજે પૂરી કરી છે, પરંતુ એ જોવા માટે સુબ્બ આજે નથી. પ્રતીક્ષાની પ્રત્યેક પળ રામીને ગત ચિત્રોની સન્મુખ લાવે છે.

રામીનો દીકરો નાનો બાળક હતો, એ સમયનો તેનો પ્યારો મધુરો ચહેરો એની આંખો સામે આવી રહ્યો છે. ઘરમાં ભાત ચૂલા પર મૂકતી વખતે એ રોતો તો એ કામ છોડીને ત્યાં દોડી આવતી અને બાળકને હાથમાં લઈ ચૂમતી, ખવડાવતી, ફોસલાવતી. જ્યારે બાળક રોતું ત્યારે તેને ભૂખ્યો સમજીને અન્ય સ્ત્રીઓની જેમ પરાણે પયપાન કરાવીને તેને શાંત કરતી. પછી આંખોમાંથી પડેલાં અશ્રુ ગાલના ઉપરના ભાગ સુધી આવીને ચમકતાં 'આથી આગળ નહિ વધીએ' કહી જતાં. પરંતુ બાળકનું મોહક રૂપ જોઈને એક પળ પછી આંસુ લૂછીને, ધરાઈને તે બાળકને ચૂમી લેતી. કાલી કાલી બોલીથી જ બાળકને પ્રેમભર્યા ઠપકો આપતી. બાળક સાથે થોડો સમય મન બહેલાવ્યા પછી ચમકીને બાળકને પારણામાં સુવાડી, કામળો ઓઢાડી કહેતી, ''તને આમ ઝાલીને બેસી રહીશ તો તારા બાપુને ખાવાનું કોણ ખવડાવશે? બિચારા થાકીને આવે છે.'' અને તે રસોડામાં પહોંચી જતી. રાંધી, થાળી તૈયાર કરી, લોટો ભરી બારણા પાસે આવી એ તેના પતિની પ્રતીક્ષામાં ઊભી રહેતી.

''અત્યાર સુધીમાં મારો લાડલો અડધો રસ્તો વટાવી ચૂક્યો હશે!'' ત્યાં બેસીને તિમ્મજ્જી બોલી.

''સીધા ઝડપથી આવતા હશે તો વટાવી ચૂક્યો હશે'' અટકી અટકીને રામીના મોંમાંથી શબ્દો નીકળ્યા. પાલવ બરાબર કરી, ગળાની મણિમાળા પર હાથ ફેરવતી એ અંદર ગઈ. ભગવાનની સન્મુખ દીવામાં તેલ પૂરી, વાટ મોટી કરી અને બહાર આવી ફરી એ પોતાની જગાએ બેસી ગઈ.

સુબ્બ-રામીનાં લગ્નનાં કેટલાક દિવસ પછી તિમ્મજ્જીએ પોતાના ભાગની થોડી જમીન મેળવી હતી. હવે એ ઘર, ખેતર વગેરે તિમ્મજ્જી અને રામીની મહેનતનું ફળ છે. પહેલી વાર સુબ્બ-રામી અહીં આવ્યા હતાં ત્યારે ફક્ત જમીન હતી. આખા ગામમાં સાતઆઠ ઘર હતાં. એમણે જ પહેલી વાર વાંસનું ઘર બાંધ્યું હતું. જેમ જેમ સગવડ થતી ગઈ તેમ તેમ સુધારા થતા ગયા. નિયમન, પતિ પ્રત્યેનો પ્રેમ, કાળજીભરી દેખરેખથી પતિને સારા રસ્તે લાવવાની રામીમાં ક્ષમતા હતી. છતાં સુબ્બ કેટલીય વાર છૂપી રાતે દારૂ પીતો હતો. ચોરીછૂપીથી પણ મદ્યપાનની તૃષ્ણા બુઝાવી લેવાની આદતથી ગામલોકો નારાજ થઈ ગયા હતા અને કેટલાક લોકોએ તો એને ગામની બહાર કાઢવાનો નિશ્ચય કર્યો હતો. આખરે રામીએ સુબ્બને સમજાવ્યો હતો. આપણે પણ એક કુટુંબ, પત્ની, ખેતર, ઈજ્જતઆબરૂ છે. ભવિષ્યમાં ન પીવાના એણે ભગવાન આગળ સોગન લીધા હતા. શિવરાત્રીને ચાર દિવસની વાર હતી ને રામીએ બાળકને જન્મ આપ્યો. આજે એની રાહ જુએ છે. બેમાંથી ત્રણ થયાં. બાળકની પહેલી વરસગાંઠ આવતાં પહેલાં તો રામી અને સુબ્બે પોતાનું એક ઘર બાંધી દીધું. વાડી લીધી અને કૂવો પણ બનાવડાવ્યો. બળદગાડી પણ ખરીદી. વાડીમાં સારાં શાકભાજી થતાં હતાં. આ શાકભાજી દશ માઈલ દૂર યલ્લાપુરના બજારમાં વેચી આવવાનું કામ સુબ્બનું હતું.

''રામી, રામી! ત્યાં જો. દૂરથી બળદની ઘંટડીનો અવાજ આવે છે. મને કાંઈ દેખાતું નથી. તું જ જો.'' તિમ્મજ્જીએ આંગળી કરી બતાવ્યું.

એ બળદની ઘંટડીનો અવાજ નહિ પણ મંદિરની ઘંટડીનો અવાજ છે, રામીને સ્પષ્ટ થઈ રહ્યું હતું. દીકરાને આવવામાં મોડું થઈ ગયું છે, એને થયું. એની બેચેની વધવા લાગી. પહેલાં પણ આ પ્રમાણે યલ્લાપુરમાં શાકભાજી વેચીને પતિની પાછા આવવાની એ પ્રતીક્ષા કરતી હતી. સુબ્બ ભડભાંખરામાં ઊઠીને શાકભાજી ગાડીમાં લાદી નીકળતો હતો. સૂરજ ચઢતાં પહેલાં જ બજારમાં પહોંચી જઈ, તે વેચી પૈસા લઈ લેતો અને અંધારું થતા પહેલાં એ ઘેર આવી જતો. 'સૂકા બાંગડા' સુબ્બાની પ્રિય વસ્તુ હતી. બહાર જતા પહેલા સુબ્બ પત્નીને બાગંડા શેકીને તૈયાર રાખવાનું કહેતો હતો. સાંજ પડતાં જ રામી રાંધીને, સૂકા બાંગડા દેવતામાં સેકી, સગડીની પાછળ મૂકતી અને બહાર આવીને પતિની રાહ જોતી. ઘરની ચોમેર તેની વિશિષ્ટ મહક પ્રસરી જતી. એ અંધકારપૂર્ણ રાત્રિની ઠંડીમાં પણ દૂરનો અવાજ સાંભળવા માટે રામીના કાન આતુર રહેતા હતા. થાક્યામાંદા પતિને પેટ ભરીને ખવડાવતી અને પછી આરામથી સુવાડવા માટે એને ખેંચી લાવતી.

રાતના બે વાગી ગયા છે. રામી અને તિમ્મજ્જી હજી પણ બળદગાડીની પ્રતીક્ષા કરી રહ્યાં છે. ઠંડી સખત છે, હવાનો સહારો મેળવીને શરીરને ઠીંગરાવી નાખે છે. હવે તો રામીનું મન અસ્થિર-ડગુમગુ થઈ ગયું છે. સહનશક્તિ ખૂટવા આવી છે. હજી સુધી કેમ આવ્યો નહિ? અત્યાર સુધીમાં તો તે આવી જવો જોઈતો હતો. એની આ શંકાનું કારણ પણ છે.

એક દિવસ આ પ્રમાણે એ પતિની પ્રતીક્ષા કરી રહી હતી. તે રાતે એને પાછા ફરતા બહુ વાર થઈ ગઈ હતી. એ રાહ જોતી હતી ત્યાં એકાએક બાળક રડયો. દોડાદોડ એ અંદર ગઈ જોયું તો બાળક ગાઢ ઊંઘમાં ઊંઘતો હતો. નીંદમાં જ રડ્યો હશે. ધીરેથી એણે બાળકના ગાલ ચૂમ્યા. પછી ભગવાનનાં ચરણોમાં મૂકેલા દીવામાં તેલ પૂરવા ગઈ તો તેલ વધુ પડી જવાથી દીવો હોલવાઈ ગયો. દીવો ફરી કરીને એ બહાર આવી. એટલામાં બળદોના ગળાની ઘંટડી સંભળાઈ. આ એમની ગાડી આવી રહી છે, તેને ખ્યાલ આવી ગયો. રામી ત્યાં બારણા આગળ ઊભી રહી, હાલી નહીં. દરરોજ ગાડી પાસે પહોંચી જઈ પતિનું સ્વાગત કરતી હતી. પરંતુ આજે તો પતિ જ મારી પાસે આવે, રામી ઈચ્છતી હતી. પતિની પ્રતીક્ષામાં વ્યાકુળ થયેલું એનું મન ફરી ઉલ્લાસિત થઈ ગયું. જેમ જેમ ગાડી પાસે આવતી ગઈ તેમ તેમ એની પ્રસન્નતા વધતી જતી હતી. એ શબ્દોના ફુવારા દ્વારા પોતાની પ્રસન્નતા પ્રગટ કરવા ઈચ્છતી હતી.

પરંતુ એ મૌનનો અભિનય કરતી ઊભી રહી. ગાડી વધુ પાસે આવી. તેનું મૌન, તેનો બંધ તૂટી ગયો... પગથિયાં ઊતરી તે આગળ વધી. અંધારામાં કાંઈ પણ સ્પષ્ટ જણાતું ન હતું. આછા પ્રકાશમાં આગળ વધી તેણે પૂછ્યું, ''આટલું મોડું કેમ થયું ? રાતના ત્રણ વાગ્યા સુધી શું કરતા હતા ?'' અને ગાડીને ઊભી રાખીને કહ્યું, ''હવે ઊતરો''.

પરંતુ ગાડીમાંથી કોઈ અવાજ આવ્યો નહિ. સુબ્બને ગાડીમાં સૂઈ જવાની ટેવ હતી. પાછા ફરતી વખતે, જ્યારે થાકી જાય ત્યારે એ સૂઈ જતો હતો. બળદ ગાડી ખેંચતા ઘેર પહોંચી જતા. તેથી ગાડીની બાજુમાં ઊભા રહીને રામીએ મોટેથી કહ્યું, ''આજે બિલાડી માછલી લઈ ગઈ છે. તમારે એમ જ ખાવું પડશે.'' અને તેણે પૈડા પર ચઢીને અંદર જોયું. ગાડીમાં સુબ્બા ન હતો. એની છાતી જોરથી ધડકવા લાગી. પરંતુ એ ગાડીની પાછળ પાછળ ચાલતા આવતા હશે, રામીએ વિચાર કર્યો અને તે સહેજ આગળ જઈને ઊભી રહી.

રામી આ વિચારોમાં પૂરેપૂરી ડૂબી ગઈ હતી.

પ્રતીક્ષાથી કોઈ લાભ થયો નહિ. પાછા ફરીને ગાડીની સામે દીવો ધરીને તેમાં જોયું તો ત્યાં ઘણાં નિશાન હતાં. દીવો હાથમાંથી નીચે પડી ગયો. રામી પણ ઢળી પડી. તે જેને એક ખેલ સમજી રહી હતી તે દેવનો ક્રૂર ખેલ હતો, એ સમજતાં વાર ન લાગી. હવે તેને યાદ આવ્યું : તેલ પૂરતી વખતે ભગવાનનો દીવો બુઝાઈ ગયો હતો. આ વજ્રઘાત એને માટે અસહ્ય હતો. એ રડી નહિ. મૂક પાષાણ બનીને રહી – એવો પાષાણ જેને ઘોર અંધકારની કંપાવી મૂકનારી ઠંડી પણ વિચલિત કરી શકે નહિ. એને માટે જીવનના સાહસપૂર્ણ અનુભવની અપૂર્વ પ્રતીક્ષા હતી. દરેક સુખની પ્રતીક્ષા કરનારી રામી અધવચ્ચે જ ચકરી ખાઈને પડી ગઈ હતી. સ્વપ્નનું નંદનવન રણમાં ફેરવાઈ ચૂક્યું હતું. એને સહાનુભૂતિ આપનારું કોણ હતું ? ત્યારે તિમ્મજ્જી પણ ત્યાં ન હતી. એ પોતે પોતાની જાતને કેવી રીતે સમજાવે ? કેવી રીતે મનાવે ? એક તરફ પતિનો સંબંધ અડધા માર્ગે જ તૂટી ચૂક્યો હતો અને બીજી તરફ અંદર માસૂમ બાળક હતું. અહીં બાળક પણે મૃત પતિ...

જ્યારે રામી બેજી હતી. ત્યારે સુબ્બ કહેતો હતો, 'થાક જણાતો હોય તો આવીશ નહિ, હું એકલો ખેતરમાં કામ કરીશ.''

''જો રામી, તું મારી સાથે રહીશ તો મારે બીજા કોઈની ચિંતા નહીં રહે. ક્યારેક એણે કહ્યું હતું.'' કોણ જાણે બીજું શું શું કહ્યું હતું. આ બધી વાતો આજે રામીના શરીરમાં વીંછીના ડંખની જેમ ભોંકી રહી છે.

એ સહન કરી શકી નહિ. દોડીને તે બાળકના પારણા પાસે આવી હતી. બાળક જાગી ગયું હતું. હાથપગ હલાવી રહ્યું હતું. કોઈને પોતાની પાસે આવતું જોઈને હાથપગ ઉછાળી એ હસવા માંડતું હતું. રામી માટે એ અસહ્ય હતું. એ હોઠ ઉઘાડવાનો પ્રયત્ન કરતી હતી ત્યાં આંસુધારા ફૂટી નીકળી. ત્યાં એ વધુ રોકાઈ ન શકી. બહાર આવીને એ ઊભી રહી હતી.

એના ઘરની આગળથી ગણપુ અને એના ચારપાંચ દોસ્તો જઈ રહ્યા હતા. હાથમાં મૃદંગ લઈને યક્ષગાન શીખવા માટે એ લોકો તે રસ્તેથી દરરોજ જતા હતા. એમણે બહાર ઊભેલી રામીને જોઈને વ્યંગમાં કહ્યું હતું, ''જો હજી સુધી સુબ્બ ઘેર આવ્યો નથી ! આ ગામમાં ફક્ત એક આને જ પતિ છે.'' કેટલાય દિવસથી રામી પર એની નજર હતી, પરંતુ કંઈ લાભ મળ્યો નહિ એટલે એના પર ખાર ખાતો હતો.

''કોણ જાણે બજારમાં કોઈની સાથે મોજ માણતો હશે, એને કોઈ પત્ની પણ હોય ખરી ?'' ગણપુએ યક્ષગાનની શૈલીમાં કહ્યું. બીજાઓએ એની 'હા' એ 'હા' કરી. કોઈ એને ઢંઢોળી રહ્યું છે, રામીને લાગ્યું હતું. એક તરફ વિરહવેદનાનો આઘાત અને બીજી તરફ લોકોની બૂરી નજર, સહન ન થઈ શકે એવી વાતો. પ્રતિકૂળ વાતાવરણ ચારે તરફથી એના પર પ્રહાર કરી રહ્યું હતું. અસહ્ય પતિવરહ, દુષ્ટોની વ્યંગોક્તિ - આની વચમાં જીવનની પ્રત્યે ઘૃણા તેના મનમાં ઉત્પન્ન થઈ હતી. જીવનનો અંત આણવાનો વિચાર કરતી હતી. પરંતુ પારણામાં ખડખડાટ હસતા નિર્દોષ બાળકનું આકર્ષણ, મોહ એનું મન વિચલિત

થતું હતું. વિચારમાં ડૂબેલી રામી, એકાએક ચીસ પાડી ઊઠી...

''રામી, રામી જો આપણી ગાડી આવી ગઈ ?'' તિમ્મજ્જી બોલી ઊઠી.

આ સાંભળીને રામી ચમકી. વાસ્તવિક જગતમાં એ આવી. જાણે ઊંઘમાંથી જાગી ન હોય ! ઘંટડી પાસેથી સંભળાઈ રહી છે. ગાડી આવી ગઈ.

પ્રતીક્ષાનું ફળ મળ્યું. ગાડી નજીક આવીને ઊભી રહી. રામી, તિમ્મજ્જી બંને પગથિયાં ઊતરીને બહાર આવ્યાં. ઘણા સમયથી જે ઘંટડીના અવાજની પ્રતીક્ષા હતી, એ વાગી રહી હતી. તિમ્મજ્જી થાળીમાં તૈયાર રાખેલા લાલ પાણી સાથે પૌત્રની પાસે ગઈ. તેનો પૌત્ર ગાડીમાંથી કૂદી પડ્યો. ફૂલ પૅન્ટ અને શર્ટ પહેર્યાં છે એણે. ''મારો દીકરો, ખરેખર પાકો માસ્તર દેખાય છે રે !'' તિમ્મજ્જીએ કહ્યું.

''માસ્તર જ છું. દાદીમા !''

''જરૂર, મારો દીકરો માસ્તર ન થાય તો બીજો કોણ થાય !'' રામીએ સગર્વ કહ્યું.

''મા, તું અને દાદીમા ક્યારથી રાહ જોઈ રહ્યાં છો ? જુઓ, આવી ગયો ને ?'' દીકરાએ કહ્યું.

રામીએ તેને પોતાની પાસે ખેંચીને ગળે લગાડ્યો. માતૃહૃદયનો પ્રેમ તૃપ્ત થઈને ઝૂમી ઊઠ્યો.

''કેટલો હૃષ્ટપુષ્ટ થઈ ગયો. અરે ! ભરાવદાર ગાલ, નાની ઝીણી મૂછો, ઊંચું શરીર ! મને તો થઈ ગયું – આ સુબ્બ જ આવ્યો !'' તિમ્મજ્જીએ કહ્યું.

ઠંડીથી શરીર ધ્રૂજી રહ્યું છે, રામીને લાગ્યું. ઘણા સમયથી રોકી રાખેલાં આંસુ હવે વહી આવ્યાં - જાણે ગરમીથી બરફ ઓગળતો ન હોય.

**સુંદર નાડકર્ણી**

**અનુવાદિત : નવનીત મદ્રાસી**



# મંગલમય પ્રાર્થના

જીવનના પહેલા પ્રહરમાં જ જાગ્રત થાઓ,
જેથી સંધ્યા સમયે પસ્તાવું ન પડે અને
રાત્રિની નિદ્રામાં શાંતિથી પ્રવેશી શકો.

....

નિષ્પ્રભ નેત્રોથી આંતરખોજ કરશો તો
તમારી ત્રુટિઓ પ્રભાતના તારાઓની જેમ ક્ષીણ
થતી જશે.
અંતિમ મંઝિલે પહોંચવાનું એ સમર્થ સાધન છે.

—-

ઉત્કૃષ્ટ ત્યાગ અને કઠોર તિતિક્ષા
સાધકને ક્યારેક રુક્ષ, એકાંગી અને અહંભાવી
બનાવે છે.
પ્રેમની સ્નિગ્ધતા અને સાચા સમર્પણની વિનમ્રતા
અહંકારનો નાશ કરે છે.
તેમ જ સાધન અને જીવનમાં સરસતા ઊભી કરે
છે.

—-

સાંસારિક પ્રાકૃત પદાર્થોમાં
તમો હરહંમેશ સુંદરતા શોધો છો,
એનું અસ્થાયી સૌંદર્ય અનુભવો પણ છો;
પરંતુ જ્યારે અનંત સૌંદર્યરાશિ ભગવાનના
અક્ષય નિત્યનૂતન સૌંદર્યની ઝાંખી કરો છો અને
એમાં પ્રગાઢ અવગાહન કરો છો ત્યારે
પ્રતિબિંબોથી મુક્ત બનો છો.

—-

સરળતા અને પવિત્રતાની સૌમ્યપ્રભા
તમોને જાગ્રત કરી હરિદર્શન કરાવશે.
માત્ર મહત્તાનું પ્રખર તેજ તમોને અંધ બનાવશે
સત્યને મધુર મિત્રની જેમ ચાહો.
એ તમારી સમક્ષ અનાવૃત થઈ જશે,
કારણ કે હૃદયને પણ આંખ હોય છે.

# કૃષ્ણપ્રિય કદંબ

☐ યજ્ઞેશ દવે



'કદંબ' નામ પોતે જ નાનુશું પણ ઘટાદાર. 'શિરીષ' નામમાં જેમ તેના રોમશ સુંવાળાં ફૂલોનો સ્પર્શ પામી શકાય તેમ કદંબમાં તેની ઘેઘૂર ઘટાનો અને નાનાશા પુષ્પદડાનો સ્પર્શબોધ પામી શકાય. કદંબના ઝાડને જોયું તે પહેલાંય તેનો પરિચય થયો કૃષ્ણ થકી. કૃષ્ણ સાથે અભિન્ન રીતે જોડાઈ ગયું છે આ વૃક્ષ. જેમ શિવ સાથે બીલી, વિષ્ણુ સાથે વૃંદા તેમ કૃષ્ણ સાથે કદંબ. કૃષ્ણની શૈશવલીલાભૂમિ વૃંદાવન-ગોકુળ, જમુનાનો કાંઠો, રાધા, ગોપ-ગ્વાલ સાથે જ કદંબ તરત યાદ આવે. નાનપણમાં રહીમના દોહામાં તેનો પહેલો પરિચય થયો. રહીમને થાય છે કે 'કાશ જો હું ગોકુલનો ગ્વાલ હોત, કૃષ્ણની ધેનુ હોત, જમુનાના કાંઠે ઝૂકેલ કદંબ હોત.' એ કવિતાની સાથે જ યમુના પુલિન, યમુનાના નિગૂઢ શ્યામ જળ અને યમુનાના કાંઠે ઝૂકેલા કદંબનું ચિત્ર મનમાં અંકાઈ ગયું. એ પછી તો અનેક ગુજરાતી કૃષ્ણકવિતાઓમાં એ કદંબ જોયું, પણ એ કદંબનાં ફૂલોનો ઉલ્લેખ નહીં. ઉલ્લેખ માત્ર વૃક્ષનો કે કદંબની શાખનો.

કદંબ પહેલવહેલું ક્યારે જોયું ? રાજકોટમાં તો કદંબ જોયાનું યાદ નથી (જોકે એક વાર પરિચય થયા પછી આ આંખે કદંબનાં બે-ચાર બાલતરુ શોધી કાઢ્યાં). પહેલવહેલું જોયું હોય ૧૯૭૫માં સ્ટડીટુર વખતે કલકત્તાના બોટનિકલ ગાર્ડનમાં. પણ તેનીય સ્મૃતિ રહી નથી. મહોરેલું નહીં પણ ફાટફાટ ફૂટેલું કદંબ પહેલવહેલું જોયું અમદાવાદમાં અમારી જ સોસાયટીમાં સંસ્કૃતના વિદ્વાન ગૌતમ પટેલના આંગણમાં. લીમડો, પીપળો, વડપીપળ, ગરમાળો, ગુલમહોર તો માનવકોટિનાં વૃક્ષો જ્યારે કૃષ્ણપ્રિય કદંબ લગભગ દેવકોટિનું. સંસ્કૃત કવિઓને પ્રિય અને કૃષ્ણકેલિ સાથે સંકળાયેલું આ વૃક્ષ આ જમાનામાં અમદાવાદમાં અને અમારી જ સોસાયટીમાં ! હું તો આશ્ચર્યચકિત.

અષાઢના મેઘમેદૂર ભીના દિવસોમાં નાનકડું કદંબ આખું મ્હોરી ઊઠેલું - પીળા બાદલા ભરેલા લીલા સેલામાં શોભતી કોઈ કોડભરી ષોડશી જેવું. પહેલી વાર કદંબનાં ફૂલો જોયાં. ફૂલો વિષેની આપણી સામાન્ય ધારણા એટલે પાતળી પાંખડીઓ, સ્ત્રીકેસર, પુંકેસર અને લીલું વજદલ. જ્યારે કદંબનું ફૂલ તો સાવ જુદું જ નીકળ્યું. કદંબનું ફૂલ એ ફૂલ નહીં પણ ટેબલટેનિસની દડી જેવડો મઘમઘતો ફૂલદડુલો. વનસ્પતિશાસ્ત્ર પ્રમાણે એ પોતે એક ફૂલ નહીં પણ નાનાં નાનાં પુષ્પો જડિત પુષ્પસમૂહ - મદિલગંધ દૂરથીય ખેંચી લાવે તેવી. નાક પાસે લાવી સૂંઘો તો નાકે ગલીગલી થાય તેવું રોમશ સુંવાળું. સૂંઘતાંની સાથે જ નાક પર, હોઠ પર, ગાલ પર આછી પીળી સુગંધિત પરાગરજ ચોંટી જાય. એ ઘટાદાર વૃક્ષ. એ રોમશ ફૂલદડુલો-પુષ્પકંદૂક, એ માદક ઘેરી ગંધ - કૃષ્ણ અને રસિકોને આ વૃક્ષ કેમ પ્રિય હશે તે સમજાઈ ગયું.

આ કદંબને આપણે કહીએ કદંબ, પણ એ નામથી તો આપણે જ તેને ઓળખીયે. ન્યુઝીલેન્ડ, બ્રાઝિલ કે જર્મનીના ખૂણામાં બેઠેલાને ક્યાંથી સમજાય કે આપણે કયા વૃક્ષની વાત કરીએ છીએ. એટલે વૈજ્ઞાનિકોએ તો તેનું શાસ્ત્રીય નામ પાડવું જ રહ્યું. કદંબનું કુળ Rubiaceae - રુબિયેસી: વૈજ્ઞાનિક નામ Anthrocephalus Cadamba કે Anthrocephalus indica - એન્થ્રોસીફેલશ ઈંડિકા. નામરૂપની આ સૃષ્ટિમાં રૂપને નામ આપ્યા વગર કોઈનેય ક્યાં ચાલ્યું છે !

મેં અષાઢની મેઘમેદૂર સવારે ફુલ્લ કુસુમિત કદંબ જોયેલું તે મોટું નહીં પણ ત્રણેક વરસનું નાનુંશું ઝાડ સીધું જ વધેલું ને બીજા માળની અગાશીને આંબી ગયેલું - ગૌતમ પટેલે પ્રેમથી ઉછેરેલું. કેમ ન ઉછેરે ? - ગૌતમભાઈ વ્યાકરણના કોરા પાઠ કરનાર વિદ્વાન જ થોડા છે ? તે તો છે સંસ્કૃત સાહિત્ય પીને બેઠેલા રસિકજન. લીલાં ઘેરાં મોટાં પાનની ગાઢ ઘટા વચ્ચે અનેક આછા પીછા ફૂલગોટાઓ. જાણે એ ઘટામાં પડતાં છિદ્રોને પૂરવા જ આ ગોટાઓ ન ખીલ્યા હોય ! ગંધ એવી પ્રગાઢ કે કદંબ નીચે છાયાની ઘટા છે કે ગંધઘટા તે જ કહેવું મુશ્કેલ. ઉપર મધમાખીઓનો ગુંજારવ - જાણે ઝાડ આખું

ગુંજતું. શોભા એવી કે કદંબે જાણે કળા કરી હોય તેવું લાગે. કદંબની આ પુષ્પકલા ઝાઝા દિવસો ન ચાલે. માટે જ કદંબ જ્યારે પુરબહારમાં ખીલ્યું હોય ત્યારે તેને માણી લેવું જોઈએ.

આ કદંબ આપણને જો આટલું પ્રિય છે તો પ્રાચીન કવિઓને તો કેટલું પ્રિય હશે ? રામાયણમાં તો સીતાનું એક વિશેષણ જ 'કદંબપ્રિયા' છે. વિરહી રામ કદંબને જ પૂછે છે કે કદંબપ્રિયા મારી પ્રિયાને તેં જોઈ છે ? કદંબના સંસ્કૃત સાહિત્યમાં કેટકેટલા ઉલ્લેખો ! કદંબ વૃક્ષોમાંથી ઝરતા મધને પી મદોન્મત્ત બનેલા ભમરા, કદંબ પર નાચતા મત્ત મયૂરો, પ્રિયતમ રામચંદ્રનો સ્પર્શ થતાં. કદંબપુષ્પ જેમ રોમાંચિત થતાં સીતાનાં ગાત્રો, કદંબનાં પુષ્પોથી સુવાસિત થયેલ સમીરણ; કદંબરજને અંગરાગ તરીકે ચહેરા પર લગાડતા લલનાઓ, નવકુસુમિત કદંબપુષ્પોનું કર્ણાભરણ પહેરેલી રૂપસી, કદંબ ફૂલ જેવાં ખરતાં આંસુઓ, વિયોગી પ્રેમીને વિહ્‌વળ કરતી કદંબની માદકગંધ, મેઘગર્જનાથી કામપીડિત ચારુદત્તનાં કદંબપુષ્પત્વ પામતાં રોમાંચિત ગાત્રો, નવકદંબ પુષ્પોની રજથી રાતું ધૂસર થઈ ગયેલું આકાશ... કદંબને પામવાની કેટકેટલી રીતો ! કદંબ પર ફિદા થવું કે કદંબપ્રિય રસિકો પર તે નક્કી ન કરી શકાય.

ગુજરાતી કવિતામાંય કૃષ્ણ સાથે કદંબ આવ્યું. હરીન્દ્ર દવે કહે,

*'કાલિંદીના જળ પર ઝૂકી*
*પૂછે કદંબડાળી*
*યાદ તને બેસી અહીં*
*વેણુ વાતા'તા વનમાળી'*

તો માધવ રામાનુજ આંસુના જમુનાકાંઠે કદંબ વાવવાની વાત કરે,

*'રોઈ રોઈ આંસુનાં ઊમટે જો પૂર*
*તો એને કાંઠે કદંબ વૃક્ષ વાવજો'*

જમુનાજળમાં નાહતી ગોપીઓનાં કાંઠે પડેલાં વસ્ત્રો ચોરી કદંબ પર ચડી ગયેલા કૃષ્ણનું ચિત્ર વરસોથી મનમાં દોરાયેલું છે. થાય છે કે આ રૂપક છે ? સર્ સર્ સરતા આ સંસારમાં આપણી લાજ તો આકાશરૂપી કદંબ પર જે બેઠેલો છે તેના જ હાથમાં. આ જ કલ્પનાને આગળ દોરી જતાં થાય છે કે આકાશરૂપી મહાકદંબનાં ફૂલો એ નવલખ તારા જને ! રાત્રે હવે તારાઓમાંથી કદંબફૂલોની ઘેઘૂર ગંધ વહી આવશે તો નવાઈ નહીં લાગે.

❖❖❖

# સ્વાર્પણ

કાળાં કાળાં વાદળાંથી આકાશ ઘેરાવા લાગ્યું હતું. વાવણીનો સમય નજીક આવી રહ્યો હતો. ખેડૂતો એકીટશે આકાશમાં સંચરતા મેહુલાને જોઈ રહ્યા હતા. સારાય વિશ્વને પોતાના હૈયાનાં હીર સીંચીને પોષતો મેઘ આજ તોળાઈ રહ્યો હતો.

એવે સમયે એક ખેડૂત હાથમાં બિયારણનો ટોપલો ભરીને છૂટાંછવાયાં બી વેરવા લાગ્યો. અતિ ઉત્સાહ અને આશાઓના અંચળમાં તે બિયારણ વાવતો હતો.

તેમાંનાં કેટલાંક બી પથરાળ જમીનમાં પડ્યાં. ત્યાં તેઓને પોષણ ન મળ્યું, પાણી પણ ન મળ્યું અને તે બળી ગળાં.

કેટલાંક રેતાળ જમીનમાં પડ્યાં. રેતીની ગરમી અને ફળદ્રુપ જમીનના અભાવને અંગે કેટલાંક બી ફાટી ગયાં, બળી ગયાં, ધૂળ મિશ્રિત થઈ ગયાં.

હવે જે થોડાંક બી પોચી, કાળી અને ચીકણી તથા કાંપવાળી જમીન ઉપર પડ્યાં હતાં તે ખીલી નીકળ્યાં. તેમાંથી અનર્ગળ પાક ઊભો થયો. ડૂંડાંઓ લહેરાવા લાગ્યાં. એ બધો પ્રતાપ માટીનો, કાંપનો, સારા ક્ષારનો.

માનવીમાંય છૂટાંછવાયાં પથ્થર પર પડેલાં, રેતાળ જમીનમાં દટાયેલાં અને ફળદ્રુપ કાંપની જમીનમાં પડેલાં બીજ જેવાં પણ છે. કોઈક નિષ્ઠુર અને ક્રૂરતામાં અને સ્વાર્થમાં રચ્યાંપચ્યાં રહે છે. કોઈ રેતાળ જમીનની માફક આત્મસંતોષમાં પારકાનું હિત ન વિચારતાં દુનિયામાં નાશવંત સ્થિતિમાં જીવે છે અને કેટલાંક સારા સંસ્કારના પોષણથી, જીવનના અર્કને હૈયામાં સમાવી, લોહીના બુન્દેબુન્દમાં માનવસેવા અને જનકલ્યાણના કાર્યમાં રહી સ્વાર્પણ કરે છે !



# સુખનો નિશ્ચિત માર્ગ

સુખ એ અતિ વિરલ અમૂલ્ય અને માનવીના મનની અતિ ગહન સ્થિતિ છે. સુખ એ સમજદારીનું વરદાન છે. ખરી રીતે કાયમી સુખનો આધાર માણસ કેટલું પરિપક્વપણું ધારણ કરી શકે છે, તેના પર રહેલો છે.

એક માણસ પાસે રહેવા માટે ફ્લૅટ છે, ફ્રીઝ છે, સ્કૂટર છે; પણ તેની ફરિયાદ છે કે, 'શાળાનો શિક્ષક પણ આટલું તો મેળવી શકે છે તો પોતાની શું વિશેષતા ?' તે જ રીતે બીજા એક બંગલા કે મોટરવાળા ધનવાન માણસને પણ બીજાથી ચઢિયાતો બંગલો અને મોટર જોઈએ છે તેથી તે અસંતોષ અને દુ:ખ અનુભવે છે. વળી જાતજાતના મોટા બિઝનેસ -વ્યાપારો ચલાવનારા કેટલાકના જીવનમાં વધુ સંપત્તિવાન બનવાની તૃષ્ણા અને મળેલ સંપત્તિ ગુમાવવાનો ડર રહ્યા કરે છે.

પણ, માનવીને જ્યારે પૂર્ણતાનો અને આત્મસંતોષનો અનુભવ થાય છે ત્યારે સુખ આપોઆપ આવી પહોંચે છે. આ સામાન્ય રીતે કેળવણી અને તાલીમનું પરિણામ હોય છે. કારણ કે સુખ-પ્રાપ્તિને વિવેકપૂર્ણ માનસિક તાલીમથી સજ્જ એવા મગજની જરૂરત હોય છે. આવો માણસ કામ કરવાનો ઉત્સાહ ધરાવતો હોય છે અને આજુબાજુના જગતમાં સક્રિય રસ લેતો હોય છે. તે ફુરસદનો સદુપયોગ કરે છે.

હોઈ શકે છે કે તમારું કોઈ પ્રિયજન તમને છોડી ગયું હોય અગર પ્રિયપાત્રનું મૃત્યુ થયું હોય, તમારા જીવનનું કોઈ પ્રિય કાર્ય ઝૂંટવાઈ ગયું હોય કે નોકરી છૂટી ગઈ હોય અગર તમારાથી કોઈ એવું ખોટું કામ થઈ ગયું હોય જેનો અપરાધભાવ મનને આતંકિત કરી રહ્યો હોય. આવા દુ:ખ અને માનસિક બોજના સમયે કોઈ વ્યસનનો સહારો ન લેતાં, તૂટી ન પડતાં, સંકટનો શાંત ચિત્તે વિચાર કરી મુકાબલો કરવો જોઈએ. રોબર્ટ લૂઈ સ્ટીવન્સને એક વાર કહ્યું હતું, ''આપણે જે છીએ તે થવું અને જે થવાને શક્તિમાન છીએ તે થવું એ જ જીવનનો સુખદ માર્ગ છે.'' આપણા શરીરની કુદરતી રચના જ એવી છે કે જીવિત રહેવા માટે સંઘર્ષ કરવો જ પડે નિષ્ક્રિય રહી શકાય જ નહિ. અપરાધ, શોક, અસફળતા અને દુ:ખોથી ભરપૂર બોજયુક્ત જીવનમાં ઠોકર ખાઈ, ઊઠીને આગળ વધવાનું છે. આપણે આપણા જીવનમાં આંતરિક સમૃદ્ધિ વધારી, બીજાના કષ્ટમય જીવનને સમજી અને એ દ્વારા વિકાસ સાધતા રહેવાનું છે.

જીવનની યોગ્ય દિશા શોધી. કોઈ સુખી જન્મ્યું નથી હોતું. મનોવૈજ્ઞાનિક એરિક ફ્રોમ કહે છે, ''સુખ એ ઈશ્વરદત્ત બક્ષિસ નથી; પરંતુ આંતરિક કાર્યરત પણાથી પ્રાપ્ત કરેલ એક સિદ્ધિ છે.'' મહાકવિ દાંતેના શબ્દોમાં એવા લોકોને જુઓ જે જીવનનાં 'અંધારાં જંગલો'માંથી પસાર થયા છે. હેલન કેલર, મહાત્મા ગાંધી સર્વન્ટીસ, ગેરી બાલ્ડી, માર્ટિન લ્યૂથર કિંગ વગેરે વીરોએ કદી હિંમત ખોઈ નહોતી. આ સાહસિક સ્ત્રીપુરુષો એ વાતનું પ્રત્યક્ષ પ્રમાણ છે કે જીવન જીવવા યોગ્ય છે. મનોવૈજ્ઞાનિક વિલિયમ જેમ્સે લખ્યું છે : ''એક વાર તમારા મનમાં એવો વિશ્વાસ પેદા થઈ જાય પછી આ વિશ્વાસ જ વાસ્તવિકતા તરફ પહોંચાડી દેશે.''

દુ:ખી લોકો પોતાની એવી સ્થિતિ માટે ભાગ્યે જ પોતાની જવાબદાર ગણતા હોય છે. તેઓની નોકરી, વ્યવસાય, લગ્ન કે માબાપ અથવા તેમનું ભાગ્ય આ માટે દોષિત છે તેમ તેઓ માને છે. પણ ખરું કારણ તો તેઓના જીવનની શિથિલતા કે અપરિપક્વતા જ છે. તેઓ આળસુ અને ચિંતાતુર હોય છે. તેઓ પાસે કાર્યમાં કે પ્રેમમાં આપવા જેટલી ઉષ્મા હોતી નથી. તેઓ બેપરવાઈથી ભાગ્ય તરફ મીટ માંડે છે. તેઓમાં આત્મશંકા અને લઘુતાની ભાવના હોય છે.

પણ કોઈ વ્યક્તિ વિજયી બનવાની આશા રાખતો હોય તો તેણે આત્મવિશ્વાસ રાખતાં શીખવું જોઈએ. અને એવો સંશય શા માટે હોવા જોઈએ કે કદાચ નિષ્ફળ જશું. નિષ્ફળ થાવ તો પણ શું ? નિષ્ફળતા એ સફળતાનો પાયો છે. વળી એવું પણ હોય કે આપણે આપણા સામર્થ્યથી અધિક કોઈ મોટી ચીજ માટે પ્રયત્ન કરતા હોઈએ; પણ નજીવી બાબતો પર વિજય મેળવી ધીમે ધીમે વધુ મોચી મુસીબતો પાર કરી શકીએ. આ સખત પરિશ્રમથી મેળવેલ વિજયનું ફળ આત્મશક્તિ અને સંતોષ છે, તેને કોઈ વર્ણવી શકે તેમ નથી. માત્ર આપણી આત્મશક્તિથી જ આ સંપૂર્ણ સુખને આપણે ઓળખી શકીએ છીએ.

ખ્યાતનામ ઈતિહાસકાર વિલ ડુરાં પોતાનો અનુભવ વર્ણવતાં લખે છે કે તેણે જ્ઞાનમાં સુખ મેળવવાની આશા રાખી પણ તેને અસફળતા મળી, મુસાફરીમાં સુખને બદલે કંટાળો મળ્યો, ધનમાં કુસંપ અને ચિંતા મળ્યાં. તેણે, પોતે લેખનકાર્યમાં સુખની આશા રાખી; પરંતુ તેથી થાક જ મળ્યો. એક દિવસ તેણે એક સ્ત્રીને મોટરકારમાં ઊંઘતા બાળકને લઈને રાહ જોતી બેઠેલી જોઈ. એક પુરુષ ટ્રેનમાંથી ઊતર્યો અને તેની પાસે આવ્યો. તેણે સ્ત્રીને અને બાળકને વહાલભર્યાં ચુંબન કર્યાં. કુટુંબ મોટરકારમાં દોટ હંકારી ગયું અને ડુરાંને સાચા સુખનું ભાન કરાવી સ્તબ્ધ બનાવી દીધો. તે હવે આરામથી રહેવા લાગ્યો અને તેણે શોધ્યું કે જીવનનું દરેક સામાન્ય કાર્ય પણ કંઈને કંઈ આનંદ આપે છે જ.

એડમિરલ બાયર્ડ જ્યારે રોસ બેરીઅરના હિમાચ્છાદિત પ્રદેશમાં હતા ત્યારે સુખ વિશે થોડા વિચારો લખ્યા હતા–''મને હવે ભાન થાય છે કે એ સમજવામાં હું નિષ્ફળ ગયો કે જીવનની સાદી અને નિષ્કપટ વસ્તુઓ જીવનમાં ઘણી જ અગત્યની છે. મનુષ્ય જ્યારે પોતાનામાં અને કુટુંબમાં સારા પ્રમાણમાં સંવાદિતા ઐક્ય લાવી શકે છે ત્યારે તે શાંતિ અનુભવે છે. આખરે, ગમે તે માણસ હોય, બે ચીજ અતિ મૂલ્યવાન છેઃ પ્રેમ અને ઊંડી સમજ તેમ જ સહૃદયતાની લાગણી.''

તમારા ભાવિમાં શ્રદ્ધા રાખો. આશાવાદી બનો પણ જિંદગીની પળેપળનો પૂરેપૂરો ઉપયોગ કરો. તમારા નબળા પડેલા ઉત્સાહને સચેત કરો. આશાના નજીવા તંતુની પણ ઉપેક્ષા ન કરો. પ્રસન્નતા કે આનંદની નાની સરખી વાત પર પણ નજર રાખો. ચારે તરફ ફેલાયેલ કુદરતની આકર્ષક કળા તરફ નજર કરો અસંખ્ય વૃક્ષોમાં, પુષ્પો અને છોડોમાં, નદી, સમુદ્ર, પક્ષી વગેરેમાં જીવનનો અથાગ સાગર લહેરાય છે જેનું તમે કદી બારીકાઈથી નિરીક્ષણ કર્યું નહિ હોય. તેવાં સર્જનાત્મક દશ્યો જોવાની કોશિશ કરો. તેથી કુદરતી આનંદની અનુભૂતિ થશે. અને પછી જ્યારે તમે જરૂરતમંદ લોકોની મદદ કરતા હશો ત્યારે તમારું આ આનંદ અનુભૂતિ તંત્ર વધુ પરિપક્વ બન્યું હશે, તેથી સુખનો અનુભવ થશે.

એક ચિંતકે જાહેર કર્યું કે તે પોતાના જીવનનો દરેક દિવસ સુખમાં ગુજારતો હતો. તેણે કબૂલ કર્યું કે એવા પણ દિવસો હતા કે જ્યારે તે વ્યવસાય વગરનો હોય અને ભૂખ્યો હોય, દુઃખ અને માંદગી હોય, પરંતુ આ દિવસોમાં તે પોતાની આંતરિક મનનો-જે સુખચેનથી અને સ્વસ્થતાથી કાર્ય કરતું હતું તેનો સંપર્ક સાધવા શક્તિમાન હતો. ટીકા, અપમાન, હાર, બદનામી વગેરે જીવનસંઘર્ષના પ્રત્યાઘાતો છે. નિર્બળ માણસ તેના વહેણમાં તણાઈ જાય છે. કોઈ આપઘાત પણ કરે છે; જ્યારે બળવાન-આત્મવિશ્વાસુ માણસ એમાં તરી શક્તિ અને સ્ફૂર્તિ પ્રાપ્ત કરે છે. કાવ્યપંક્તિ 'સુખ-દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં' ઘણી પ્રેરક છે. સુખ અને દુઃખને મનમાં લાવવાં નહિ. તે તો માણસના જીવન સાથે જ સર્જાયેલાં છે તેથી જીવનની ઊજળી બાજુ જોવાની વૃત્તિ વિકસાવો. મનોવૈજ્ઞાનિક વિલિયમ મેક્ડ્ગોલ કહે છે : જેમ વ્યક્તિત્વ વધુ મૂલ્યવાન, વધુ વિકસિત અને વધુ સંપૂર્ણપણે ઐક્ય સાધેલ હોય તેમ તે સુખ મેળવવામાં વધુ શક્તિશાળી બને છે.

જગતના તમામ માણસો ધનવૈભવ કે સત્તા પ્રાપ્ત કરી શકતા નથી. બુદ્ધિકૌશલ્ય પણ ઘણા ઓછાને મળે છે. પણ સહૃદયતા અને સતત સંઘર્ષ કરવાની શક્તિ તો પરમેશ્વર સર્વેને મોટા પ્રમાણમાં આપી છે. એથી માણસે વાસ્તવિકતાને ઓળખી પોતાની જાતનું સાચું મૂલ્યાંકન કરી જીવનના સદ્માર્ગે આગળ વધવાનું છે. જીવનમાં બનતી પ્રત્યેક ઘટનાઓનો અનુભવ કરો એ અનુભવના આધારે યોગ્ય આચરણ કરો અને વિકાસ સાધો.

તમે જ તમારા વ્યક્તિત્વના શિલ્પી છો. માણસની આંતરિક શક્તિ જ તેની સમૃદ્ધિ છે. આ શક્તિ જીવનને માણવાની બીજાના જીવનને સમજવાની અને એ રીતે જીવનને વિશેષ સમૃદ્ધ કરવાની શક્તિ વિકસતી રહે છે. અહીં જ જીવનની સમજનું ખાસ સુખ છે, સુખનો રાજમાર્ગ છે.

**પી.જે. અમલાણી**

### કરીએ ના મોટાઈ

કરીએ ના મોટાઈ
ધરા ધ્રૂજતાં શિખર ખરતાં, અટલ રહેતી ખાઈ
ઘેઘૂર વનમાં વડલો મોટો
નાનાં અમથાં ફળ
ઝરણાં માફક તરસ્યું ઠારે
સાગર કેરાં જળ ?
વ્હેતા જળમાં તરે તણખલાં પથરા ડૂબે ભાઈ-
કરીએ ના મોટાઈ.
કનક મઢેલી નગરી કેવી
હું-હું - કરતાં સળગી !
સૂરજ સામે આંખ ખૂલે ના
જાય તારલે વળગી.
પળને પરવત કરી દેતી નાની ખમથી રાઈ
કરીએ ના મોટાઈ.

**ભગીરથ બ્રહ્મભટ્ટ**

# પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશાં સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો 'Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા પર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશું સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૬૨૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા.નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ

છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

## આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- માતુશ્રી ભાનુમતી ભોગીલાલ શાહના સ્મરણાર્થે રોજકા નિવાસી (હાલ - ઘાટકોપર)
- સાયલા નિવાસી (હાલ - સાયન) મુકેશ કસ્તુરચંદ શેઠ તરફથી ચિ. અર્જુન દર્શન શેઠના જન્મની ખુશાલી નિમિતે
- ચંદ્રકાંત ગીરધરલાલ શાહના દોહિત્ર ઘીયાન નિમિત્ત તન્ના ના ૧૦ માં જન્મદિવસની ખુશાલીમાં નેહલ નિમિત્ત તન્ના તરફથી
- સ્વ. શાંતાબેન ચંપકલાલ સંઘવીના સ્મરણાર્થે હસ્તે બેલા સમીર સંઘવી ( હાલ - બોરીવલી)
- ચિ. અક્ષત, ચિ. પર્લ તથા રાજકુમારની અઠ્ઠાઈ તપસ્યા નિમિતે માતુશ્રી સરોજબેન પુનમચંદ અજમેરા પરિવાર રંગપુર (હાલ - બોરીવલી)
- વઢવાણ નિવાસી - (હાલ બોરીવલી) શ્રી જયેશભાઈ કનકરાય શાહના સ્મરણાર્થે હસ્તે : શ્રીમતી પ્રમોદીની જયેશ શાહ - નાથાભવનવાળા

## સાભાર સ્વીકાર

માતુશ્રી શાંતાબેન જયંતિલાલ સંઘવીના અવસાન નિમિત્તે સુપુત્રો તરફથી સ્વધર્મી સહાય ફંડ ૧૦૦૦

## વેવિશાળ

| ઊત્સવ સલોની | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| શ્રી ચેતનકુમાર કનૈયાલાલ વોરાના સુપુત્ર ગૌતમગઢ (સુરેન્દ્રનગર) નિવાસી (હાલ:મલાડ) શ્રી જીતેન્દ્રભાઈ રતિલાલ સંઘવીની સુપુત્રી ધાંગધ્રા નિવાસી (હાલ - ઘાટકોપર) | ૫૦૧ | ૫૦૧ |

## પ્રભુતામાં પગલાં

| | | |
|---|---|---|
| **મિહિર - ક્રિપા**<br>શ્રી જયેશભાઈ કાંતીલાલ તલસાળિયાના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ - વિદ્યાવિહાર) શ્રી દિપકભાઈ મનહરલાલ શેઠની સુપુત્રી કપડવંજ નિવાસી (હાલ - બોરિવલી) | ૧૦૦૧ | ૧૦૦૧ |
| **કેયુર-દ્રષ્ટી**<br>શ્રી જયેશભાઈ કાંતીલાલ તલસાળિયાના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ - વિદ્યાવિહાર) શ્રી મયુરભાઈ એવંતીલાલ શાહની સુપુત્રી મહુવા નિવાસી (હાલ - ઘાટકોપર) | ૧૦૦૧ | ૧૦૦૧ |

### મહત્ત્વની સૂચના

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

**SHREE ZALAWADI STHA. JAIN SABHA**
**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar,**
**Mumbai - 400 002.**
**7208472884 • 7208481791**
**7208472744**

## New RATE CARD Effective from April 2021

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL) RS.700/- for 2022-23 - 2023-24 With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18%

Our Accounting Year April to March

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST

**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/- (Size = 171 x 199 mm)

**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/- (Size = 171 x 234 mm)

**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-

**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-

**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-

SINGAL PANEL B/W RS.600 + 30 = 630/-

**ONLY PATRIKA FEES**

FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

(3) **SANATORIUM BOOKING**

ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST

Rs.1000+180=1180

**Please send your Advertisement in Advance last Date of Advertisement on or before 25th Every month**

**(Inclusive of GST)**

**Please send Artwork in JPEG Format Only**

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા –મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે. **સેનિટોરિયમનું ઓનલાઈન બુકિંગ ચાલુ છે. પત્રિકામાં છપાતી જાહેર ખબરની રકમ તથા સંસ્થાને મળતું ડોનેશન હાલમાં online સ્વીકારવામાં આવે છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt પ્રદીપભાઈને મોકલવા વિનંતી.**

લોનાવલા : મિલનભાઈ
**9860125136**
પંચગીની : નિરવભાઈ
**9819012468**

માથેરાન તથા સંસ્થાના અન્ય કામ માટે સભાના મેનેજર શ્રી પ્રદીપભાઈ તુરખિયાનો સંપર્ક કરવો. **9867748120**

પત્રિકા જાહેરખબર
દેવલાલી : આશાબેન
**9819956529**

સુરેન્દ્રનગર અતિથિ ભવન
સુરેન્દ્રનગર – કેતનભાઈ શાહ
**9099350644 / 9426756100**
મુંબઈ – મિલનભાઈ તુરખિયા
**9860125136 / 7208472884**

**તા. ૪-૧-૨૦૨૧થી સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

**Please Note Office New Mobile No.**

**7208472884 • 7208481791 • 7208472744**

**ઝાલાવાડી સભાના સભ્યોને વિનંતી કે જેમના વડીલ અવસાન પામ્યા હોય તેમની માહિતી ઓફિસમાં જણાવવી. ઘરના અન્ય વ્યક્તિએ નવું સભ્યપદ લેવાનું રહેશે. આપણા સ્થાનિક પ્રતિનિધિઓ પાસે માહિતી હોય તો ઓફિસમાં જણાવી તેમના ઘરના અન્ય વ્યક્તિને નવા મેમ્બર બનવા માટે જણાવવા વિનંતી.**

**મુંબઈ ઑફિસ**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note Office New Mobile No.**

**7208472884 • 7208481791 • 7208472744**

# જનેતાની ઊંચાઈ

બેંકની બહાર આવીને એક વૃદ્ધ દંપતિ બેંકના પગથિયે બેઠાં, વૃદ્ધ માજી પોતાના પતિને કહે છે, તમે અહીં બેસો હું.. કેશીયરને મળીને આવું છું.

વૃદ્ધ, બોલ્યા આ બેંકની પાસબુક તો લઈ જા, ઠાલે હાથે તને એ પૈસા કેવી રીતે આપશે...? વૃદ્ધા, કરચલીઓવાળા ગાલમાં હસીને પાસ બુક લે છે, અને બોલ્યા હા, તમારી વાત સાચી છે, હું તો એ ભૂલી જ ગઈ હતી.

વૃદ્ધ, પૈસા આપે એ પૂરા ગણીને લાવજે, અને હવે પૈસા લીધા વિના પાછી આવતી નહીં, થાકી ગયા છીએ, ધક્કા ખાઈ ખાઈને,

વૃદ્ધા, એ સારું......, તમે સાચવીને બેસજો...,

વૃદ્ધ, એ હા, પણ તું જલ્દી આવજે, જોજે પાછી બૈરાંની લાઈનમાં ઉભી રહેજે, ઝટ વારો આવે, વૃદ્ધા બેંકમાં જાય છે, અને અંદર લાઈન જોતાં બોલે છે, જ્યાં જુઓ ત્યાં લાઈન, આપણા પૈસા લેવાના એમાં પણ લાઈન, આ સરકાર કે દિવસે લાઈન પર આવશે, ખબર નથી પડતી, આ તે ભીખ છે કે, એવામાં વારો આવતા વૃદ્ધા કાઉન્ટર પરના કેશિયરને પૂછે છે, મારા ખાતામાં દીકરાએ પૈસા મોકલ્યા છે.....?

કેશિયર, માજી તમે આંતરે દિવસે બેંકમાં આવો છો, તમને દર વખતે મારે એક જ જવાબ આપવો પડે છે કે નથી આવ્યા.

વૃદ્ધા, સારું ભાઈ કોઈ વાંધો નહીં, ફરી આવીશ, એ પાછું ફરવા જતાં એમને ચક્કર આવી ગયા અને તે પડી ગયા, કેશિયર તેમને ઉભા કર્યા પાણી આપ્યું, માજીને સારૂ લાગતાં......, કેશિયર પુછે છે કે..., માજી આટલી ઉંમરે બેંકમાં તમે શું કામ આવો છો...? દીકરાને મોકલતાં હોય તો!!

વૃદ્ધા, કહે છે કે...., મારે એક જ દીકરો છે, અને તે બેંગ્લોર નોકરી કરે છે, અને તે જ અમોને દર મહિને પૈસા મોકલે છે, પણ હમણાંથી ખાતામાં પૈસા નથી આવતા.

કેશિયર કહે કે તો તમે તમારા દીકરાને ફોન કરીને પૂછી જુઓ, તે કેમ નથી પૈસા મોકલતો..???

વૃદ્ધા, કહે કે એક વખત સરપંચે ફોન કરેલો, પણ દીકરાની તબિયત સારી નહોતી....,

ત્યારે કેશિયર કહે મને તમારા દીકરાનો નંબર આપો એટલે માજીએ મેલીઘેલી પાસબુક આપી, તેના ઉપર નંબર લખેલો હતો, કેશિયરે પાસબુક લઈ પોતાના મોબાઈલમાંથી પાસબુકમાં લખેલો નંબર જોડે છે, ત્યારે સામેથી રિસ્પોન્સ આવે છે કે આ નંબર અસ્તિત્વમાં નથી.

કેશિયર કહે માજી અત્યારે નંબર લાગતો નથી, પણ હું ફરી પ્રયત્ન કરી જોઈશ, તમે થોડીવાર બહાર બેસો....., હું ફોન કરું છું......, હવે તમારે ધક્કા ખાવા નહીં પડે.

વૃદ્ધા, આશીર્વાદ આપતાં હોય એમ બે હાથ લાંબા કરી કહે છે કે ભગવાન, તમારું ભલું કરશે, કેશિયરને વિચાર આવ્યો કે, આ માજી વારંવાર ધક્કા ખાય છે, લાવને હું જ એમના ખાતામાં થોડા પૈસા નાખી દઉં, એટલે કેશિયર તેના ખાતામાં પાંચસો રૂપિયા જમા કરી માજીને બોલાવે છે, અને કહે છે કે માજી, અહીં આવો...!!

વૃદ્ધા કહે હા બોલો ભાઈ, શું થયું....???

એટલે કેશિયર કહે કે માજી તમારા દીકરા સાથે મારે હમણાં જ વાત થઈ, તેની નોકરી છૂટી ગઈ હોવાથી તે પૈસા મોકલતો નહોતો, પરંતુ હવે બીજી જગ્યાએ એને નોકરી મળી ગઈ છે, એટલે ઉપાડ કરી તેમણે હમણા જ પાંચસો રૂપિયા મોકલ્યા છે.

ત્યારે વૃદ્ધા કહે બેટા, આ વાત તમે મારા પતિ બહાર બેઠા છે એને કહેશો...???

એટલે કેશિયર કહે કે માજી તમે જ કહી દો ને....!! મારાથી ચાલું નોકરીએ બહાર ન જવાય, એટલે વૃદ્ધા કહે હું દર બે દિવસે એમને કહું છું, પરંતુ માનતા નથી, અને આજે તો તેઓ મારી સાથે આવ્યા છે અને બેંકની બહાર બેઠા છે, હું કહીશ તો એમને મારી વાત પર વિશ્વાસ નહીં આવે કેશિયર કહે એમાં વિશ્વાસ કરવાની વાત જ ક્યાં આવી..? પૈસા ન મોકલે તો પૈસા ન જ મળે, અને આજે મોકલ્યા તો મળી ગયા એમાં શું...?

વૃધ્ધા કહે વાત તો તમારી એ વાત સાચી છે, પણ સાહેબ મને ખબર છે કે મારા દીકરાને કોરોના ભરખી ગયો છે, તે વાત હું જાણું છું, પણ મારા પતિ એ સમાચાર સહી નહીં શકે, માટે મેં એમને કહ્યું નથી...!!

આવું સાંભળી કેશિયર તો અવાક બની ગયો..!! એ વૃદ્ધાની ઊંચાઈ પામવા શક્તિમાન નહોતો, એટલે હિંમત કરી બોલ્યો કે માજી હું તો ખોટું બોલીને તમને આશ્વાસન આપવા માગતો હતો, પરંતુ આપ આ બધું જાણતા હોવા છતાં એક બે દિવસે કેમ બેંકમાં આવો છો...???

ત્યારે વૃદ્ધા કહે હા હું જાણતી હતી કે મારા દિકરાનો નંબર કે મારો દીકરો અસ્તિત્વમાં નથી, પણ શું કરું...? મારા વૃદ્ધ પતિને આશ્વાસન મળી રહે માટે હું અહીં આવવાનું 'ના ટ ક' કરું છું.

કેશિયર કહે.. માજી, ઉપરવાળાની લીલા પાસે આપણે પામર છીએ, હું દાદાને મળીને વાત સમજાવી જોઉં, ત્યારે બહાર બેસેલા વૃધ્ધ અંદર આવે છે અને કહે છે કે તમારા બંનેની વાત મેં સાંભળી, પરંતુ આ વાતની મને તો પહેલેથી ખબર જ છે કે મારો દીકરો કોરોનામાં અવસાન પામ્યો છે, પણ એની માં એ આઘાત સહન ન કરી શકે તે માટે મેં એને કહ્યું નહોતું...., અને હું એને દર બે ત્રણ દિવસે બેંકમાં મોકલતો હતો જેથી કરીને એને એવું લાગે કે મારો દીકરો કંઈક...., મુસીબતમાં હશે એટલે આજે નહીં તો કાલે એ જરૂર રૂપિયા મોકલશે, પણ હવે જ્યારે બધી ખબર પડી જ ગઈ છે તો જેવાં અમારાં ભાગ્ય, ભગવાનને ગમ્યું તે ખરું..!!

ત્યારે કેશિયર મનોમન બોલી ઉઠયો કે વાહ, જનેતાની 'ઊંચાઈ' અને વાહ, બાપની ઊંડાઈ.

❖❖❖



# ગેસ્ટરૂમ

આશા વીરેન્દ્ર

કાકા, મારે સરકસ જોવા જવું છે. લઈ જશોને ? પીહુની માગણી રજૂ થાય ન થાય ત્યાં પવન વચ્ચે ટપકી પડતો; ના, ના, સરકસમાં શું મજા આવે ? એના કરતાં પેલું નવું પીક્ચર આવ્યું છે એ જોવા લઈ જાવ કાકા ! બેઉ વચ્ચે સમાધાન કરાવતાં શેખર હસીને કહેતો, પીહુને તારી કાકી સરકસમાં લઈ જશે અને હું તને પિક્ચર જોવા લઈ જઈશ. બસ ખુશ ને ?

શેખરનો જન્મ તદ્દન ગરીબ પરિવારમાં થયેલો. એમાંય નાનપણમાં મા-બાપના મૃત્યુ પછી ઉપર આભ અને નીચે ધરતી જેવી પરિસ્થિતિ થઈ ગયેલી. એક મોટા ભાઈ સિવાય કોઈનોય આધાર નહીં. એ બાર વર્ષનો થયો ને ઘરમાં ભાભી આવ્યા. આવ્યા ત્યારથી એ શેખરનું સર્વસ્વ બની રહ્યાં. મીનળ નાના દિયરિયાને એટલા લાડ કરતી કે, પતિને ઓછું આવી જતું. મીઠી મજાક કરતા નરેન્દ્ર પત્નીને કહેતો, તારે તો રોજ શેખરને શું ભાવે એ જ વિચારવાનું. અમારો કોઈ દિવસ ભાવ પૂછ્યો છે ?' જોકે નાના ભાઈ પ્રત્યે પત્નીનો સ્નેહ અને લગાવ જોઈને એ બહુ ખુશ થતો. આડોશી-પાડોશી કે સગાં-સંબંધી અંદર અંદર ગુસપુસ કરતા કે, એ તો પંડનાં છોકરાં નથી ત્યાં સુધી બધું ઠીક છે. પછી તો શેખર બિચારો ક્યાં ખૂણામાં ધકેલાઈ જશે, જોજો ને ! પણ એવું કદી બન્યું નહીં. પહેલાં પીહુ અને પછી પવન જન્મ્યાં છતાં મીનળ માટે તો શેખર એના પહેલા ખોળાનો દીકરો જ બની રહ્યો.

પીહુ અને પવન બેઉ ભાઈ-બહેન શેખરકાકાનાં જબરા ચાહક. બન્નેની દૃષ્ટિએ દુનિયાની સર્વોતમ અને સૌથી આદરણીય વ્યક્તિ એમના કાકા જ હતા. વળી કાકા હતા પણ એવા જ લાડકા ભત્રીજા-ભત્રીજીની બધી ફરમાઈશ પૂરી કરવા તત્પર. કલેક્ટર હોદ્દા પર પહોંચ્યા છતા શેખર પળવાર માટેય ભાઈ-ભાભીના ઉપકાર ભૂલતો નહીં. એની ગામેગામ બદલી થતી રહે. જ્યાં પણ બદલી થાય ત્યાં પહોંચીને તરત ભાઈના પરિવારને લેવા ગાડી મોકલી દેતો. બા-બાપુ સાથે કાકાને ત્યાં પહોંચેલા પીહુ અને પવન ધમાચકડી મચાવતાં. વિશાળ બંગલો અને ફરતે જાતજાતનાં ફળફૂલથી શોભતો બગીચો. છોકરાઓને જલસા પડી જતા.

શેખરના ઘરે ઠાઠમાઠથી રહીને જ્યારે પણ પાછાં ફરતાં ત્યારે હંમેશાં નરેન્દ્રને વિચાર આવતો 'આટલી બાદશાહીમાં રહેવા છતાં શેખર જ્યારે અહીંના આ નાનકડા ઘરમાં આવે છે ત્યારે કેવો ખુશ થઈને બધાં ભેગો ભોંય પર પાથરેલી પથારીમાં સૂઈ જાય છે ? ડાબે-જમણે પીહુ અને પવન અને વચ્ચે પોતે. રાતે મોડે સુધી અલક-મલકની વાતો કરે. એને ભલે અગવડ ન લાગે, પણ વહુને તો તકલીફ પડતી જ હશે. ભલે બિચારી બોલે નહીં પણ આ ઘર હવે નાનું તો પડે જ છે.'

છેલ્લા ઘણા વખતથી નરેન્દ્ર જોતો કે, શેખરના ઘણા આગ્રહ છતાં મીનળ એના ઘરે જવાનો ઝાઝો ઉમળકો બતાવતી નહીં. કોઈ ને કોઈ બહાને એ જવાનું ટાળતી. એને આની પાછળનું કારણ સમજાતું નહીં. આમ તો શેખરની પત્ની અને મીનળ વચ્ચે દેરાણી-જેઠાણી નહીં, પણ બે સખીઓ જેવા સંબંધ હતા તો પછી આમ કેમ કરતી હશે ? એને બહુ પૂછ્યું ત્યારે મીનળે ઉદાસ સ્વરે કહ્યું, વાંધો તો બીજો શું હોય, પણ આપણને બેયને એ લાકો જુદા ઓરડામાં સૂવા મોકલી દે છે એ મને નથી ગમતું. અહીં ગામમાં આવે ત્યારે શેખર મારા ખોળામાં માથું મૂકીને સૂઈ જાય ને હું એને માથે હાથ ફેરવ્યા કરું જ્યારે ત્યાં ? સૌ સૌના અલાયદા ઓરડામાં. બોલતાં બોલતાં એની આંખ ભીની થઈ ગઈ. ગાંડી રે ગાંડી. અહીં આપણને જે નથી મળતું એ પોતાને ઘેર આપવા એ આવડો મોટો ગેસ્ટરૂમ આપણને આપી દે છે. એ માટે ખુશ થવાને બદલે તું... નથી જોઈતી મારે સગવડ કે નથી જોઈતો ગેસ્ટરૂમ. શું આપણે એના મહેમાન છીએ ?

થોડી ઘણી સમજણી થયેલી પીહુને માની આ વાત સમજાતી નહોતી. આટલા સરસ સજાવેલ ગેસ્ટરૂમમાં ન ગમવા જેવું શું છે ?' માને કેમ આમ ઓછું આવી જતું હશે ? પછી તો પીહુ પરણીને સાસરે ગઈ. ઘર-ગૃહસ્થીની જંજાળમાં અને બે સંતાનોને મોટાં કરવામાં વર્ષો ક્યાં સરકતાં ગયાં, ખબરેય ન પડી. હવે પવન એક મલ્ટિનેશનલ કંપનીમાં મૅનેજરના પદ પર પહોંચી ગયો હતો. મા-બાપુને આ ઉંમરે આરામથી રાખી શકાય એમ કરીને એણે સરસ મજાનો બંગલો બંધાવ્યો હતો. વાસ્તુપૂજા અને ગૃહપ્રવેશ પ્રસંગે પવન અને એની પત્નીએ પીહુને વહેલાસર આવી જવાનું ભારપૂર્વક આમંત્રણ આપ્યું હતું. મીનળ પણ ફોન પર દીકરીને કહેતી રહેતી, બેટા, અમે પણ તમને મોટા કર્યા, સગાં-વહાલાં અને વેવાઈવેલા બધાય સાચવ્યાં - બધુંય કર્યુ પણ તમારી જેમ પિયરને સાવ ભૂલી નહોતાં ગયાં. સાવ

ગૃહપ્રવેશને દિવસે જ આવીશ કે પછી... મા, આમ મહેણાં ન માર. ભાઈનો બંગલો જોવાની તો મને પણ હોંશ હોય જ ને ? મેં તમારા જમાઈને કહી દીધું છે કે, તમે પછી છોકરાંઓને લઈને આવજો. હું તો પંદર દિવસ વહેલી જવાની છું.

બસ, બસ આવી જા દીકરા, દીકરીઓથી તો ઘરમાં રોનક લાગે, ને જો ને, કાકાની ડ્યૂટી હમણાં ઉત્તર પ્રદેશમાં છે ને ત્યાં વાવાઝોડું હુંકાયું છે તે કાકા-કાકીથી નહી આવી શકાય એ સાંભળ્યું ત્યારથી મારું મન ઉદાસ થઈ ગયું છે. હવે તો વાસ્તાના દિવસમાં ફેરફાર ન કરી શકાય કેમ ? એમના આશીર્વાદથી જ કામ ચલાવવું પડશે, ખરું ને ?

પીહુ આવી ને ઘરમાં ચહલ-પહલ શરૂ થઈ. ડેકોરેશન કેવું કરાવશું ? કેટરિંગનો ઓર્ડર કોને આપ્યો છે ? જમવામાં કઈ કઈ વાનગી રાખીશું - એ બધી ચર્ચાઓ જોરશોરમાં ચાલુ થઈ ગઈ. દીદી, તું તો આવતાંની સાથે એવી કામમાં પડી ગઈ કે તને બંગલો જોવાનીય ફુરસદ નથી. આજે સાંજે હું વહેલો આવી જઈશ. તમે બધા તૈયાર રહેજો. પીહુને બંગલાની ટૂર કરાવવાની છે. પવનની વાત સાંભળી નરેન્દ્રએ કહ્યું, તારી માને હમણાં ગોઠણનો દુ:ખાવો વધી ગયો છે. અમે બેઉ ઘરે જ રહીશું, તું, રીના અને પીહુ તમે ત્રણે જજો.

રીના અને પવન હોંશે હોંશે દીદીને બંગલો બતાવતા હતા. જુઓ દીદી, આ કિચન કેવું લાગે છે ? મેં તો પહેલેથી કહી દીધું હતું, મને કિચન મોટું જોઈએ. આ મા-બાપુનો બેડરૂમ, આ માસ્ટર બેડરૂમ અને... ના ના, તું નહીં બતાવતી, દીદીને એનો રૂમ હું જ બતાવીશ. ખાસ એને ગમે એવું ફર્નિચર ડિઝાઈન કરાવ્યું છે. જો દીદી, આ ગેસ્ટરૂમ. આમાં તું, જીજાજી અને ભાણિયાઓ આરામથી રહેજો.

'ગેસ્ટરૂમ' હું ને પવન તો એક જ પલંગ પર સૂવા માટે ઝઘડતાં, એક થાળીમાં સાથે જમતાં ને હવે હું એના બંગલામાં ગેસ્ટ બની જઈશ ?' ઘડીભર એ મનોમન વિચારી રહી. આજે એને સમજાયું કે માને કાકાને ઘરે જવામાં શું વાંધો પડતો હતો ? પણ આ તો દુનિયાની રીત છે. આમ જ હોય ને ? એણે હસીને કહ્યું, પવન, રીના, આખા બંગલામાં મને સૌથી વધારે કયો રૂમ ગમ્યો, કહું ? મારો રૂમ, ગેસ્ટરૂમ.

## રૂંવાડે રૂંવાડે જીવનની ધારા

પળેપળ ઉલ્લાસથી ઊછળતી હોય, રૂંવાડે રૂંવાડે જીવનની ધારા વહેતી હોય એ જ ખરું જીવન છે.

ઘણા લોકોનું જીવન જડ હોય છે. ખાવું-પીવું-ઊંઘી જવું. તારીખ-વાર-પંચાંગોમાં અટવાતા રહેવું. સમયપત્રકમાં ગૂંચવાયા કરવું, વિધિ-વિધાન કે ઘરેડમાં ઘૂમ્યા કરવું. ભગવાન પાસે પ્રાર્થના કરતા હોય ત્યારે એમાં પણ ઔપચારિકતા, રિક્તતા અને કેવળ વિધિની જડતા.

પણ આપણે તો રોમેરોમે જીવવું છે. ક્ષણેક્ષણ, ઘડીએ ઘડી જાગૃતિ, સ્પંદન, ચેતના સાથે જીવવું છે. એકેએક ઈન્દ્રિય જાગૃત હોય. સુગંધનું લહેરાવું, પંખીની ઊડવું, પાંદડાનું ખરવું, એકેએક તરંગને મારા હૃદયમાં ઝીલતો રહીશ અને મારા હોઠો પર સ્મિતને આવવા દઈશ. પગલે પગલે સ્ફૂરણ અને ઘડીએ ઘડીએ પરોઢનો ઊઘાડ અનુભવીશ.

બધું જાણવું છે, બધું જોવું છે, દૂર જવું છે અને ઊંડે ઊતરવું છે. પાસેનું કે દૂરનું બધું જ જોવું-માણવું-પામવું છે. જાગ્રત મન અને સાવધાન દેહથી ચૈતન્યને અનુભવવું છે.

કેટલાક માણસો તો માણસ હોવાનો માત્ર ઢોંગ જ કરે છે. અંદરથી ખાલી, યંત્ર જેવા. પથ્થર જેવા. રોજ એ જ ક્રમ, એ જ વિચારો, એ જ વાતો, એ જ કામો, એ જ ઘટમાળ. મારી તો પ્રાર્થના છે કે મને રોમેરોમ જાગવા દો. અંગેઅંગ અને કોષેકોષ જાગૃતિ. દેહમાં અને મનમાં, સમાજમાં અને ઊર્મિમાં, ધર્મમાં અને કુટુંબમાં બધાને માટે જીવતો રહું. સદાને માટે જાગ્રત રહું. જીવન જેવું આવે તેવું સ્વીકારવું છે, જીવવું છે. હા, રોમેરોમ જીવવું છે.





# 'ઘરડો તોય સિંહ છું'

ગિરીશ ગણાત્રા

ગઢવીબાપાને પૂછો કે બાપા, તમારે છોકરીઓ કેટલી ? તો બોત્તેર વરસની ઉંમરે પણ બધા દાંત દેખાડીને હસીને કહે - સેંથકની. દિકરીઓના તો હિસાબ રખાતા હશે.

''તો યે કેટલી ?''

''હાજરમાં, મારી ઉમર જેટલી અને માવતરે કે સાસરે એનાથી ચાર ગણી !''

આ ગઢવીબાપા એટલે કન્યા છાત્રાલયના પગી રખેવાળ, સંત્રી, ચોકીદાર - જે કહો તે. છાત્રાલયના કંપાઉન્ડ ફરતી આઠ ફૂટ ઊંચી દીવાલ કરતાંયે, છોકરીઓને સૌથી સલામતી આ ગઢવીબાપાની. જ્યાં સુધી છાત્રાલયના ઝાંપે ગઢવીબાપા બેઠા હોય ત્યાં સુધી સબ સલામતીની નોબત આપમેળે વાગ્યા કરે.

કૉલેજ ખૂલે અને જે દિવસ ઘોડાગાડી કે રિક્ષામાં પોતાનો સામાન લઈને આ છાત્રાલયના દરવાજામાં કોઈ યુવતી પ્રવેશ કરે કે આપોઆપ એને ગઢવીબાપા સાથે સગપણ બંધાઈ જાય. ગઢવીબાપા બધી કન્યાઓને ''માયું, બેન્યું, દીકરીયું...'' ગણે, અને દરેક કન્યા એને પોતાના દાદા કે પિતા જેવા જ ગણે. અભ્યાસ પૂરો કરીને હોસ્ટેલ છોડી જતી દરેક કન્યા ગઢવીબાપાનો હાથ પોતાને માથે મુકાવીને પછી જ વિદાય લે અને જ્યારે એ પરણે ત્યારે ગઢવીબાપાને અચૂક એની કંકોતરી મળે જ. ગઢવીબાપાના એક નિયમ. જેવી એને કંકોતરી મળે કે એ કોઈ ને કોઈ મારફત સવા રૂપિયાનો ચાંદલો તો અવશ્ય મોકલાવી જ દે : સાથે, ચારણીની કુળદેવી આઈમાનો દોરો. પોતાના ટૂંકા પગારમાંયે, ગઢવીબાપા આટલું તો કરે જ.

છાત્રાલય શહેરથી થોડે દૂર હતું. આજુબાજુ દૂર દૂર સોસાયટીનાં ઘરો ખરાં. ગઢવીબાપા આ છાત્રાલયની એક ઓરડીમાં જ રહેતા. એનો અહીં ચોવીસ કલાકનો અઠંગ ચૌકીપહેરી. મોજમાં હોય ત્યારે રાત્રે એ કોઈ ભજન, લોકગીત કે દુહાઓ પણ લલકારી લેતા.

અહીં એક રાતે ઝાંપાની પાસે, પાણીની ટાંકીના ઓટલા પર બેઠાં બેઠાં એ હળવા સાદે કોઈ લોકગીત ગાઈ રહ્યા હતા. એપ્રિલ મહિનો લગભગ પૂરો થવા આવ્યો હતો. કૉલેજની પરીક્ષાઓ પણ લગભગ પૂરી થઈ ગઈ હતી. એમઓ કે એમ.કોમની પરીક્ષાઓ ચાલુ હતી. હોસ્ટેલમાં હવે સાત-આઠ છોકરીઓ જ રહી હતી. આવતા અઠવાડિયે કે પછીના દસેક દિવસમાં તો હોસ્ટેલ ખાલીખમ થઈ જવાની હતી. પછી ગઢવીબાપા દરેક રૂમને તાળાં મારી, કૉલેજના પ્રિન્સિપાલને ચાવીઓ સોંપી પોતાને ગામે જતા રહેવાના. ચોકીપણાનો આ થાક દોઢેક મહિને ઉતારી એ પાછા આવી જવાના હતા. જોકે એણે ટ્રસ્ટીઓને ગયા વર્ષથી કહી જોયું હતું કે હવે મારી ઉંમર થઈ મને છુટ્ટી કરો. પણ જશવંતભાઈ શેઠ એમ એને છોડે એમ નહોતા. એ કૉલેજના મુખ્ય ટ્રસ્ટી હતા. એ હસીને કહેતા- ગઢવીબાપા, તમારા વિના છોકરીઓને સોરવે નહિ, એટલે તમે તો અહીં જ રહેવાના. કહો તો, રાત માટે એક બીજો ચોકીદાર રાખી લઈએ. એ પણ તમારે જ શોધી લાવવાનો...બોલો, શું કહેવું છે ? પછી ગઢવીબાપાનો વિચાર મોળો પડી જતો. એટલે પછી, એ એનામાં જ મસ્ત રહેતા. માળા અને ભજનો એનાં ભાથું હતાં. આજે પણ અડધી રાતે એ કોઈ ભજન ગાઈ રહ્યા હતા. દૂરના ટાવરે ઘડિયાળમાં બારના ડંકા વગાડી દીધા હતા. એ ડંકાની સાથે પોતાના ગજવામાં રહેલી ચાવીવાળી ઘડિયાળ મેળવતા હતા. ત્યાં બે યુવાનો આવ્યા. બંધ ઝાંપાના દરવાજે ઊભા ઊભા જ કહ્યું : ''એ રામરામ, ગઢવીબાપા.''

''રામરામ, કોણ ?'' કહી એ ઊઠીને ઝાંપા પાસે આવ્યા. દરવાજા પાસેની લાઈટના પ્રકાશમાં જોયું તો રમેશભાઈ-જશવંતભાઈ શેઠનો જ છોકરો. આજ જશવંતભાઈ શેઠની ફેક્ટરીમાં ગઢવીબાપાનો છોકરો કામે લાગી ગયો હતો. ક્યારેક કોઈ કાગળિયાં પર શેઠની સહીઓ લેવા એ ફેક્ટરીએ જતા અને પોતાના છોકરાને પણ મળી લેતા ત્યારે શેઠના આ છોકરા રમેશભાઈને પણ સલામી મારી લેતા. એનો છોકરો કહેતો - જશવંતભાઈ શેઠ પછી આ ફેક્ટરીનો ભાવિ માલિક તો રમેશભાઈ સાહેબ જ છે.

''પધારો પધારો શેઠ સાહેબ, શું કામ પડ્યું ?''

''પહેલાં દરવાજાનું આ તાળું તો ખોલો, પછી કામ કહું...''

તાળું ખોલવાની વાત આવી એટલે ગઢવી જરા અચકાયા અને પછી પૂછી લીધું -''કંઈ ખાસ વાત છે ?''

''ખાસ વાત હશે જ એટલે મારે આવવું પડ્યું ને... દરવાજો ખોલો. પછી કહું...''

ગઢવીએ કચવાતા મને દરવાજાનું તાળું ખોલી, બંનેને અંદર લીધા ને પૂછી નાખ્યું - ''શું વાત છે ?''

''મારી સાથે આ ભાઈ આવ્યા છે તે... તે... મીનાબહેન કોઠારીના ગામના છે. થોડાક ખરાબ સમાચાર છે. પણ મીનાબહેન અત્યારે પરીક્ષાનું વાંચતાં હશે ને.... સમાચારેય દેવા પડે એમ છે, એટલે જરા સાચવીને કહેવા પડશે...''

''શું સમાચાર છે ?'' ગઢવીબાપાએ સવાલ કર્યો ''હું પોગાડી આવું...''

''એવું નથી.'' રમેશની સાથે આવેલા યુવાને કહ્યું, ''તમે એને અહીં બોલાવી લાવો, સાચવી સાચવીને વાત કરવી પડે એમ છે... છે જરા માઠા સમાચાર... માથે પરીક્ષા છે... ને એમાંયે આ એનું છેલ્લું વરસ એટલે...''

બીજો કોઈ હોત તો ગઢવી આ દરવાજાનું તાળું ન ખોલત ને ઝાંપો રેઢો મેલી અંદર ખબર કરવા ન જાત, પણ રમેશભાઈ સાહેબ સાથે આવેલા એટલે આ છાત્રાલયના બિલ્ડિંગના પ્રવેશદ્વાર પર મારેલું તાળું ખોલી, અંદર ગયા. અને અહીં જ ગઢવીબાપા ભૂલ ખાઈ બેઠા !

એને એના છોકરાએ વાત કરેલી ખરી કે રમેશભાઈ સાહેબ બહુ ભરોસો રાખવા જેવો માણસ નથી. કૉલેજમાં એક એક ધોરણમાં બબ્બે-ત્રણ-ત્રણ વરસે પાસ થાય છે. એમની વાડીની બંગલીમાં મહેફિલું કરે છે ને કારખાનાની જુવાન બાઈઓ જોડે અટકચાળાંયે કરી લે છે, પણ 'માઠા સમાચાર'ની વાતમાં ગઢવીબાપા ભરમાઈ ગયા.

બંને જણાએ અહીં આવતાં પહેલાં ચોકસાઈ કરી લીધેલી કે મીના કોઠારીના રૂમની લાઈટ બળે છે. એની રૂમ પાર્ટનર પરીક્ષા આપીને જતી રહી છે ને એ રૂમમાં એકલી છે. રમેશની નજર આ છોકરી માથે. આજથી બે વર્ષ પહેલાં એ આ શહેરમાં ભણવા આવી ત્યારે કૉલેજના છોકરાઓ એના રૂપ પર વારી ગયા હતા. પૈસાદાર બાપની બેટી અને ઈશ્વરે આપેલું રૂપ. કૉલેજમાં વૈજયંતીમાલા તરીકે ઓળખાવા લાગી. કૉલેજના જનરલ સેક્રેટરીના નાતે રમેશે એની જોડે વાતચીત કરવાનો પ્રયત્ન કર્યો પણ એને મોઢું મળ્યું નહિ... એની દાળ ન ગળી ત્યારે રમેશ ભૂરાયો થયો. જોતજોતામાં કૉલેજનાં બે વર્ષ વીતી ગયાં છતાંયે આ 'પંખી' એના હાથે ન આવ્યું એટલે આજે તો એ પ્લાન બનાવીને જ આવેલો કે એને ઉઠાવી જ જવી. એના પિતા ધંધાને કામે અઠવાડિયું બહારગામ ગયા હતા. એટલે એણે કાર લઈ લીધી. હોસ્ટેલના દરવાજાથી થોડે દૂર એક મિત્ર કાર લઈને ઊભો હતો. જેવી મીના કોઠારી કંપાઉન્ડમાં આવે કે બીજો એને સિગ્નલ આપે. એ કાર લઈને દરવાજા પાસે આવે. મીનાના મોં પર ડૂચો મારી બંને એને કારમાં નાખે ને કાર મારી મૂકે. અને બુઢ્ઢો ગઢવી કરવાનોયે શું ? જો કશી ગરબડ કરે તો એના છોકરાની નોકરી ને એની નોકરીનો સવાલ હતો.

મીના કોઠારી ઝડપી પગલે કંપાઉન્ડમાં આવી, પાછળ ગઢવીબાપા હતા. બન્ને યુવાનોએ મીનાને જોઈ. સ્કર્ટ-બ્લાઉઝમાં એ એટલી સુંદર લાગતી હતી કે... ''કોણ આવ્યું છે મને મળવા ?'' ઝાંખા પ્રકાશમાં એણે બન્ને યુવાન સામે જોઈ કહ્યું.

''હું'' રમેશની સાથે આવેલા યુવાને કહ્યું, એટલામાં ગેટ પાસે કાર આવી ગઈ હતી. એણે મીનાને ધીમેથી કહ્યું, ''ચુપચાપ ગાડીમાં બેસી જા, નહિતર પછી તારી ખેર નથી...''

એણે મીનાનો હાથ પકડ્યો. મીનાએ એ છોડાવવા પ્રયત્ન કર્યો પણ કંઈ વળ્યું નહિ એટલે એણે મોટેથી બૂમો મારી ''ગઢવીબાપા... મને...'' પણ એ કંઈ બોલે તે પહેલાં રમેશે એના મોં પર ડૂચો મારી એને દરવાજા તરફ ધકેલી...

''અરે શેઠ... અરે રમેશભાઈ સાહેબ...'' ગઢવીબાપા એને વારવા જાય ત્યાં રમેશે કહ્યું ''ગઢવી, કંઈ પણ ડબડબ કરી તો તમારી ને તમારા દીકરાની ખેર નથી. નોકરી તો ઠીક, જાનથીયે જાશો. મૂંગા મરશો તો કાલે સવારે તમને તમારું ઈનામ મળી જશે. બહુ હોદા કરવામાં માલ નથી, સમજી ગયા ને...? સુમન, દરવાજો ખો...''

'ઈનામ'ને 'જાન'ની વાત આવી કે ચારણનું લોહી ઊકળી ઊઠ્યું. પોતાની નજર સામે પોતાની બહેન-દીકરીને કોઈ ઉઠાવી જાય, અને એ પણ ખરાબા-કમના ઈનામની લાલચ દઈને... ગઢવી ટાંકી તરફ દોડ્યા. પોતાની કડિયાળી ડાંગ લઈને એણે ઝાંપા તરફ દોટ મૂકી. સુમન દરવાજો ખોલવા જાય તે પહેલાં એણે એના માથામાં જોરતી ડાંગ ફટકારી ને પછી પેંતરો ભરી બીજો ઘા માર્યો રમેશના પગ પર. બંને યુવાનો કાર પાસે જ પડી ગયા. કારની અંદર બેઠેલો ત્રીજો યુવા ગભરાયો. એણે કારનું એન્જિન શરૂ કર્યું.

એટલામાં મીના કોઠારી છટકીને ગઢવીબાપાની પાછળ આવી ગઈ. ગઢવીબાપાએ કહ્યું : ''બેન, જરાયે બૂમ

પાડ્યા વગર અંદર જતાં રહો. અંદરથી આગળો મારી દ્યો. આ બધાયને હું પોગી વળીશ...''

મીના દોડીને અંદર જતી રહી ને જાળીવાળા બારણાને અંદરની આગળો મારી ઊભી રહી. પગે કળિયાળી ડાંગનો ફટકો પડવાથી રમેશ પડી ગયો હતો... એ ઊભો થવાનો પ્રયત્ન કરતો હતો ત્યાં ગઢવીબાપાએ કહ્યું :

''હવે આમ પડ્યો'છ શું ? ઊભો થા ને મોટરમાં બેસ. આ તારો દોસ્તાર ગીરતો હોય તો એનેય અંદર ઘાલ. ફરી આ બાજુ જો પગ મૂક્યો છે તો તમને જીવતા નહિ છોડું ! તમને એમ કે ઘરડો ચારણ શું કરી લેશે, પણ ઘરડો ઘરડો તોય સિંહ છું... લે, ટેકો દઉં થું... એલા એય, મોટરમાં શું ભરાઈ રહ્યો છે ? ઊતર હેઠો ને તારા આ મળતિયાઓને અંદર ઘાલ. ઊતરે છે કે પછી...''

મિનિટ-બે મિનિટમાં જે બની ગયું તેની આ ત્રણેયે કલ્પનાય નહીં કરી હોય. ખોખલા જેવો લાગતો આ બુઢ્ઢો કોઈ જીવલેણ પ્રતિકાર કરી બેસશે એનું તો કોઈએ વિચાર્યું જ નહોતું. માત્ર દમ મારીશું તો ગેં ગેં ફેં ફેં થઈ જશે એવી જે ગણતરી રાખી હતી તે ઊંધી વળી.

મોટર જ્યારે ઊપડી ત્યારે ગઢવીએ દરવાજાને તાળું માર્યું. એ છાત્રાલયના દરવાજાને તાળું મારવા જાય છે ત્યાં ડૂસકાં ભરતી મીનાને દરવાજાની પાછળ હીંબકા ભરતી જોઈ. ગઢવીબાપા બોલ્યા :

''બેન, અંદર જા, જાણે કંઈ બન્યું નથી માની, વાંચવા બેસી જાવ અને આ વાતનો હવે હોહા ન કરતી, નહિતર પરીક્ષા મોળી જશે. જા, આજથી તારી રખેવાળી હવે મા જોગમાયા માથે અને બીજી આ ગઢવીબાપા માથે... આજે શેઠના છોકરાની વાતે જરા ભરમાઈ ગયો, પણ હવે બીજી ભૂલ નહિ થાય... આજથી તારી અખંડ ચોકી... પરીક્ષા પતે ત્યાં સુધી...''

કંઈક અવાજ થવાથી બીજી બે છોકરીઓ નીચે આવી અને મીનાને ડૂસકાં ભરીત જોઈ પૂછવા લાગી-

''શું થયું ? શું થયું ? હેં ગઢવીબાપા, મીનાને શું થયું ?''

''કંઈ નહિ. કોક એના ગામેથી માઠા સમાચાર લઈને આવ્યું હતું પણ ઓળખવામાં ભૂલ ખાઈ બેઠા. એ સમાચાર કો'ક બીજાને માટે હતા એટલે... જાઓ, હવે વાંચવા બેસો, નહિતર બત્તી બંધ કરી સૂઈ જાઓ..'' બિલ્ડીંગના દરવાજાની બહાર તાળું મારતાં ગઢવીબાપા બોલ્યા ''આ ગઢવીને માથે આઈમાનું સત છે. અહીં કોઈ માઠા સમાચાર હોય જ નહિ ને !...''

## પર્યુષણ દરમિયાન તપશ્ચર્યા કરેલ તપસ્વીઓની નામાવલી

**ઘાટકોપર**

કૌશલ અશ્વીન ગાંધી - ૮ ઉપવાસ
કિંજલ કૌશલ ગાંધી - ૮ ઉપવાસ
હેતલ કમલેશ શાહ - ૮ ઉપવાસ
વિકાસ દિનેશ ધોળકિયા - ૮ ઉપવાસ
દિપ્તી વિરલ તલસાળીયા - ૮ ઉપવાસ
ક્રિશ વિરલ તલસાળીયા - ૮ ઉપવાસ
રાજલ કુનાલ પારેખ - ૮ ઉપવાસ
સ્મિતા શાહ - ૮ ઉપવાસ
જયેશ શાહ - ૮ ઉપવાસ
પ્રતિક બી. શાહ - ૮ ઉપવાસ
ફોરમ પી. શાહ - ૮ ઉપવાસ
ભરત એમ. શાહ - ૮ ઉપવાસ
નિનાદ ભાવિન શેઠ - ઉપવાસ

**વસઈ**

નિયતી હર્ષિત શાહ - ૮ ઉપવાસ

**બોરીવલી (વેસ્ટ)**

પાર્થ જુલેશ દોશી - ૭૫ એકાસણા

**કાંદિવલી વેસ્ટ (મહાવીરનગર)**

નિરવ જીતુભાઈ શાહ - ૯ ઉપવાસ
કોમલ નિરવ શાહ - ૯ ઉપવાસ
ધ્યેય મિતેષ પારેખ - ૮ ઉપવાસ
હર્ષિત એન સંઘવી - ૮ ઉપવાસ
ધ્રુવી મનિષ શેઠ - ૮ ઉપવાસ
મનન કલ્પેશ શાહ - ૮ ઉપવાસ
મિતુલ દિલિપકુમાર શાહ - ૮ ઉપવાસ

**મલાડ**

ગુણવંત પી. ડગલી - વર્ષીતપ
ભાવેશ બટુકભાઈ શાહ - ૮ ઉપવાસ
કરણ રાજેશભાઈ શેઠ - ૮ ઉપવાસ
કરણ જિજ્ઞેશભાઈ શાહ - ૮ ઉપવાસ
નિયતી જિતેન્દ્રભાઈ શાહ - ૮ ઉપવાસ
હર્ષિત એમ. શાહ - ઉપવાસ
કેવિન એમ. શાહ - ૮ ઉપવાસ
અભિષેક અશોક કામદાર - ૮ ઉપવાસ
યશ્વી નિતેષ વોરા - ૮ ઉપવાસ
આશ્વી નિતેષ વોરા - ૮ ઉપવાસ
હિતેશ હસમુખલાલ સંઘવી - ૮ ઉપવાસ
ઝીલ હિરેનભાઈ શાહ - ૮ ઉપવાસ
શ્વેતાંકભાઈ બીપીનભાઈ શાહ - ૮ ઉપવાસ
કાનન જતીનભાઈ શાહ - ૮ ઉપવાસ

**'ઉપવાસ' એ આત્મશુદ્ધિનું એક જબરદસ્ત સાધન હોવાથી, માનવકુટુંબના વિશાળ જીવનમાં એને ખાસ અગત્યનું સ્થાન હોવું જોઈએ.'**

# બાળદીને



## દીકરી એટલે દીકરી



દીકરી એટલે દીકરી
બળતી બપોરે ટાઢા પાણીની છાલક
ને સાંજ પડયે રાહ જોતી ઓસરી
દીકરી પતંગિયાની સાથે પકડદાવ
રંગના ખાબોચિયામાં ભૂસકો ધુબાક
કાંજી કરેલા વળી ઈસ્તરી કરેલા
મારા જીવનનને ધકેલે વરસાદમાં છપાક
ચહેરા વિનાના બધા પડછાયા વચ્ચે
મને ફરી મળી વારતાની સોનપરી
દીકરી એટલે દીકરી
દસ બાય દસની ઓરડી મહેલ બને
વચ્ચે મૂકો જો એક ઢીંગલી
વાદળની પારનું ને સૂરજની પારનું દીસે
કરે એ જ્યારે 'હાઉકલી'
ઝાંખી ઝાંખી આંખોનું મેઘધનુષ
દીકરી મઘમઘતી ફૂલોની ટોકરી
દીકરી એટલે દીકરી



**સંદીપ ભારિયા**

## ફૂલની કુંડીમાં



ફૂલની કુંડીમાં પેઠું....છબ્ પતંગિયું ન્હાય...
છબ્ છબ્....છબ્ પતંગિયું ન્હાય...
પાંખોના ફફડાટે ઊડે રંગ-સુગન્ધના છાંટા
છાંટે પલળે પાંદડિયું, છાંટે ભીંજાતા કાંટા
છાંટે છાંટે લહેર લહેરની ઓઢણિયું રંગાય....
છબ્ છબ્.....છબ્ પતંગિયું ન્હાય..
રંગ રંગની સુગન્ધમાં એ ભીંજવે અંગ ઉમંગે
'હાશ'.. કરીને બહાર નીકળ્યું નીતરતું રંગે રંગે
ફૂલોની દાંડી પર બેઠું તડકે કોરું થાય....
પતંગિયું તડકે કોરું થાય...

# વડલો અને કાગડો



વગડે ઘેઘૂર વડલો
એમાં રહેતો કાગડો

કાગડો કજિયાખોર
જાલિમ એનો તોર

કોઈ પંખી બેસે વડલે
તરત એની સાથે ઝઘડે

તીણી ચાંચ ઊઘાડે
કા....કા.....કરી ભગાડે

મોર પોપટ મેના
કોઈનું કંઈ ચાલે ના!

એક દિ' ખાધો કાંદો
તે કાગો પડ્યો માંદો

કાગડાને કાંઈ ન સૂઝે
કોઈ એનો ભાવ ન પૂછે

એવામાં આવ્યું બૂલબુલ
જાણે ખીલ્યું ફૂલ !

બુલબુલ બેઠું ડાળે
કાગડો ઝાંખું ભાળે

કાગડો બોલ્યો બુલબુલ, આવ!
જો, મને ખૂબ ચડયો તાવ

બુલબુલને બહુ લાગી આવ્યું
પીંછું પાણીમાં પલાળ્યું

કાગડાને માથે લગાડ્યું
ને જણાવ્યું :

કાગાભાઈ, હું હમણાં આવું
હોલા દાક્તરને બોલાવું

દાક્તર સા'બ પીવાડે રોજ
કાગડાને દવાનો ડોઝ

કાગડાને ઈન્જેક્શન આપે
થર્મોમિટરથી તાવ માપે

ખબર પૂંછવા પંખી આવે
સાથે ફળફળાદિ લાવે

પ્રેમથી સૌ પીંછા પ્રસરાવે
કાગડાની સેવા બજાવે

કાગડો મનમાં બોલે! માળુ
પંખીઓ કેવા દયાળુ!

મેં કદી બેસવા ન દીધા
વડલામાં પેસવા ન દીધા

પંખી કેવા ભોળાભસ
હું જ કાગડો કાળોમસ

કાગડો પછી રડવા લાગ્યો
પંખીઓએ છાનો રાખ્યો

હવે વડલે મીઠા સૂર
વડલો કલરવથી ભરપૂર..

**– કિસન સોસા –**

## ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન
## શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તા. ૨૫-૦૮-૨૦૨૨ પછી મળેલ રકમની વિગત

| | |
|---|---|
| શ્રીમતી હંસાબેન આશકરણભાઈ શાહ - મુંબઈ | ૧૦,૦૦,૦૦૦/- |
| માતુશ્રી જ્યોત્સનાબેન ધીરજલાલ શાહ - મલાડ | ૨,૫૦,૦૦૦/- |
| રજનીકાંત દેસાઈ ફાઉન્ડેશન | ૧,૦૦,૦૦૦/- |
| કાંતિલાલ દેસાઈ ચેરિટેબલ ટ્રસ્ટ | ૧,૦૦,૦૦૦/- |

## શ્રીમતી કમળાબેન ગંભીરચંદ ઉમેદચંદ શાહ લોનાવલા સેનેટોરિયમ નુતનીકરણ યોજનામાં
## તા. ૨૫-૧૦-૨૦૨૨ સુધી મળેલ રકમની વિગત

| | |
|---|---|
| શ્રી ગુણવંતરાય દીપચંદભાઈ શાહ | ૧૧,૦૦,૦૦૦/- |
| શ્રીમતી શારદાબેન કાંતિલાલ દોશી ચેરિટેબલ ટ્રસ્ટ | ૭,૫૦,૦૦૦/- |
| માતુશ્રી કુમુદબેન મહેન્દ્રભાઈ રતિલાલ શાહ | ૫,૦૦,૦૦૦/- |
| શ્રી પ્રબોધચંદ્ર વાડીલાલ શાહ | ૫,૦૦,૦૦૦/- |
| શ્રી સતીષચંદ્ર શાંતિલાલ દોશી | ૩,૫૧,૦૦૦/- |
| શ્રીમતી ભારતીબેન કિરીટભાઈ વી. શેઠ | ૩,૦૦,૦૦૦/- |
| શ્રીમતી સરોજબેન જશવંતલાલ સંઘવી | ૩,૦૦,૦૦૦/- |
| માતુશ્રી લીલાવંતીબેન કાંતિલાલ શાહ | ૩,૦૦,૦૦૦/- |
| માતુશ્રી લલિતાબેન ગીરધરલાલ શાહ | ૩,૦૦,૦૦૦/- |
| માતુશ્રી કાંતાબેન રસીકલાલ ગાંધી | ૩,૦૦,૦૦૦/- |
| શ્રી હસમુખલાલ હિંમતલાલ સખીદાસ | ૩,૦૦,૦૦૦/- |
| શ્રીમતી શારદાબેન જયંતિલાલ તલસાણીયા | ૨,૫૦,૦૦૦/- |
| માતુશ્રી પુષ્પાબેન પ્રેમચંદ ગોસલીયા | ૧,૦૦,૦૦૦/- |

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ

સંચાલિત

## શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય–નાલાસોપારા
## શ્રીમતી મંગળાબેન જશવંતલાલ શાહ જૈન ભુવન–નાલાસોપારા

☐ દિલીપભાઈ એ. શાહ

ઝાલાવાડી સભા દ્વારા નિર્માણ પામેલ ઉપરોક્ત ઉપાશ્રયમાં જ્ઞાનગચ્છ સંપ્રદાયના શાસનનિષ્ઠ પ.પૂ. બસંતીમુનિ મ.સા. આદિ ઠાણા - ૪ ના સાંનિધ્યમાં રૂડી ધર્મ આરાધનાઓ સાથે ૨૫ મું ચાર્તુમાસ ઊજવાઈ રહ્યું છે. પર્યુષણ પર્વ બાદ જિનવાણી શ્રવણ વાંચનામાં ધર્મપ્રેમી ભાઈ-બહેનો ખૂબ વિશાળ સંખ્યામાં ઉત્સાહપૂર્વક લાભ લઈ રહ્યા છે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપમાં શુદ્ધિ અને વૃદ્ધિ થઈ.

આસોમાસ આયંબિલ ઓળી કરનાર દરેકને અનુમોદના રૂા. ૧૦૦/- વીર, 'આવો મારી સાથે' ગ્રુપ સાયન તરફથી આપવામાં આવેલ. બ્રાહ્મી મહિલા મંડળ 'વાશી' તરફથી આદિ વસતા આર્થિક રીતે જરૂરિયાતમંદ ૧૦૦ પરિવારોને પ્રાય: ૨૫૦૦ રૂા. ની ફીટબેગ અનાજ, ડ્રાયફ્રુટસ વિ. ૨૧ વસ્તુનું વિતરણ આસોવદ છઠ્ઠના દિવસે કરેલ. મંડળના પ્રમુખશ્રી ભાવનાબેન, છાયાબેન વિ. ૧૪ બહેનોએ સાધર્મિક ભક્તિ કરેલ.

રાજેમતિ મહિલા મંડળ માટુંગા તરફથી ૬૦ પરિવારોને અનાજની કીટબેગ મીઠાઈ બોક્ષ, ફરસાણ આપવામાં આવેલ. મંડળના સભ્ય કુસુમબેન તરફથી ૬૦ પરિવારને રૂા. ૫૦૦/- રોકડા તથા મૃદુલાબેન ચંપકલાલ અજમેરા તરફથી દરેકને બદામના પેકેટ આપવામાં આવેલ.

યુ.કે. ફેમિલી ચુડાવાળા તરફથી ૫૦ પરિવારોને અનાજની કીટબેગ, ફરસાણ, બુંદી, બ્લેન્કેટ આપવામાં આવેલ. શૈલાબેન, રૂચિબેન, શ્રેયાંશભાઈ, શીલ્પાબેન, વર્ષાબેન, માનસીબેન, રીનાબેનના મુખ પર સાધર્મિક ભક્તિના સુકૃત્ય કર્યાની પ્રસન્નતા અને સંતોષની લાગણી દેખાતી હતી.

શ્રદ્ધા ચેરિટેબલ ફાઉન્ડેશન તરફથી શૈલાબેનના પ્રેરણાથી જરૂરિયાતમંદ ૧૦ પરિવારને લગભગ ૨૫૦૦ રૂા. ની ઉત્તમ ક્વાલિટીની ચીજવસ્તુઓ આપવામાં આવેલ.

વીર, 'આવો મારી સાથે' ગ્રુપ સાયન તરફથી કાળી ચૌદસના દિવસે ૫૦ પરિવારને રૂા. ૨૫૦ ની કિટ આપવામાં આવેલ. પ્રફુલ્લાબેન તેમજ રોહિતભાઈ કામદાર, રેખાબેન તથા મહેન્દ્રભાઈ અજમેરા સાયનથી પધારી સાધર્મિક ભક્તિ કરેલ.

નવજીવન મહિલા મંડળ વાલકેશ્વર મોનાબેનની પ્રેરણાથી ૬૦ પરિવારને હલવાની મીઠાઈ આપવામાં આવેલ.

મહાવીર નિર્વાણ કલ્યાણક દિવાળી પર્વના દિવસે મુંબઈના પરામાંથી તેમજ બહારગામથી પધારી ગુરુદેવના સત્સંગનો લાભ લઈ ખૂબ મોટી સંખ્યામાં છઠ્-પૌષધ આરાધનામાં જોડાયેલા પૂ. ગુરૂદેવ બસંતીમુનિ મ.સા.ના સ્વમુખે મહાવીરસ્વામીની અંતિમ દેશના ઉતરાધ્યયન સૂત્રની ૨૦૦૦ ગાથાનો સ્વાધ્યાય સાંભળવાનો મહામૂલો મોકો પ્રાપ્ત થયો. પૂ. ગુરૂદેવ ૨॥ કલાક સતત સ્વાધ્યાયમાં દરેક શ્રોતાઓને અનુરક્ત કરી સખત પરિશ્રમ ઊઠાવેલ. શ્રી સંઘવતી પ્રીતિબેન ડી. શાહે દિપાવલીની શુભેચ્છાઓ પાઠવેલી.

**મુખ્ય આધારસ્તંભ દરેકના રૂા. ૧૧૦૦૦/–**

- શ્રીમતી શ્રુતિબેન મયંકભાઈ શાહ - જુહુ
- શ્રી મદનલાલજી લક્ષ્મીલાલજી બોહરા - બડોદા
- શ્રી રાજમલ પોખરણ - અજમેર
- શ્રીમતી તારાબેન જૈન - જયપુર
- શ્રીમતી ભાવનાજી જૈન - અકોલા
- શ્રીમતી પુનમજી જૈન - અકોલા
- મુમુક્ષુ સિસોદિયા - જોધપુર

**સહયોગી આધારસ્તંભ દરેકના રૂા. ૫૦૦૦/–**

- માતુશ્રી જયાબેન પ્રેમચંદજી મહેતા - સાચોર
- શ્રી પ્રતિક માલદે

**ગોલ્ડન દાતા દરેકના રૂા. ૨૦૦૦/–**

- શ્રીમતી દેવીબેન અનીલભાઈ શાહ - અંધેરી
- શ્રી રાકેશ ભંવરલાલ ઓસવાલ - બોરીવલી
- શ્રી મુકેશ જૈન - દિલ્હી
- શ્રી મનીષ જૈન - ભાયંદર
- શ્રી ચીમનલાલ ડેલીવાળા પરિવાર - ભાવનગર

**સિલ્વર દાતા દરેકના રૂા. ૧૦૦૦/–**

- શ્રીમતી તરૂબેન અશોકભાઈ લાખાણી - નાલાસોપારા
- અલકાબેન - નાલાસોપારા
- કેસરવાડી ભુતપૂર્વ વિદ્યાર્થી મંડળ
- રાજેમતિ મહિલા મંડળ - માટુંગા
- ભાવિન તનસુખલાલ દેસાઈ - મલાડ

**મુદ્રણ દોષ** : ગત પત્રિકામાં પાના નં. ૩૬ પર સહયોગી આધારસ્તંભમાં પ્રગટ થયેલા દાતાનું નામ શ્રી દિપકભાઈ પોપટલાલ વોરા - તારદેવ વાંચવા વિનંતી.

# બહોત ગઈ ને થોડી રહી...

એક નગરમાં એક ગાનારો પોતાની ગાનારી પત્ની સાથે આવી ચડ્યો. તેને થયું કે, રાજદરબારમાં નાચગાનનો જલસો ગોઠવાય તો ઘણાં પૈસા મળશે અને લોકોને નાચગાન ગમી જશે તો એ લોકો પણ આમંત્રણ આપશે. એમ વિચાર કરીને તે પ્રધાનજી પાસે ગયો. નમન કરીને તેણે બધી વાત કરી.

પ્રધાનજી કહેઃ ''તારી વાત બરોબર છે પણ અમારાં રાજાજી બહું જ કરકસર કરનારા છે, કોઈને એક દમડી ય આપે એમ નથી. માટે તારી ઈચ્છા હોય તો જલસો ગોઠવુ પણ ધનની આશા ન રાખવી. પછી જેવ તારું નસીબ''.

ગાયક અને તેની પત્ની આ સાંભળીને જરા નિરાશ થઈ ગયાં. આટલે દૂર આવ્યાં અને ખાલી હાથે પાછા જવું પડે, એ તો સારું ન કહેવાય. એટલે જે થાય તે ખરું એમ વિચારી ગાયકે કહ્યું, ''પ્રધાનજી ભલે જે ભાગ્યમાં હશે તે થશે, આપ ખુશીથી નાચગાનનો જલસો આજ રાતે ગોઠવો. પણ રાજાજીને કહેજો જોવા આવે''.

રાત પડી અને રાજદરબારમાં પ્રજાજનો નાચગાનનો જલસો જોવા ઉમટી પડ્યાં છે. ઘણાં વખત પછી કંજૂસ રાજાજીએ જલસો ગોઠવ્યો, એટલે બધાં રીજી થઈને આવ્યાં હતાં.

જેમ જેમ રાત વધતી ગઈ તેમ તેમ રસ જામતો ગયો. પણ પેલી કહેવત છે ને? 'યથા રાજા, તથા પ્રજા!' એટલે કંજૂસ રાજાએ કશી બક્ષિસ ધરી નહિ, તેમ કોઈ ધનિક પ્રજાજને પણ કશી ભેટ ન આપી! અરે, કોઈ ઉત્સાહના સૂર પણ ન કાઢે! રખેને, કંઈ આપવું પડે!.

અર્ધી રાત વહી ગઈ અને પેલી નર્તકી નાચી નાચીને અને ગાઈ ગાઈને લોથપોથ થઈ ગઈ. પણ કોઈએ એક પાઈ પૌસો આપ્યું નહીં. એટલે તેણે પોતાના ગાયક પતિનું ધ્યાન દોરવા એક દુહો લલકાર્યોઃ-



*''રાત ઘડી ભર રહી ગઈ,*
*પીંજર થાક્યો આંય.*
*નટકી કહે સૂણ નાયકા,*
*અબ મધૂરી તાલ બજાય''.*

એ સાંભળીને પેલો ગાયક તેનો મર્મ સમજી ગયો. ને તેણે સામે ઉત્તર રૂપે ગાયુંઃ-

*''બહોત ગઈ ને થોડી રહી,*
*થોડી ભી અબ જાય.*
*થોડી દેર કે કારણે,*
*તાલમે ભંગ ન થાય''.*

આ દુહો ગાતાં નવું જ કૌતુક થયું. સાંભળવા આવેલ લોકોમાં એક સાધુ હતો. તેણે તુરંત જ પોતાનો નવો કીંમતી કામળો પેલા ગાયક તરફ ફેંક્યો. રાજ કુંવરે પોતાનાં હાથનું રત્ન જાડિત સોનાનુ કડું તેને ભેટ આપ્યું. અને રાજકન્યાએ પોતાનો મૂલ્યવાન હીરાનો હાર ગળામાંથી કાઢીને પેલા ગાનારને આપ્યો.

આ જોઈને કંજૂસ રાજાને ખૂબ આશ્ચર્ય થયું. એકાએક એવું તે શું બન્યું કે આટલી મોટી કીંમતી ભેટ પેલા ગાનારને ભેટ મળી? તેણે સાધુને પૂછ્યું. ''સાધુ મહારાજ! આપે અહી એવું તે શું કૌતુક જોયું કે આપને આપનો નવો કીંમતી કામળો ગાનારને ભેટ આપવાનું મન થયું?''.

સાધુએ કહ્યું, ''રાજાજી હું આપને સાચું જ કહીશ. કેટલાય વર્ષોથી મે સંસાર સુખનો ત્યાગ કર્યો હતો. પણ આજે અહીનો બધો વૈભવ જોઈને મારું મન ફરીને સંસારસુખો ભોગવવા ઊંચા નીચું થવા લાગ્યું હતું. ત્યાં આ ગાયકે ગાયું કે,

*''બહોત ગઈ ને થોડી રહી,*
*થોડી ભી અબ જાય.*
*થોડી દેર કે કારણે,*
*તાલમે ભંગ ન થાય'.*

એ સાંભળીને મને થયું કે, આટલાં વર્ષો કઠિન તપસ્યા કરીને સાધુ તરીકે ગાળ્યાં, હવે જીવનનાં થોડાં વર્ષો બાકી રહ્યાં છે, ત્યારે શા માટે એ સન્માર્ગથી ચલિત થઈને મારે જીવતર એળે ગુમાવવું? મને એ ગાયકના વચનથી ભાન આવ્યું. માટે મે તેનાં પર ખુશ થઈને મારો એકનો એક કીંમતી કામળો તેને ભેટમાં આપી દીધો''.

પછી રાજાએ તેનાં રાજકુવરને પૂછ્યું, એટલે કુંવર કહે; ''પિતાશ્રી, આપને હું સાચી હકીકત કહીશ. એ સાંભળીને આપને જે સજા કરવી હોય તે મને ખુશીથી કરજો. હું આપના કંજૂસ પણાથી કંટાળી ગયો હતો.

હું રાજાનો કુંવર હોવા છતાં કંગાળની માફક રહું છું. મને જરાય સુખ નથી. એટલે મે કંટાળી જઈને આપનું કાલે સવારે ખુન કરવાનો વિચાર કર્યો હતો. પરંતુ આ ગાયકના દુહાએ મારાં કુવિચારોને મારી હઠાવ્યો. મને થયું આપ હવે ઘરડાં થયાં છો. વધુમાં વધુ આપ કેટલું જીવવાના છો ? માટે હવે થોડો વખત વધારે મુશ્કેલી ભોગવી લઉં તો એમાં શું થઈ ગયું ? નાહક આપને મારીને પિતૃહત્યાનુ પાપ શા માટે વહોરી લઉં ? એટલે મે કુ વિચાર છોડી દીધો. મને આ ગાયકે જગાડ્યો, તેથી મે ખુશ થઈને મારું કીંમતી રત્નજાડિત કડું તેને ભેટમાં આપી દીધું''.

પછી રાજાએ કુંવરીને કારણ પૂછ્યું, એટલે કુંવરીએ જવાબ આપ્યો; ''પિતાશ્રી હું પણ આપને સાચું જ કહીશ. હું હવે મોટી થઈ ગઈ છું. પણ આપ ધનની લાલચમાં મારાં લગ્ન યોગ્ય પાત્ર સાથે કરતાં નથી. જેવાં તેવા માણસનાં હાથમાં મને સોંપી દેશો એવો મને સતત ભય રહે છે. ધનની લાલચ તમને વિવેક કરવા દે એમ નથી. માટે મે પ્રધાનજીના પુત્ર સાથે ક્યાંક નાસી જવાનો વિચાર કર્યો હતો. અને હમણાં થોડાં વખત પહેલાં જ મને થયું કે હવે વિલંબ કરવો ઉચિત નથી. આવતી કાલે જ એ નિર્ણય અમલમાં મૂકી દેવો. ત્યાં તો મે એ દુહો સાંભળ્યો અને મારાં મન પર એનું બહું પરિણામ થયું. મને થયું પિતાજી હવે વૃધ્ધ થયાં છે. હવે વધુ કેટલું જીવશે ? પિતાશ્રી પછી ભાઈ ગાદીએ આવશે અને ભાઈ તો ઉદાર દિલનાં છે અને મારાં પર હેત રાખે છે. તો પછી થોડાં વખત માટે થોભી જાઉં તો કશું બગડવાનું નથી. પ્રધાનજીના પુત્ર સાથે નાસી જાઉં તો આપણા કુળને પણ લોકો વગોવે. એનાં કરતાં એવું ન કરવું એ જ યોગ્ય છે. ગાયકના એ દુહાએ મને સાનમાં આણી, માટે મેં ખુશ થઈને મારો કીંમતી હાર તેને ભેટમાં આપી દીધો''.

રાજાજી આ બધું સાંભળીને વિચારમાં પડી ગયાં. તેને પોતાની ભૂલ સમજાઈ. પછી તેણે ગાયક અને તેની પત્નીને ખૂબ ધન આપીને માનભેર વિદાય કર્યા.

આ નાનકડી વાર્તા વાંચનાર પણ વિચારજો કે બહોત ગઈ અને થોડી રહી. શાના માટે અને કોના માટે મારે વેર બાંધવાં, અબોલા લેવા, કોઈને ન ગમે તેવું વર્તન જાણી જોઈને કરવું, બહારના કદી મારા થવાના નથી તો શા માટે મારી ઘરની જ વ્યક્તિઓને હું અનહદ પ્રેમ ન આપી શકું કારણ એ તો સદાય મારી સાથે જ રહેવાના છે. ગાયક નો નાનકડો દુહો ઘણા બધા લોકોના જીવનમાં પરિવર્તન લાવી શકે તેમ છે જો તેને ધ્યાનથી વાંચીએ અને સાંભળીએ તો..

❖❖❖

# મનુષ્યમાં અસીમ સામર્થ્ય રહેલું છે



ફ્રાંસમાં એક પ્રસિદ્ધ દાર્શનિક થઈ ગયા, જેમનું નામ છે, જ્યૉ પૉલ સાર્ત્ર, તેમની જિંદગીમાં અનેક સમસ્યા હતી, છતાં તેમણે કદી પોતાની ઝિંદાદિલી પર તેને હાવી થવા નહોતી દીધી. તે પોતાની જાતને ઉદાસી અને નિરાશાથી માઈલો દૂર રાખતા હતા. તેઓ પોતે હંમેશાં આનંદમાં જ રહેતા અને બીજાઓને પણ મુશ્કેલીઓ વચ્ચે આનંદમાં રહેવાની પ્રેરણા આપતા હતા. સાર્ત્રની એક આંખ પહેલેથી જ ખરાબ હતી. તેમને વાંચવાનો બહુ શોખ હતો. ડૉક્ટરોએ તેમને સલાહ આપેલી કે વાંચવા-લખવાનું બિલકુલ બંધ કરી દો, નહિતર બીજી આંખ પણ ગુમાવવી પડશે. જોકે સાર્ત્રે વાંચન-લેખન કદી ન છોડ્યું. તેમને નિષ્ક્રિય બેસી રહેવું ગમતું નહતું. તેમણે પોતાના પરિવારજનોને મનાવી લીધા કે રોજ કોઈ ને કોઈ તેમને એક પુસ્તક વાંચી સંભળાવશે. આ રીતે પરિવારજનોને મનાવી લીધા કે રોજ કોઈ ને કોઈ તેમને એક પુસ્તક વાંચી સંભળાવશે. આ રીતે પરિવારની મદદથી તેમણે અભ્યાસ કર્યો અને એમ એની ડિગ્રી પ્રાપ્ત કરી. એ ઉપરાંત તેમણે બોલી બોલીને અનેક પુસ્તકો લખાવડાવ્યાં. આ પુસ્તકોઆ કરોડો લોકોને શ્રેષ્ઠ અને આનંદદાયક જિંદગી વિતાવવાની પ્રેરણા આપી છે. વૃદ્ધાવસ્થામાં સાર્ત્રની બીજી આંખ પણ ખરાબ થઈ ગઈ. આમ, તેઓ સાવ આંધળા બની ગયા, છતાં તેમણે પ્રસન્નતા ગુમાવી નહીં. એ સ્થિતિમાં પણ તેમને મળનારા લોકો સુખી જિંદગીના પાઠ ભણી જતા. આ કામ માટે તેમણે રોજના અમુક કલાક નિશ્ચિત કરી નાખ્યા હતા. આ રીતે સાર્ત્રે પોતાની કાર્યશૈલીથી દુનિયાને બતાવી દીધું કે મનુષ્યમાં અસીમ સામર્થ્ય પડેલું છે. મનુષ્ય જો તેને ઓળખે અને તેનો યોગ્ય ઉપયોગ કરે તો જિંદગી અત્યંત ઉચ્ચ, સફળ અને આનંદમય બની જાય અને સમાજ માટે પણ ઉપયોગી બની શકે.

# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

## સંચાલિત

# શ્રીમતી ચંપાબેન દીપચંદ ડુંગરશી તુરખિયા ગ્રુપ મેડિક્લેમ અને ટર્મ લાઈફ ઈન્સ્યુરન્સ પૉલિસી સ્કીમ

ઝાલાવાડી સભાએ C. D. TURAKHIA મેડિક્લેમ પૉલિસી યોજના મારફત પહેલા બે વર્ષ "UNIVERSAL SOMPO GENERAL INSURANCE CO. LTD." માં સંસ્થાએ પુરેપુરૂ પ્રિમીયમ ભરી પૉલિસી ઉતરાવી આપેલ હતી.

ગયા વર્ષની ૧૦૨ ફેમિલીની રૂા. ૨/- લાખની ફેમિલીની ગ્રુપ મેડિક્લેમ પૉલિસી તા. ૨૨/૧૧/૨૦૨૨ સુધીની છે. ગયા વર્ષે "NEW INDIA INSURANCE CO" માં પૉલિસી ઉતરાવેલ આ વર્ષે "NEW INDIA INSURANCE CO" અથવા અન્ય કંપનીમાં શક્ય તેટલા વધુ ફેમિલીને ઓછા પ્રિમીયમમાં પૉલિસી કરાવી આપશે.

સંસ્થાની મેડિક્લેમ કમિટીએ ઝાલાવાડી સભાના વધારે ફેમિલીને પૉલિસીમાં સમાવી લાભ અપાવવા પૉલિસીના પ્રિમીયમમાં રાહત આપવાનું નક્કી કરેલ છે.

**(SUM ASSURED RS. 2/- લાખ ફેમિલી ફ્લોટર)**

- ૬૦ વર્ષથી નીચેના તથા ૬૧ વર્ષથી ૭૯ વર્ષ સુધીના ફેમિલી મેમ્બર્સનું પ્રિમીયમ જે ઇન્શુરન્સ કંપની સાથે પૉલિસી લેવાનું નક્કી થશે અને તેનું જે પ્રિમીયમ ભરવાનું આવશે તેની માહિતી નીચે જણાવેલ કન્વીનર પાસેથી તારીખ ૨૦-૧૧-૨૦૨૨ આસપાસ મેળવવા વિનંતી.
- જુના સભ્યોને વોટસએપ ગ્રુપમાં ઈન્શુરન્સ કંપનીનું નામ તેમજ પ્રિમીયમની રકમની માહિતી આપવામાં આવશે.
- ૬૦ વર્ષ નીચેના ફેમિલીનું પ્રિમીયમ જે રકમ ભરવાની થશે તેમાંથી સભા રૂા. ૫૦૦૦/- ભરશે. બાકીની રકમ સભ્ય ફેમિલીએ ભરવાની રહેશે.
- ૬૦ વર્ષથી વધારે ઉંમરની ફેમિલીનું પ્રિમીયમ જે રકમ ભરવાની થશે તેમાંથી સભા રૂા. ૫૦૦૦/- ભરશે અને બાકીની રકમ સભ્ય ફેમિલીએ ભરવાની રહેશે.

જે ફેમિલીની કુલ વાર્ષિક આવક રૂા. ૩/- લાખથી ઓછી હશે તેમને ફોર્મની સાથે ફેમિલીના દરેક વ્યક્તિની બેંક ખાતાની પાસબુક (બે વર્ષની), આધાર કાર્ડ અને સભ્યપદના લવાજમની રસીદ ની Zerox Copy આપવાની રહેશે. આવકના સ્ત્રોત બતાવનાર ફેમિલીને રૂા. ૫૦૦૦/- પ્રિમીયમમાં રાહત આપવામાં આવશે. 'PREMIUM' ભરનાર ફેમિલીએ પોતાના પ્રિમીયમની બાકી રકમનો એક "Zalawadi Sabha Charitable Foundation" નામનો WhatsApp દ્વારા જાણ કરવામાં આવેલ તે મુજબ મોકલવાનો રહેશે.

(૧) ઝાલાવાડી સભાના સભ્યની કોઈપણ ફેમિલી પુરેપુરૂ પ્રિમીયમ ભરી આ સ્કીમ માં જોડાઈ શકે છે.

(૨) ઓછી આવકવાળા નવા ફેમિલી આવકનું સ્ત્રોત (પ્રુફ) બે વર્ષની ફેમિલીની દરેક વ્યક્તિની પાસબુકની Zerox Copy સાથે ફોર્મ ભરી પ્રિમીયમના સહાયનો ચેક રૂા. ૫૦૦૦/- Refund મેળવી શકશે.

**ડોનર ટ્રસ્ટી**

**શ્રી મહેન્દ્રભાઈ દીપચંદ તુરખિયા** (M). 9137763959

**કન્વીનર**

**શ્રી નિશિતભાઈ પી. તુરખિયા** (M). 9833450006
**શ્રી મુકેશભાઈ આર. શાહ** (M). 9819183325
**શ્રી દિલીપભાઈ એ. શાહ** (M). 9324336356
**શ્રી કિરીટભાઈ શેઠ** (M). 9820063783

# સત્ય ઘટના



જમીન... વાવેલા દાણા પાછા આપે કે ન આપે, Bank... મૂકેલા નાણા પાછા આપે કે ન આપે, પણ.. કરેલા સારા કાર્યો તો એના મીઠા ફળ આપે આપે ને આપે જ! સમય પાકતા ને વખત આવતા, અને તે' ય શાહુકારી વ્યાજ સાથે ને ક્યારેક ચક્રવર્તી વ્યાજ સાથે!

એક નાની સત્યઘટના વાંચો.

વાત બહુ જૂની નથી. સ્કોટલેન્ડમાં આવેલા મોટા-મોટા ખેતરોમાંથી એક ખેડૂત, જેનું નામ ફલેમિંગ હતું. એ ઝપાટાભેર જઈ રહ્યો હતો. એને ઘેર પહોંચવાની ઉતાવળ હતી. કેમકે આજે ઘરે એક મોટું કામ કરવાનુ હતું. જો એ કાર્ય ઘરે થઈ જાય તો એને ખૂબ નફો થાય એવું હતું. એ ઘરે જલ્દી પહોંચવાની ધૂનમાં હતો.

પણ.. ત્યાં જ એના કાનમાં દૂર-દૂરથી કોઈ બાળકના કણસવાનો અવાજ આવ્યો. એના પગ થંભી ગયા. ફ્લેમિંગે વિચાર્યું, આ કોઈ બાળકનો અવાજ લાગે છે, ને એ રડે છે, કણસે છે. એટલે નક્કી કે એ એકલો જ હશે. એણે ચારે તરફ નજર કરી તો દૂર-દૂર કાદવમાં એક બાળક ફસાઈ ગયો છે, ને એ એમાંથી નીકળવાના હવાતિયા મારી રહ્યો છે.

એ જેમ-જેમ નીકળવાની કોશિશ કરે છે, એમ-એમ એ વધુ ને વધુ અંદર ફસાતો જાય છે. ખેડૂત ફ્લેમિંગે વિચાર્યું કે, અત્યારે જો આ બાળકને બહાર નહિં કાઢું તો કદાચ કંઈ ન બનવાનું બની જાય અને જો કાઢવા જઉં તો, ઘરે જઈ મોટું કામ કરી એનો મોટો લાભ જે મળવાનો છે, એ લાભ હું મોડો પડું તો ચાલ્યો જશે એ નક્કી! પણ.. ફ્લેમિંગના મનમાં દયા હતી. દયા એટલે કોઈના દુ:ખે દિલનું દ્રવી જવું.

ખેડૂત ફ્લેમિંગના દિલે એને આગળ વધતો અટકાવીને સીધો જ બાળકની મદદે મોકલી દીધો. એણે બાળકને ખૂબ સાચવીને કાદવમાંથી બહાર કાઢ્યો, ને પોતાના ઘરે લઈ જઈ નવડાવ્યો, ને ખવડાવ્યું. બાળક શાંત થયો, ત્યાં તો થોડીવારમાં એક મોંઘી કાર એના ઘરઆંગણે આવી ઊભી.

એમાંથી ઉતરેલા શ્રીમંતને જોઈ ફ્લેમિંગ કંઈ વિચારે એ પહેલા તો પેલો બાળક દોડ્યો ને ''પપ્પા! પપ્પા!'' કહેતો પેલા શ્રીમંત માણસને ભેટી પડ્યો અને એ શ્રીમંત માણસની આંખમાં આંસુ છલકાઈ આવ્યાં. એમણે દીકરાને તેડી લીધો, ને.. આભારવશ થઈ ખેડૂતની સામે ડોલરોની થપ્પી ધરી દીધી.

ફ્લેમિંગ ખેડૂત હતો. એ ધનાઢય નો' તો, પણ.. દિલની અમીરાઈ હતી એની પાસે!!!

ખેડૂત ફ્લેમિંગ બોલ્યો, ''સર! સત્કાર્યનો ચાર્જ ન હોય, સત્કાર્ય તો ચાર્જર છે. જે આપણા નસીબને ચાર્જ કરી દે છે.'' ખેડૂત ફ્લેમિંગે જ્યારે વિનમ્રતાપૂર્વક પૈસા લેવાનો ઈન્કાર કર્યો, ત્યારે આ શ્રીમંત સજ્જને કહ્યું, ''તો તારે મારી એક વાત માનવી પડશે. તારા છોકરાનો ભણવાનો તમામ ખર્ચ હું ઉઠાવીશ. એને જેટલું ભણવું હોય, ને જ્યાં જઈ ભણવું હોય, સંપૂર્ણ ભણવાનો ખર્ચ હું જ આપીશ.''

ખેડૂત ફ્લેમિંગ આર્થિક દ્રષ્ટિએ પોતાના બાળકને શ્રેષ્ઠ શિક્ષણ આપી નો' તો શકતો. એણે નીચી નજર કરી દીધી ને પછી ઈતિહાસ રચાયો. એ ખેડૂતનો છોકરો લંડનની પ્રખ્યાત, મોભાદાર સેન્ટ મેરી મેડિકલ હોસ્પિટલમાં સ્નાતક બન્યો, પછી વૈજ્ઞાનિક બન્યો. એનું વિશ્વપ્રસિધ્ધ નામ, ''એલેક્ઝાન્ડર ફલેમિંગ.''

એણે ઘણા સંશોધન કાર્યો કર્યા. ઘણી બધી દવાઓના નિર્માણ કર્યા અને.. એક દિવસ ઈતિહાસ રચાયો. એક અતિ ધનાઢ્ય પરિવારનો દીકરો ન્યુમોનિયામાં પટકાયો. એના બચવાની તકો ખૂબ ઓછી હતી. એ જ અરસામાં એલેક્ઝાન્ડર ફ્લેમિંગે 'Penicillin'ની શોધ કરી, જે ન્યુમોનિયાની અક્સીર દવા સાબિત થઈ, જે આજે'ય જગ વિખ્યાત છે.

એ જ દવાએ આ ધનાઢ્ય પરિવારનો લાડકવાયો બચી ગયો અને આ ધનાઢ્ય પરિવારને જ્યારે ખબર પડી કે, આ દવાના શોધનાર સર એલેક્ઝાન્ડર ફલેમિંગ આટલા ઉચ્ચ સ્થાન સુધી પહોંચી શક્યા, આ ઉચ્ચ અભ્યાસ કરી શક્યા, અને આટલા મોટા વૈજ્ઞાનિક બની શક્યા, એનું શ્રેય આપણા જ પરિવારને ફાળે છે, ત્યારે તેઓ ગદ્‌ગદ્ બની ગયા.

અને.. જ્યારે આ ધનાઢ્ય પરિવાર ને સર એલેક્ઝાન્ડર ફ્લેમિંગ ભેગા મળ્યા ત્યારે બંન્ને એકબીજાના આભારવશ લાગણી-ભીના બની ગયા. ખેડૂત ફ્લેમિંગ કહે, ''મારા દીકરાને તમે આટલે પહોંચાડ્યો.'' ધનાઢ્ય પરિવાર કહે, ''મારા દીકરાને તમે બચાવ્યો.'' અને આ ન્યુમોનિયાથી બચી ગયેલો યુવાન એટલે, સર વિન્સટન ચર્ચિલ!

એક નિ:સ્વાર્થ ભાવે કરેલું કાર્ય ક્યારેય નિષ્ફળ જતું નથી.

❖❖❖

## તપશ્ચર્યા નિર્વિઘ્ન પૂર્ણ કર્યા બદલ હાર્દિક અભિનંદન

**૩૧ ઉપવાસ**



**આશિતા સમીર શાહ**
બરવાળા (હાલ : મિરારોડ)

**૩૦ ઉપવાસ**




**હેતલ હિરેન અજમેરા**
ચોટિલા (હાલ : મિરારોડ)

**૩૦ ઉપવાસ**



**રોહિત જયંતીલાલ દેસાઈ**
બોટાદ (હાલ : મિરારોડ)

**૩૦ ઉપવાસ**




**પરિમલ ઓચ્છવલાલ ગાંધી**
બોટાદ (હાલ : ઘાટકોપર)

**૩૦ ઉપવાસ**



**ઈશિતા મેઘલભાઈ શાહ**
બરવાળા (હાલ : મિરારોડ)

**૩૦ ઉપવાસ**




**મુગટલાલ શાંતિલાલ શાહ**
રામપુરા (હાલ : મિરારોડ)

**૩૦ ઉપવાસ**



**શ્રુતી ચિરાગ શાહ**
લખતર (હાલ : બોરીવલી)

**૩૦ ઉપવાસ**



**ધમેશ કિશોરભાઈ શાહ**
(હાલ : મિરારોડ)

**૯ ઉપવાસ (ઉ.વ. ૧૨)**



**કેશવી કિંજલ ધવલ શાહ**

**૯ ઉપવાસ (ઉ.વ. ૧૨)**



**સ્પર્શ પૂજા સુકેતુ શાહ**

**૮ ઉપવાસ (ઉ.વ. ૧૦)**



**ધ્યાના મિતુલ શાહ**
પાળિયાદ (કાંદિવલી)

**૮ ઉપવાસ (ઉ.વ. ૧૧)**



**ચહેક વિરલભાઈ શાહ**
વઢવાણ (મલાડ)

**૮ ઉપવાસ (ઉ.વ. ૧૩)**



**અશ્વી નિતેશ વોરા**
જોરાવરનગર (હાલ : મલાડ)

**૮ ઉપવાસ (ઉ.વ. ૧૫)**



**હર્ષિત એમ. શાહ**
ધાંગધ્રા (હાલ : મલાડ)

**૮ ઉપવાસ (ઉ.વ. ૧૨)**



**મોક્ષ સચીન ગોપાણી**
પાળીયાદ (હાલ : બોરીવલી)

## પર્યુષણ દરમિયાન તપશ્ચર્યા નિમિત્તે આવેલ ફંડ

*પર્યુષણ પર્વમાં આપણી સંસ્થાના સભ્યોના પરિવારમાંથી પ્રખર તપશ્ચર્યા થઈ છે. સંસ્થાના પ્રતિનિધિ મંડળ દ્વારા તપસ્વીઓનું સન્માન કરવામાં આવેલ હતું. તે સાથે જે તપસ્વીઓએ આ તપશ્ચર્યા પ્રસંગે શુભ ખાતામાં રકમ ભેટ આપેલ હતી તે યાદી અત્રે પ્રગટ કરેલ છે.*

| નામ | રૂપિયા | નામ | રૂપિયા |
|---|---|---|---|
| **કાંદિવલી (વેસ્ટ)** | | **મુલુન્ડ** | |
| પલક મેહુલ અજમેરા - ૧૧ ઉપવાસ | ૧૧૦૧ | બિજલ અજય શાહ - ૯ ઉપવાસ | ૫૦૦ |
| સરોજબેન જીતેન્દ્રભાઈ શાહ (નાથાભવનવાળા) તરફથી | | નિશિતા અજય સાહ - ૮ ઉપવાસ | ૫૦૦ |
| કોમલબેન-૧૦ ઉપવાસ નિરવભાઈ-૯ ઉપવાસ નિમિતે | ૧૦૦૦ | | |

JAIN JAGRUTI CENTRE JJC 1975

# પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર

## જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

૨૦૧, માથારુ આર્કેડ, સુભાષ રોડ, વિલે પાર્લા (ઈ), મુંબઈ–૪૦૦૦૫૭.
ફોનઃ 022-6695 6699 / 6697 3038 મોબાઈલઃ 8104205202

જૈન સમાજની છેલ્લા ૪૭ વર્ષથી કાર્યરત સંસ્થા જેનાં
૧૭૩ સેન્ટરો અને ૬૫૦૦૦ સભ્યો ધરાવતી મોટામાં મોટી
જૈન સમાજની સંસ્થા સમાજ ઉપયોગી કાર્યોમાં અગ્રેસર રહી છે.



## ૨૬મો સમૂહલગ્ન આયોજન

ગુરૂવાર તા. ૨૬–૧–૨૦૨૩ના રોજ
બોરિવલી ખાતે જી. એચ. હાઈસ્કુલના
પ્રાંગણમાં કરવામાં આવેલ છે.



આ સમૂહલગ્નમાં જૈન સમાજના કોઈપણ ફીરકાની વ્યક્તિ ભાગ લઈ શકે છે.
વધુમાં વધુ ૨૧ યુગલોનો વહેલા તે પહેલા ધોરણે સમાવેશ કરવામાં આવશે.
વધુ વિગત માટે જણાવેલ ટેલિફોન / મોબાઈલ નંબર પર તુરંત સંપર્ક સાધવો.

| ચેરમેનઃ | આઈ. પી. ચેરમેનઃ | વાઈસ ચેરમેનઃ | વાઈસ ચેરમેનઃ |
|---|---|---|---|
| સંજય શાહ | જીતેન્દ્ર કોઠારી | પ્રફુલ કામદાર | રાજેશ ગાંધી |
| 9821050169 | 9821012321 | 9820038664 | 9821069989 |

| સેક્રેટરીઃ | સેક્રેટરીઃ | ટ્રેઝરરઃ |
|---|---|---|
| અમિત કોઠારી | અનિલ દોશી | રાજેશ ભણશાલી |

પ્રવિણભાઈ જી. શાહ • કમલેશ સી. શાહ • નિલેષ કે. શાહ
Our Donor Trustee

હર્ષદ જે. ગાંધી
Permanent Trustee

(Advt.)

# પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર

## જેજેસી કાંદિવલી સંચાલિત જૈન સગપણ માહિતિ સેન્ટર

તથા

## જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

ફોન નંબર ઑફિસ: 022-6695 6699 / 6697 3038 મોબાઈલ: 8104205202

જેજેસી કાંદિવલી: સંજય શાહ – 9821050169

# પરિચય સંમેલન

જેજેસી કાંદિવલી સંચાલિત તથા જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ પુરસ્કૃત પ્રથમ વખત એક અનોખી પહેલ કરવા જઈ રહ્યું છે... સમાજની સાથે રહેતા પણ કંઈક અંશે થોડી સંકુચિત માનસિકતા કે સંજોગવસાત ઉપેક્ષિતતાનો અનુભવ કરનાર એક એવા વર્ગના આપણા જ સ્નેહીસ્વજનો કે મિત્રો જેવાકે વિધુર, વિધવા, ડાયવોર્સી તેમજ અપરિણિત યુવક યુવતીઓનું એક પરિચય સંમેલન

**રવિવાર તા. ૮-૧-૨૦૨૩ના સવારે ૯.૦૦ વાગ્યાથી કાંદિવલીની ઠાકુર ઈન્ટરનેશનલ સ્કુલમાં રાખવામાં આવેલ છે.**

**સમાજની આ પ્રકારની સમસ્યાને હળવી કરવાના ઉમદા હેતુથી આ પ્રકારના એક અનોખા પરિચય સંમેલનનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.**

એજ લિ.

**સંજય બી. શાહ**

પ્રમુખ જેજેસી કાંદિવલી

૧) જેમણે પણ આ પરિચય સંમેલનમાં ભાગ લેવો હોય તેઓ ઉપરોક્ત નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી

૨) પરિચય સંમેલનનું ફોર્મ Website ઉપર ઉપલબ્ધ છે.

Website: www.jainjagruti.com • Link: https://forms.gle/yD6D1Qe72ahQDhmVA

(Advt.)

## ખંધાર પરિવારનું સ્નેહમિલન

**વ્હાલા ખંધાર કુટુંબ પરિવારો,**

આપ સૌને નુતન વર્ષના અભિનંદન.

કોરોના કાળ બાદ, ફરી એ જ આનંદ અને ઉત્સાહભેર એક અનેરો ભેળા મળવાનો મોકો ગોઠવી દીધો છે.



**તા. ૨૫ મી ડિસેમ્બર ૨૦૨૨** રવિવારે કુટુંબના દરેક સભ્યોની સંગાથે નાતાલની ઉજવણી **''વાડા-દાની રિસોર્ટ''** ખાતે ખંધાર પરિવારનું સ્નેહમિલનનું આયોજન કરેલ છે. બસ દ્વારા **સવારે ૭.૦૦ વાગેથી સાંજે ૭.૦૦ સુધી** સ્વાદિષ્ટ ભોજનની સાથે સ્વીમીંગપુલની અવનવી રાઈડ્સ, એડવેન્ચર રાઈડ્સ, રેઈન ડાન્સ - ડી.જે. ના સથવારે માણી શકાશે.

આ પીકનીકમાં સહભાગી થવા મુંબઈમાં વસતા દરેક ખંધાર કુટુંબીઓને ભાવભર્યું આમંત્રણ છે. આપ આપની પરિણીત બહેનો અને દિકરીઓને પણ પોતાના પિયર-પરિવારજનો સાથે રિસોર્ટ માણવા સામેલ કરી શકો છો. કુટુંબ મેળા માં આવવા ઈચ્છુક કાર્યવાહક કમિટિ સભ્યોનો સંપર્ક કરવા વિનંતી છે.

| | | |
|---|---|---|
| નરેન્દ્રભાઈ ખંધાર (અંધેરી) | - | ૯૩૨૨૨૯૭૯૯૯ |
| રવિન્દ્રભાઈ ખંધાર (સાંતાક્રુઝ) | - | ૯૮૨૦૭૩૭૮૮૦ |
| દિપકભાઈ ખંધાર (કાંદિવલી) | - | ૯૩૨૨૫૧૬૦૮૦ |
| પ્રદિપભાઈ ખંધાર (બોરિવલી) | - | ૯૯૨૦૮૯૬૨૯૨ |
| અજયભાઈ ખંધાર (ઘાટકોપર) | - | ૯૩૨૨૭૯૦૪૦૫ |
| પરેશભાઈ ખંધાર (અંધેરી) | - | ૯૮૩૩૬૬૩૭૬૩ |
| તૃપ્તિબેન ખંધાર (જોગેશ્વરી) | - | ૯૨૨૪૨૩૨૪૧૬ |
| ધિમંતભાઈ ખંધાર (કાંદિવલી) | - | ૯૯૬૭૫૩૨૧૨૧ |
| અશ્વીનભાઈ ખંધાર (ઘાટકોપર) | - | ૯૩૨૦૧૦૨૧૬૧ |

**આભાર**

**ખંધાર પ્રગતિ મંડળ, મુંબઈ** (Advt.)



જૂના અને જાણીતા જૈન વિનુભાઈ લીંબડી વાળાનું પ્રખ્યાત

## કાળા તલનું કચરીયું

SINCE 1980

fssai No. 20719021000775

**લીંબડી અને સુરેન્દ્રનગરમાં મળશે.**

**શેઠ કિંજલકુમાર વિનુભાઈ**

બાહેલાપરા, ચબુતરા પાસે, લીંબડી.

**Mo. 98670 87354**

દુકાન નં. ૩, ૪ શ્રીજી કોમ્પલેક્ષ, શ્રી ઝાલાવાડ ક્ષત્રિય સમાજ હોલની નીચે, યુરોકીડસ્ સ્કૂલની બાજુમાં, મહાવીર સ્વામી ચોક, જીનતાન રોડ, સુરેન્દ્રનગર

**Mo. 98929 27341**

નોંધ : બહારગામ માટે કુરીયર સર્વિસ મળશે. (૧ કિલોથી ઊપર મળશે.)

(Advt.)


**મેમ્બરશીપ I-Card અને પત્રિકા એડ્રેસમાં ફેરફાર અથવા પત્રિકા ન મળવા સંબંધી તથા સેનેટોરિયમ બુકિંગ અને બુકીંગ કેન્સલેશન સંબંધી**

સભ્યોની જે કાંઈ ઈન્કવાયરી જેમકે પત્રિકા ન મળતી હોય અથવા એડ્રેસમાં ફેરફાર કરવા અને મેમ્બરશીપને લગતાં કોઈપણ કામકાજ માટે તથા મેમ્બરશીપ I-Card ન મળ્યું હોય તો **WhatsApp No. 8850830865** નંબર ઉપર ફક્ત મેસેજ કરવો. આ નંબર ઉપર વાત થઈ શકતી નથી. આપની જે કાંઈપણ ઈન્કવાયરી હોય તેનો પાંચ કામકાજના દિવસોમાં જવાબ આપવામાં આવશે. અને તેનું શું નિવારણ કરેલ છે તેની જાણ WhatsApp દ્વારા કરવામાં આવશે.

આ ઉપરાંત સેનેટોરિયમ બુકીંગ તથા બુકીંગ કેન્સલેશન અને રિફન્ડ સંબંધી જે કાંઈપણ કામકાજ હોય તે **WhatsApp No. 9326858989** ઉપર મેસેજ કરવા વિનંતિ.

આપની દરેક ફરિયાદને દૂર કરવા માટે અમારા પ્રયત્નો ચાલું છે અને તેમાં આપના સાથ-સહકારની અપેક્ષા.

**માનદ્ મંત્રીશ્રી**

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા**

# BIO-DATA



**NAME : CHIRAG PRADIP SHAH**
Date of Birth : 10th September, 1987
Time/Place : 1.15 p.m. / Mumbai
Height : 5'-10"
Complexion : Fair
Cast : Zalawadi Dashashrimali Sthanakwasi Jain
Native : Chuda

**EDUCATIONAL QUALIFICATIONS**

MBA Finance (Thakur Institute of Management Studies & Research)
BMS (Rithumbara College)
NCFM Certification in Derivatives Market

Hobbies : Adventure Sports, Exploring New Places & Listeening Music

**FAMILY DETAILS**

Father : Pradip Vrajlal Shah
Mother : Geeta Pradip Shah
Sister : Hetal Manish Shah (Elder, Married)
Brother : Mihir Pradip Shah (Elder, Married)
Grandfather : Late Vrajlal Mohanlal Shah
Grandmother : Late Kanchanben Vrajlal Shah
Mosal : Late Jayantilal Panachand Doshi (Bhavnagar)

**CONTACT DETAILS**

Residence Address :
A/1201, Sahyadir, Opp. Sardar Patel Garden, Lallubhai Park Road, Andheri (West), Mumbai - 400 058.
Tel. : Paradip Shah +91-9820360649

**OCCUPATION**

Chirag Enterprises / Adinath Enterprises
Construction Raw Material Suppliers & Contractors
2, Ramjhurakha, S.V. Road, Andheri (W),
Mumbai - 400 058.

(Advt.)

# BIO-DATA



**Mobile & Whatsapp : +91-8866035799**


**NAME : MEET KIRTIKUMAR MEHTA**
Date of Birth : 29th September, 1997
Birth Time : 07.10 pm
Place of Birth : Vapi
Mangal : No Mangal
Complexion : Fair
Height : 5'-7"
Weight : 70 kg
Education : B.E. Mechanical (Laxmi Institute)
Profession : Production Manager
Company : Vaibhav Fittings
Caste : Derawasi Jain (Visha)
Native : Bavdidhar (Jamnagar)

**Family Details**

Grand Parent : Late Shri Pranjivan Zaverchand Mehta (Umbergaon)
Father's Name : Mr. Kirtikumar P. Mehta (+91-9427142826 / +91-7776052526)
Father's Occupation : Grass Merchant & Cater field
Mother's Name : Mrs. Toral K. Mehta (+91-9727562261)
Mother's Occupation : Housewife
Younger Brother : Preet K. Mehta
Profession : Pursuing BE Mechanical (Laxmi Institute)
Residential Address : 105 Sukhi Apartment, Solsumba Road, Near Arpan Hotel, Umbergaon, District - Valsad.
Mosal : Vinodrai Khushalchand Shah (Wankaner)

(Advt.)

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ







**જન્મ**
**તા. ૧૫.૦૫.૧૯૪૩**

**અરિહંતશરણ**
**તા. ૧૫.૧૧.૨૦૨૧**

# સ્વ. જસવંતલાલ ગિરધરલાલ શેઠ

**ઉગામેડી નિવાસી, હાલ વિલેપાર્લે, મુંબઈ**

**આંખો હજુ નિહાળે છે તમને, અંતર હજુ પોકારે છે તમને,**
**એકાંતમા રડી લઈશું જ્યારે આવશે તમારી યાદ,**
**જ્યાં કુદરત જ રૂઠી ગઈ ત્યાં કોને કરવી ફરીયાદ...**
**જેમની આંખોમાં હતો અમી ભર્યો આવકાર, સ્મિતમાં હતો સ્નેહભર્યો સત્કાર,**
**ધડકન માં હતો ધર્મનો ધબકાર, અંતરમાં હતો આર્શીવાદ નો અખૂટ ભંડાર,**
**વાણીમાં હતો વ્હાલ અને વાત્સલ્યનો વરસાદ, શેઠ પરિવાર ના સાવજ,**
**એવા પ્રેમાળ વડીલ શ્રી આપને સ્નેહ ભરી સ્મરાંજલી અર્પણ**

## શોકાતુર સ્વજનો

**માતા પિતા**
સ્વ. ગં.સ્વ. અજવાળીબેન ગિરધરલાલ શેઠ

**પુત્ર-પુત્રવધુ**
અ.સૌ. દિવ્યા જીજ્ઞેશ શેઠ

**પૌત્ર-પૌત્રવધુ**
અ.સૌ. હિરલ મંથન શેઠ

**પૌત્રી**
હની જીજ્ઞેશ શેઠ

**ધર્મપત્ની**
ગં.સ્વ. મધુબેન જસવંતલાલ શેઠ

**દીકરી -જમાઈ**
અ.સૌ. અમિતા આશિષકુમાર શેઠ
અ.સૌ. અલ્પા કેતનકુમાર શાહ

**દોહિત્ર-દોહિત્રી**
અ.સૌ. એશા આનંદ શેઠ
અ.સૌ. તાનુર સર્જક શેઠ
અ.સૌ. નિધી રીષિકુમાર મેહતા
હર્ષ કેતન શાહ

**શેઠ પરિવારના જય જિનેન્દ્ર**

(Advt.)

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



આગમન
૧૯/૭/૧૯૬૨

પ્રયાણ
૨૮/૧૧/૨૦૨૧

# જયેશભાઈ મગનલાલ ખંધાર

## (ચુડા નિવાસી હાલ કાંદિવલી, મુંબઈ)

અમારૂં સાહસ, અમારી ઈજ્જત, અમારૂં સમ્માન એ પિતા,
અમારી તાકાત, અમારી પુંજી, અમારી ઓળખાણ એ પિતા....
ઘરની એક-એક દિવાળીમાં શામિલ એમનો ખૂન પસીનો,
આખા ઘરની રોનક એમનાથી, આખર ઘરની શાન એ પિતા....
અમારી ઈજ્જત, અમારૂં સ્વમાન, અમારો રૂતબો, અમારા માટે ''મા'' એ જ પિતા,
અમને હિમ્મત આપવાવાળા, અમારૂં અભિમાન એ પિતા....
અમારા ઘર, અમારા માટે સૌથી બળવાન એ પિતા,
આખા ઘરના હૃદયની ધડકન, આખા ઘરની જાન એ પિતા....
શાયદ ભગવાન આપ્યું છે ફળ સારા કર્મોનું,
માટે જ એ વરદાનરૂપ બન્યાં અમારા પિતા....

### સ્મરણાંજલિ અર્પણ કરનાર

ધર્મપત્ની : સ્વ. અ.સૌ. પૂર્વી જયેશ ખંધાર

જન્મદાતા : સ્વ. અ.સૌ. લીલાવંતી મગનલાલ ખંધાર
સ્વ. મગનલાલ મોહનલાલ ખંધાર

સસરા : સ્વ. ધીરજલાલ મોહનલાલ શાહ (પાટીવાળા)
સાસુ : સ્વ. અ. સૌ. સવિતાબેન ધીરજલાલ શાહ (પાટીવાળા)

પુત્ર : ચિ. શ્રેયક જયેશ ખંધાર

દીકરી-જમાઈ : પ્રિયલ -પૂરવ શાહ
શ્વેતા - કૌશલ શાહ

બેન-બનેવી : હર્ષાબેન રમેશચંદ્ર શાહ
ચેતનાબેન નરેશભાઈ કામાણી

ભાઈ-ભાભી : પ્રીતિ રોહિત ખંધાર
દોહિત્રી : ત્રિશા પૂરવ શાહ

Advt.

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ

# ભાવભીની શ્રદ્ધાંજલિ

**શ્રી ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**
**વઢવાણ નિવાસી હાલ મુંબઈ**



જન્મ :
તા. ૨૧/૦૬/૧૯૫૦

અરિહંત શરણ :
તા. ૧૩/૧૧/૨૦૨૧

# સ્વ. મહેશભાઈ વિનયચંદ્ર શાહ (તાળાવાળા)

**(નાથાભવાન વાળા)**

તમે જ પિતા, તમે જ ગુરૂ, તમે છો જન્મદાતા, તમે જ મિત્ર, તમે જ સ્નેહી, તમે છો ભાગ્ય વિધાતા,
તમારા વિયોગમાં...કલાકો ગયા અને મહિનાઓ પણ ગયા...
પણ ન ગયા તમારા સંસ્મરણો, ન ગઈ તમારી યાદો,
આજે પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ અમે નત-મસ્તકે તમને પ્રણામ કરીને એટલુંજ કહીએ છીએ કે...
તમારા આશિર્વાદ થી જ છે..રોશન અમારી જીંદગી, તમારી યાદો જ સદા, રહેશે અમારી બંદગી.

**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ, અમારી અશ્રુભીની શ્રદ્ધાંજલિ**

**શોકાતુર સ્વજનો**

- માતા-પિતા : સ્વ. કંચનબેન વિનયચંદ્ર શાહ
- ધર્મપત્ની : કલ્પનાબેન મહેશભાઈ શાહ
- ભાઈ : પ્રકાશભાઈ વિનયચંદ્ર શાહ
- પુત્ર-પુત્રવધુ : દર્શક-રિપલ, વિશાલ-ખ્યાતિ • પૌત્ર-પૌત્રી : ધ્રુમિલ, નાઈશા, વેનિશા
- બેન-બનેવી : રોહીણીબેન દિવ્યાંગકુમાર શાહ
- ભાણી-ભાણેજ જમાઈ : રાધિકાબેન નિશાંતકુમાર પટેલ • ભાણેજ-ભાણેજ વહુ : ગૌરાંગ-દ્વની
- શ્વસુર પક્ષે સાસુ-સસરા : સ્વ. સુભદ્રાબેન બચુભાઈ પી. દોશી (રાણપુર)
- સાળા : મહેશભાઈ-શીલા, મિલનભાઈ-ફાલ્ગુની • સાળી : સુરેખાબેન દિનેશભાઈ શાહ
- વેવાઈ : રમેશભાઈ ચંદુલાલ શાહ (ગૌતમ એડવર્ટાઈઝીંગ), શૈલેશભાઈ કિશોરભાઈ શાહ (શૈલેશ ઓપ્ટીશિયન)

**તથા સમસ્ત વાડીલાલ દેવજીભાઈ શાહ પરિવાર ના જય જિનેન્દ્ર**

Advt.

# અશ્રુભીની શ્રદ્ધાંજલિ



જન્મ
૪-૬-૧૯૪૫

અરિહંતશરણ
તા. ૨૬-૧૦-૨૦૨૨

## સ્વ. દિનેશભાઈ હિરાલાલ ત્રીકમલાલ કોઠારી

ધાંગધ્રા નિવાસી (હાલ - મુંબઈ)

હાજરી આપની હતી,ત્યારે ખબર ન હતી,
ગેરહાજરી શું કહેવાય ? ચોતરફ આનંદ પાથર્યો તમે,
ખબર પડવા ન દીધી દુઃખ શું કહેવાય,
વડીલ ગુમાવ્યાની વ્યથા શબ્દોમાં સમાતી નથી,
હર હંમેશ પ્રેમની લાગણી વિસરાતી નથી,
વસ્યા છો દૂર, છતાં આશીર્વાદ આપના વરસતા જ રહેશે,
આપના સુમધુર સ્નેહની સુગંધ સર્વત્ર પ્રસરતી રહેશે.
આપનો આત્મા જ્યાં પણ હોય ત્યાં સનાતન જૈન શાસનનું શરણું મળે,
તેમજ મોક્ષ સુખની પ્રાપ્તિ કરો તેજ અભ્યર્થના...

### શ્રદ્ધા સુમન અર્પણકર્તા

**જન્મદાતા** : સ્વ. શાન્તાબેન હિરાલાલ કોઠારી

**ધર્મપત્ની** : રેખાબેન દિનેશભાઈ કોઠારી

**પુત્ર -પુત્રવધુ** : બિમલ - સ્નેહા, સચીન - કિંજલ

**ભાઈ-ભાભી** : ગિરીશભાઈ - સોનલબેન

**સાસુ-સસરા** : સ્વ. સુશીલાબેન કાંતીલાલ વોરા

**પૌત્ર-પૌત્રી**
સૌમ્ય, અંશ, ઈશાનવી, રીયાન

Advt.

# પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ

જન્મ
તા. ૧૧.૦૨.૧૯૩૯



અરિહંત શરણ
તા. ૧૬-૧૧-૨૦૨૧

# સ્વ. શ્રી નવિનચંદ્ર વૃજલાલ શાહ

વઢવાણ નિવાસી હાલ - અંધેરી (મુંબઈ)

દરિયાદિલી જેમના શ્વાસોમાં હતી,
કરૂણા જેમના હ્રદયમાં હતી, પરોપકાર જેમના પગલામાં હતા.
આખું જીવન તનતોડ મહેનત કરી સુખનો સાગર સોંપતા ગયા.
પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેમની શક્તિ હતી,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેમની ભક્તિ હતી.
આપની વાત્સલ્યતા, લાગણીશીલ સ્વભાવ, નિઃસ્વાર્થ પ્રેમ,
સદા હસતો ચેહેરો, કુંટુંબ પ્રત્યે નો પ્રેમ,
સદાય અમને પ્રેરણા આપતા રહેશે.
આપના દિવ્ય આત્માને પરમ શાંતિ મળે,
એવી અમારી પરમાત્માને પ્રાર્થના !

## શ્રદ્ધાસુમન અર્પણ કરનાર

| | | | |
|---|---|---|---|
| માતા-પિતા | : સ્વ કંચનબેન વ્રજલાલ શાહ | સાસુ-સસરા | : સ્વ.ઝવેરીબેન નરોત્તમદાસ સંઘવી |
| ધર્મપત્ની | : ભાનુમતિબેન નવિનચંદ્ર શાહ | ભાઈ-ભાભી | : સુરેશભાઈ-ચંદ્રિકાબેન<br>દિનેશભાઈ- ભારતીબેન |
| પુત્ર-પુત્રવધુ | : શૈલેષ-ભાવના, વિક્રમ-જુલી | | |
| દિકરી-જમાઈ | : રૂપલ આશિતભાઈ સંઘવી | બેન-બનેવી | : ઇંદિરાબેન - સ્વ. રસિકલાલ સંઘવી |
| પૌત્ર-પોત્રી | : કરણ-નિસર્ગ-નિલોની | દોહિત્રી | : ઉન્નતિ, અનેરી |

Advt.

શ્રી મહાવીરાય નમઃ

## ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ
૧૦-૧૧-૧૯૩૮

અરિહંત શરણ
૧૦-૦૪-૨૦૧૯

## અ.સૌ. જયાબેન હિમ્મતલાલ શાહ

'ભક્તિ તમે કરી, પુણ્ય સૌને મળ્યા
કર્મ તમે કર્યા, ફળ સૌને આપ્યા
સંઘર્ષ તમે કર્યો, સુખ સૌને આપ્યું
આપવુ જ એ જ તમારો જીવન મંત્ર હતો
લઈ શું ગયા તમે, આપી ગયા સૌને
તમારા આર્શીવાદથી પરિવાર સમૃધ્ધ થયો
મન હજુ માનતુ નથી કે તમો હયાત નથી
હૃદયની લાગણી કહે છે તમો અમારી આસપાસ છો.
આવા ઉત્તમ આત્માને પ્રભુ શાંતિ અર્પે
આપની ખોટ અમોને સદા રહેશે."

**શાહ પરિવાર**
**નાગનેશ - રતલામ - મુંબઈ**

Advt.

To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2021-23. WPP Licence No. MR/Tech/WPP - 341/South/2021-23 Published on 5th of every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.

તૂટી વિસામાની ડાળ, આંસુ સારે છે બાળ,
કેવા લડાવ્યા તેં લાડ, માઁ, હવે કોણ લેશે સંભાળ ?
સંકટ આવ્યા અપાર, તું બની હંમેશા ઢાલ,
એવી મમતાળુ માતાને, આજે ઝૂંટવી ગયો છે કાળ.

# પ્રથમ માસિક પુણ્યતિથિ શ્રદ્ધાંજલિ અશ્રુભીની

આવાગમન
તા. ૨૩-૧૨-૧૯૩૯



ગમનાગમન
તા. ૨૯-૯-૨૦૨૨

## માતુશ્રી ઈલાબેન નવીનભાઈ વાડીલાલ શાહ

હસતો ચહેરો ને પ્રેમાળ આંખ
સહુને સમાવતા ફેલાવી પાંખ
વિવિધ ક્ષેત્રમાં આપી યોગદાન
'શાહ' કુટુંબનું દિપાવ્યું નામ
'ખ્યાતિ' પ્રસરાવી આપ્યું શાસનને સંતાન, 'મનિષા'એ મેળવ્યું ઝાલાવાડમાં માન,
નિમેષ-નિકિતાનું સહુના હૃદયમાં સ્થાન, 'ઉત્તમ' જન્મદાતાને સો સો સલામ'

**અમે ઋણી આપનાં.... અમને સંભાળજો... એ જ પ્રાર્થના...**
લીંબડી ગોપાલ સંપ્રદાયના શાસનરત્ન પ.પૂ. રામઉત્તમ સદ્‌ગુરુદેવ... તથા
અમારા શાહ પરિવારના સંયમી રત્નો...
**પ.પૂ. પ્રિયદર્શનાજી મ.સ. પ.પૂ. મનિષાજી મ.સ. પ.પૂ. ખ્યાતિજી મ.સ.**

### આપને સંભારતો સ્નેહાસક્ત પરિવાર

શ્રી જગદીશભાઈ - અ.સૌ. ભારતીબેન
ચિ. નિમેષ - અ.સૌ. નિકિતા
અ.સૌ. મનિષાબેન - મિનેશકુમાર
અ.સૌ. એષાબેન - ચિરાગભાઈ દોશી
પાર્થ નિમેષકુમાર શાહ

Advt.

Printed & Published by Pravinchandra G. Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 47, Dr. M. B. Velkar Street, 1st Floor,Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Mobile : 98675 40524. Editor : Sandhya B. Shah